વર્ષ : 13 ◆ અંક : 2
માર્ચ-એપ્રિલ 2023
સળંગ અંક : 74

कर भला होगा भला
- છગનભા




# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે



"રામભાઈ, તમે સાધુ છો જ. તમારે સાધુ થવાની જરૂર નથી તમે કેળવણી અને લોકકલ્યાણનાં કામ કરો છો તે સાધુનું જ કામ છે."

– પ્રમુખસ્વામી મહારાજ

❊



ભાગ્યજોગે અમે બંને એક જ વર્ગમાં ભણતા હતા. સત્સંગી હોવાને કારણે અમારે બંનેની પરમ મિત્રતા થઈ હતી, તેથી વર્ગમાં જ્યારે ફ્રી પિરિયડ હોય ત્યારે અમે સૌ સત્સંગી મિત્રો ફરતાં-ફરતાં રમતના મેદાન પર જતા ને સત્સંગ સંબંધી ગોષ્ઠિ કરતા. શ્રી રામભાઈએ ડૉક્ટર બન્યા બાદ કડીમાં દવાખાનું કર્યું. સેવાભાવી સ્વભાવને કારણે ગરીબ દર્દીઓને રાહતમાં કે સંપૂર્ણ ફ્રીમાં સારવાર આપતા. તેમના સરળ સ્વભાવને, યોગ્ય નિદાનને અને યોગ્ય સારવારને કારણે ખૂબ જ લોકપ્રિય બન્યા.

સર્વ વિદ્યાલયમાં કેળવણી લીધેલ તેથી તેનું સહેજે મમત્વ થાય, તેથી શ્રી માણેકલાલભાઈ સાથે રહી, સંસ્થાના વિકાસ માટે પ્રયત્નો કરતા. ત્યારે જ પોતે સંસ્થાના અધ્યક્ષ બન્યા ને સંસ્થાનો સર્વાંગી વિકાસ થાય તે માટે ખૂબ જ પરિશ્રમ કર્યો. શ્રી રામભાઈએ B.A.P.S. સંસ્થા પાસેથી 'પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ' માટે દાન મેળવી આપ્યું હતું. તેમણે સ્વયં પણ પોતાના પરિવારજનોની સ્મૃતિ માટે પણ સંસ્થામાં સહાય કરેલ છે, તેમજ સમાજજીવનની વિવિધ સંસ્થાઓમાં પણ સારી સેવા કરી છે.

– પૂજ્ય ભક્તિપ્રિયદાસજી સ્વામી
(સદ્‌ગુરુ સંત, BAPS સ્વામિનારાયણ સંસ્થા)



**BAPSના સદ્‌ગુરુ સંત પૂજ્ય ભક્તિપ્રિયદાસજીના સાંનિધ્યમાં ‘સર્વ વિદ્યાલય કેળવણી મંડળ’, કડીના સદ્‌ગત પ્રમુખ ડૉ. રામભાઈ પટેલની સ્મૃતિમાં સંપાદિત–પ્રકાશિત ગ્રંથ ‘વૈષ્ણવજન ડૉ. રામભાઈ પટેલ’ અને જીવનચરિત્ર ગ્રંથ, ‘સમાજહિતૈષી ડૉ. રામભાઈ પટેલ’ના લોકાર્પણ સમારોહનાં દશ્યો.**

સદ્‌ગુરુ સંત પૂજ્ય ભક્તિપ્રિયદાસજી, શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી વલ્લભભાઈ પટેલ વગેરે મહાનુભાવોના આગમનનાં દશ્યો.













## ગ્રંથ લોકાર્પણ સમારોહ પ્રસંગે દીપ પ્રાકટ્યનાં દૃશ્યો









મંચસ્થ મહાનુભાવો સર્વશ્રી સદ્‌ગુરુ સંત પૂજ્ય ભક્તિપ્રિયદાસજી, ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ શ્રી મનુભાઈ પટેલ, પ્રો. વિઠ્ઠલભાઈ પટેલ, ડૉ. જિતેન્દ્રભાઈ પટેલ, પ્રિ. ડાહ્યાભાઈ પટેલ અને શ્રી નવનીતભાઈ પટેલ મહાનુભાવોનાં સન્માનનાં દૃશ્યો



## ગ્રંથ લોકાર્પણ સમારોહ પ્રસંગે ઉદ્‌બોધન કરી રહેલા મહાનુભાવો...



સદ્‌ગુરુ સંત પૂજ્ય ભક્તિપ્રિયદાસજી...



શ્રી મનુભાઈ પટેલ...



શ્રી નીતિનભાઈ પટેલ...



શ્રી વલ્લભભાઈ પટેલ...



ડૉ. જિતેન્દ્રભાઈ પટેલ...



પ્રો. વિઠ્ઠલભાઈ પટેલ...



પ્રિ. ડાહ્યાભાઈ પટેલ...



ડૉ. મણિભાઈ પટેલ...



ડૉ. રમણભાઈ પટેલ...



ડૉ. જયંતીભાઈ પટેલ...



શ્રી કિરીટભાઈ પટેલ...

## ગ્રંથ લોકાર્પણ સમારોહ પ્રસંગે ઉપસ્થિત શ્રોતાજનોનાં દૃશ્યો











માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૩, અંક : ૨, માર્ચ-એપ્રિલ ૨૦૨૩; સળંગ અંક : ૭૪

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- **સંપાદકીય :** વિસરાયેલા પ્રબુદ્ધ ગ્રંથાલયી અને સંસ્કૃત-પ્રાકૃતના પ્રકાંડ પંડિત સી. ડી. દલાલ — મણિભાઈ પ્રજાપતિ 1
- **પ્રાસંગિક :** સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સદ્‌ગત પ્રમુખશ્રી ડૉ. રામભાઈ પટેલના સ્મૃતિગ્રંથ 'વૈષ્ણવજન ડૉ. રામભાઈ પટેલ' અને જીવનચરિત્ર 'સમાજહિતૈષી ડૉ. રામભાઈ'નો લોકાર્પણ સમારોહ 7

1. ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર : વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાલયનો ખાતમહોત્સવ પ્રસંગ, તા. 21-4-1923 17
2. ગુજરાતમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે નવો આયામ અને તેનો સૂચિતાર્થ — પ્રો કમલેશ જોષીપુરા 20
3. બૉમ્બે હાઈકોર્ટના પ્રથમ ભારતીય ચીફ જસ્ટિસ એમ. સી. ચાગલા — શરદભાઈ શાહ 23
4. સુ-લેખન : સમસ્યા અને ઉપાય — તુલસીભાઈ પટેલ 30
5. ગુરુત્વાકર્ષણ બળ...1 — વિઠ્ઠલભાઈ અં. પટેલ 31
6. વિશ્વસાહિત્યની અટારીએથી : સ્વેત્લાના એલેક્સીવિચ (બેલારૂસ) (નોબલ પ્રાઇઝ : 2015) 36
7. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ 39
   – દસ્તાવેજ સંગ્રહ, ભાગ-2 : બ્રિટિશકાલના અને અન્ય દસ્તાવેજો / લેખન - સંપાદન : રસિલા કડિયા
8. સંસ્થા સમાચાર
   – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ 43
   – શાળા વિભાગ 46


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### વિસરાયેલા પ્રબુદ્ધ ગ્રંથાલયી અને સંસ્કૃત-પ્રાકૃતના પ્રકાંડ પંડિત સી. ડી. દલાલ (૧૮૮૧-૧૯૧૮)

પૌર્વાત્ય સાહિત્યનાં પ્રકાશનો માટે જગવિખ્યાત **'Gaekwad's Oriental Series'**ના નામ અને તેનાં સંશોધન-અધ્યયનપૂત પ્રકાશનોથી વિનયન વિદ્યાશાખા સાથે સંકળાયેલ કોઈ જાગરૂક ગ્રંથાલયી ભાગ્યે જ અજ્ઞાત હશે. આવી વિદ્વત્ત ગ્રંથમાળાની પ્રસ્થાપના માટે જેમનાં અસાધારણ વિદ્વત્તાસભર કાર્યોએ વિદ્યાપ્રેમી મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ-ત્રીજાને ઉદ્યત કર્યાએ **પ્રબુદ્ધ સંસ્કૃતજ્ઞ ગ્રંથાલયી સી. ડી. દલાલ** (સ્વ. ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ)નો ગ્રંથાલયી તરીકેનો કાર્યકાળ/જીવનકાળ ખૂબ જ ટૂંકો-પ્રાયઃ 8 વર્ષ જેટલો રહ્યો હતો. આ સમયગાળામાં વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરીના સંસ્કૃત વિભાગના લાઇબ્રેરિયન તરીકેની કામગીરી સંભાળવાની સાથે સવિશેષતઃ પોતે સંસ્કૃત-પ્રાકૃતના પ્રકાંડ પંડિત હોઈ હસ્તપ્રતોના વાંચન અને પાઠનિર્ધારણ કાર્યમાં અકુતોભય પાંડિત્ય હસ્તગત કરેલ હોવાથી સંસ્કૃત હસ્તપ્રતોની પ્રાપ્તિ - Collection development, પાટણ અને જેસલમેરના જૈન જ્ઞાનભંડારોનું સર્વેક્ષણ અને સૂચિ સંપાદન, હસ્તપ્રતોના આધારે કેટલીક કૃતિઓનું સંપાદન વગેરે કાર્યોમાં આકંઠ વ્યસ્ત રહ્યા હોવાથી તેઓશ્રીનું નામ ગ્રંથાલય વ્યવસાયિક ક્ષેત્રમાં પ્રાય વિસરાઈ ગયું છે, જ્યારે સંસ્કૃત વિદ્યાજગતમાં આજે પણ આદર સાથે તાજું જ રહ્યું છે. પ્રસ્તુત ગ્રંથમાળા (G.O.S.) હેઠળ તેમના દ્વારા સ્વતંત્ર રીતે સંપાદિત 7, ગ્રંથો જેમાં, 'पार्थपराक्रमव्यायोग', 'लिंगानुशासन', 'वसंतविलास' 'रुपकषटक', 'हम्मीरमदमर्दन',

'गणकारिका' તથા પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ અને અન્યોના સહયોગમાં काव्यमीमांसा, नरनारायणानंद, उदयसुन्दरीकथा, लेखपद्धति, भविष्यत्तकहा, A Descriptive Catalogue of the Plamleaf and important paper Mss. in the Bhandaras at Jesalmer' અને 'A Descriptive Catalogue of Mss. in the Bhandaras at Pattan'નો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨ ગ્રંથો - 'राष्ट्रौढवंश' અને 'मोहपराजय'ની પ્રસ્તાવના તેમણે તૈયાર કરી છે. આ બધા જ ગ્રંથો G.O.S. નંબર 1, 2, 4, 5, 6, 7, 8, 9, 10, 11, 13, 15, 19, 20, 21 અને 76 હેઠળ પ્રકાશિત થયા છે. આ પૈકી કેટલાક ગ્રંથો મરણોત્તર પ્રગટ થયા હતા.

આ બધા ગ્રંથો ઉપરાંત 'જૈનશાસન', 'બુદ્ધિપ્રકાશ', 'વસંત', 'સાહિત્ય', 'લાઇબ્રેરી મિસેલેની' વગેરે સામયિકોમાં તેમના સંસ્કૃત ભાષા-સાહિત્ય, ઇતિહાસ વગેરે વિષયક સંશોધનાત્મક અને વિદ્વત્તાપૂર્ણ લેખો પ્રકાશિત થતા રહ્યા હતા. આ પૈકી પસંદગીના 23 લેખોની સૂચિ જયંત પ્રે. ઠાકર દ્વારા વિવિધ સામયિકો ફંફોસી જોઈને તેમના વિસ્તૃત અને અધ્યયનશીલ લેખ 'ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ : એક સ્મણાંજલિ'માં આપી છે. તેમનું વિશેષ નોંધપાત્ર કાર્ય એ છે કે તેમણે સપ્ટેમ્બર 1914થી સતત ત્રણ માસ સુધી પાટણમાં રોકાઈને ત્યાંના જૈન જ્ઞાનભંડારોમાં સંગૃહીત હસ્તપ્રતોનું ઝીણવટપૂર્વક અવલોકન કરીને સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી વગેરે ભાષાઓની મૂલ્યવાન અને અપ્રગટ કૃતિઓ સંબંધી અહેવાલ તૈયાર કર્યો. ઉલ્લેખનીય છે કે તેમની પૂર્વે આ ભંડારોનું નિરીક્ષણ કર્નલ ટૉડ, એ કે ફાર્બસ, જ્યૉર્જ બ્યૂહલર, આર. જી. ભાંડારકર, મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને પિટર પિટર્સન દ્વારા 1822થી 1886 દરમિયાન કરવામાં આવ્યું હતું; પરંતુ આ પૈકી કોઈ પણ વિદ્વાનને આ ભંડારોની બધી જ હસ્તપ્રતોનું નિરીક્ષણ કરવા દેવામાં આવ્યું ન હતું; પરંતુ દલાલની વિદ્વત્તા અને સમર્પિતતાથી જૈન મુનિ ભગવંતો અને શ્રેષ્ઠીઓએ પ્રસન્નતા અનુભવતાં બધી જ હસ્તપ્રતોના નિરીક્ષણની અનુમતિ પ્રદાન કરી હતી.

પાટણના વિવિધ ભંડારોમાં સંગૃહીત 658 તાડપત્રીય અને 13000 જેટલી કાગળ ઉપરની હસ્તપ્રતો પૈકી 658 તાડપત્રની અને 1000 કાગળની પસંદગીની હસ્તપ્રતો તપાસીને તાડપત્રીય હસ્તપ્રતોનું વર્ણનાત્મક સૂચિપત્ર (1937) તૈયાર કર્યું અને આ સાથે વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો. આ અહેવાલમાં પાટણના વિવિધ વાડાઓના ભંડારોમાં સ્થિત હસ્તપ્રતોનું અવલોકન કરીને સટિપ્પણ નોંધ તૈયાર કરવા ઉપરાંત સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી ભાષાની મહત્ત્વપૂર્ણ અને અલભ્ય હસ્તપ્રતોની યાદી આપી છે. આ સાથે જ પાટણના ભંડારોમાં સંગૃહીત હસ્તપ્રતો વિશેનું તેમનું અવલોકન 'It is a matter of regret that out of the Bhandaras founded by Kumarapala and Vastupal and other Jain Ministers, no Bhandara is at present extant. No single Ms writeen at the command of Kumarpala is to be found in the Pattan Bhandaras. This is accounted for by the fact that Kumarpala's successor Ajayapala was a great hater of Jains and Jainism, and tried his level best to destroy the Jain literature. Minister Udayana and others at that time removed the Mss form Pattan to Jesalmere and other unknown places. The palmleaf Mss. at Jesalmer are mainly from Pattan. The libraries founded by Vastupla met the same fate, parheps at the hands... of Mahomedans'' (Pattan catalogue (1937) : 33) સુચિંતનીય બની રહે છે.

આ અહેવાલ મહારાજા સાહેબને રજૂ કરતાં તેમણે 'ગાયકવાડ'સ ઓરિએન્ટ સિરિઝ'ની પ્રસ્થાપના કરીને આ અંતર્ગત મહત્ત્વપૂર્ણ કૃતિઓ પ્રકાશિત કરવાનો આદેશ કર્યો હતો, જેનો પ્રારંભ સી. ડી. દલાલ અને આર. અનંતકૃષ્ણ શાત્રી દ્વારા સંપાદિત **'काव्यमीमांसा'** ગ્રંથથી **1916**માં થયો હતો. આજે પણ આ ગ્રંથમાળા હેઠળ પૌર્વાત્ય વિદ્યાનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવી રહ્યાં છે. આ ગ્રંથમાળા અંતર્ગત An Alphabetical List of Manuscrips in the Oriental Institute, Vadodara, Vol. Vનું G.O.S. no 188 હેઠળ વર્ષ 2020માં પ્રકાશન કરવામાં આવ્યું છે. સદર અહેવાલના

આધારે તેમણે 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના પાંચમા અધિવેશનમાં 'પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગુજરાતી સાહિત્ય' શીર્ષક હેઠળ રજૂ કરેલ લેખ વિદ્વાનો દ્વારા ભારે પ્રશંસા પામ્યો હતો.

પાટણના ભંડારોના કેટલોગ ઉપરાંત જેસલમેરના જૈન ભંડારોની 1916માં મુલાકાત લઈ તેનું વર્ણનાત્મક સૂચિપત્ર તૈયાર કર્યું, જેમાં 347 તાડપત્રીય અને 72 કાગળની હસ્તપ્રતનો સમાવેશ કરવામાં આવ્યો છે કમનસીબે ઇન્ફ્લુએન્ઝાની બીમારીના કારણે શ્રી દલાલનું 1918માં અણધાર્યું અવસાન થતાં આ બંને કેટલોગ્સનું કાળજીપૂર્વક સંપાદન આવશ્યક પરિશિષ્ટો સાથે લાલ ચન્દ્ર ભગવાનદાસ ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેટલોગ પૈકી જેસલમેરનું કેટલોગ્સ 1923માં અને પાટણનું 1937માં ગાયકવાડ ઓરિએન્ટલ સિરિઝમાં અનુક્રમે ક્રમાંક 21 અને 76 હેઠળ કરવામાં આવ્યું છે. આ બંને ભંડારો ઉપરાંત તેઓશ્રી 'સિરોહી, બિકાનેર, જોધપુર, જૂનાગઢ, તારાપુર, ખંભાત, ખેડા, માતર અમદાવાદના ભંડારોની મુલાકાત લઈ 15000 પ્રતો તપાસી એમાંથી પોતાના વિભાગ માટે 300 પ્રતો એકઠી કરી લાવ્યા.' (કાન્તિભાઈ બી. શાહ અને મુગટલાલ પો. બાવિસી, 'ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ' જૈન વિશ્વકોશ, ખંડ-3 (2018, : 112).

સ્વ. દલાલના બહુશ્રુત અને બહુઆયામી પ્રદાનની નોંધ લેતાં તેમના સન્મિત્ર અને 'બુદ્ધિપ્રકાશ'ના તત્કાલીન સંપાદક હીરાલાલ પારેખે તેમને શ્રદ્ધાંજલિ આપતા લેખમાં નોંધ્યું છે કે 'વડોદરા લાઇબ્રેરી મિસેલેની'ના ત્રિમાસિક માટે લેખ લખી મોકલવાને રા. ભાઈ ચિમનલાલ દલાલને મેં આગળ વચન આપ્યું હતું; પરંતુ તે વખતે મને લેશ પણ ખ્યાલ ન હતો કે, એ લેખમાં મારે પ્રથમ તે ભાઈના અકાળ ને ખેદકારક અવસાનની દુ:ખદ નોંધ લેવી પડશે... તેમના કાર્યની અને કારકિર્દીની હજી શરૂઆત થતી હતી પણ એટલા ટૂંકા સમયમાં તેમણે પોતાના વિષયમાં એટલો કાબૂ અને નિપુણતા મેળવ્યાં હતાં કે, તેમની સાથે કોઈ પણ મહત્ત્વના વિષયપર - ખાસ કરીને પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસપર - વાતચીત અને ચર્ચા કરવી એ તો ખરેખર આનંદદાયક થઈ પડતું અને તેમની વિદ્વત્તા અને જ્ઞાન માટે બેશક માન ઉત્પન્ન થતું. વળી તે માટે તેમની તૈયારી એટલા ઊંચા પ્રકારની હતી અને તેમની માહિતી અને સાધન એટલા બહોળાં હતાં કે તેમના આરંભના પ્રયાસો વિદ્વાનોના આદરને પાત્ર થઈ ભારે પ્રશંસા પામ્યા હતા' ('લાઇબ્રેરી મિસેલેની', જાન્યુઆરી-એપ્રિલ, 1919 : 6-7). વિખ્યાત પ્રાચ્યવિદ્યાવિદ્ ડૉ. ભોગીલાલ સાંડેસરાએ પણ સ્વ. દલાલના તૈલચિત્રનું 'પ્રાચ્યવિદ્યા મંદિર'માં તત્કાલીન કુલપતિ ડૉ. જ્યોતીન્દ્ર મહેતાના વરદહસ્તે અનાવરણ કરવાના પ્રસંગે સ્વ. દલાલના કાર્યને નવાજતા લેખમાં નોંધ્યું છે કે ''He created a tradition of scholarship by his devoted work on the highest scientific lines. He was the pioneer who laid the solid foundations of the future research-works of the Oriental Institute. The Gaekwad's Oriental Series and the Oriental Institute are lasting monuments to C. D. Dalal'' (Shri C. D. Dalal. Journal of Oriental Institute, 1962 : 184-186).

શ્રી દલાલને પ્રારંભમાં સેન્ટ્રલ લાઇબ્રેરીમાં ગ્રંથપાલ તરીકે નિમણૂક આપવામાં આવી હતી, જ્યાં તેમણે એક ગંથપાલ તરીકે, કેટલોક સમય સંદર્ભ ગ્રંથપાલ તરીકે તો ત્યાર બાદ કેટલોક સમય ગુજરાતી વિભાગના ગ્રંથપાલ તરીકે વિવિધ ફરજો અદા કરી હતી. છેલ્લે તેમને સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી ભાષા-સાહિત્ય ઉપરના અસાધારણ પ્રભુત્વને ધ્યાને લેતાં સંસ્કૃત વિભાગના લાઇબ્રેરિયનપદે આસનસ્થ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે અવસાનપર્યંત સેવાઓ આપી હતી. આ સંગ્રહને વર્ષ **1927**માં સ્વતંત્ર સંસ્થા **'Oriental Institute' = 'પ્રાચ્યવિદ્યા મંદિર'** તરીકે નામાભિધાનિત કરવામાં આવ્યો છે. આ સંગ્રહની હસ્તપ્રતોની પસંદગીમાં તેમનું અને આર. અનંતકૃષ્ણ શાસ્ત્રીનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે.

સમગ્ર ભારતમાં ગ્રંથાલયશાસ્ત્રના પ્રથમ સામયિકનું શ્રેય જેના શિરે રહે છે તે વડોદરા રાજ્યની 'સેન્ટ્રલ લાઇબ્રેરી' દ્વારા પ્રકાશિત ત્રૈમાસિક **'લાઇબ્રેરી મિસેલેની = Library Miscellany'** (ઑગસ્ટ-1912)ના ગુજરાતી વિભાગના સંપાદનની જવાબદારી પણ તેમને સોંપવામાં આવી હતી, જે તેમણે

અવસાનપર્યંત (1918) પ્રતિબદ્ધતા સાથે સમર્પિત બની રહીને નિભાવી હતી. દુઃખ સાથે નોંધવું પડે છે કે આ સામયિકનું પ્રકાશન પણ વર્ષ 1919 ના અંક : 3-4 (જુલાઈ-ઑક્ટોબર) બાદથી બંધ કરવામાં આવ્યું હતું. આ સામયિકમાં અંગ્રેજી, ગુજરાતી અને મરાઠી ભાષામાં લેખો પ્રકાશિત કરવામાં આવતા હતા. અત્રે સ્પષ્ટતા કરવી રહી કે આ સામયિકના કવર પૃષ્ઠ ઉપર સંપાદક તરીકે ફક્ત જે. એસ. કુડાલકર, એમ.એ. એલ.એલ.બી.નો ઉલ્લેખ છે. ગુજરાતી વિભાગની જવાબદારી સી. ડી. દલાલ સંભાળતા હતા તે સંબંધી કોઈ જ ઉલ્લેખ જોવા મળ્યો નથી. આ લખનારે **'લાઇબ્રેરી મિસેલેની'**ના બધા જ અંકોની સી.ડી. (વૉલ્યુમ-1 ઑગસ્ટ, 2012થી વૉલ્યૂમ 6, અંક નં. 3 અને 4 જુલાઈ અને ઑક્ટોબર, 1919) કૌશિક શાહ (ડાયરેક્ટર ઑફ પબ્લિક લાઇબ્રેરિઝ, ગુજરાત રાજ્ય) દ્વારા અંગત રસ લઈને વર્ષ 2017માં તૈયાર કરાવવામાં આવી હતી તે તપાસી લીધી છે, જેમાં આ સંબંધી પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ નિર્દેશ નથી. પરંતુ સી. ડી. દલાલનું અવસાન થતાં તેમના મિત્ર અને 'બુદ્ધિપ્રકાશ'ના સંપાદક હીરાલાલ પારેખકૃત શ્રદ્ધાંજલિ લેખ 'સ્વ. ભાઈ ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ, એમ. એ.' શીર્ષક હેઠળ 'લાઈબ્રેરી મિસેલેની' વર્ષ-6, અંક 1 અને ૨, 1919ના ગુજરાતી વિભાગના પૃ. નં. 6-16 માં પ્રકાશિત છે તેમાં નોંધ્યું છે કે 'નવી લાઇબ્રેરી પદ્ધતિનો પ્રચાર કરવા અને તેના જ્ઞાનનું સાહિત્ય ઉત્પન્ન કરવા, લાઇબ્રેરી ખાતા તરફથી એક લાઇબ્રેરી ત્રૈમાસિક કાઢવાની યોજના કરવામાં આવી. આમાંના ગુજરાતી વિભાગનું બધું જ કામ અને તેનું તંત્રીપદ રા. દલાલને સોંપાયું. એ ઉપરાંત સંસ્કૃત પુસ્તકોનું શાસ્ત્રીય ધોરણ પર વર્ગીકરણ કરવાનું કાર્ય તેમણે હાથ ધર્યું અને તે કાર્ય સંપૂર્ણ ફતેહમંદ થાય તે માટે દેશના જુદા જુદા વિદ્વાનોને પત્ર લખી તેમના અભિગમ અને સૂચનાઓ મેળવ્યાં. આ રીતે લગભગ ત્રણેક વર્ષ આ નવા લાઇબ્રેરી વિષયનું જ્ઞાન સંપાદન કરવામાં અને તેનો પ્રચાર કરવામાં અને તેનું સાહિત્ય તૈયાર કરવામાં તેમણે ગાળ્યાં.' આ ઉપરાંત ઉપર્યુકત અંકના અંગ્રેજી વિભાગમાં પૃ. 10-14 ઉપર 'The Late Mr. C. D. Dalal' શીર્ષક હેઠળના કોઈ અજ્ઞાતકર્તાના [સંભવત : સંપાદક : જે. એસ. કુડાલકર] લેખમાં સુસ્પષ્ટ નોંધ્યું છે કે સ્વ. દલાલ 'Library Miscelleny'ના પ્રારંભકાળથી જ તેના – Associate editor હતા અને ગુજરાતી વિભાગની સંપૂર્ણ જવાબદારી તેઓ સંભાળતા હતા. વધુમાં, તેમના વિદ્વત્ત અને સામર્થ્યશીલ સંપાદકત્વ વિશે નોંધ્યું છે કે : 'How by his able and scholarly articles he made the 'Library Miscellany' popular in the Gujarati reading public and was instrumental in spreading far and wide the gospel of the Public Library in Gujarat is known to all the Gujaratis. But it is not only as the Gujarati editor of the 'Library Miscellany' that we have to appreciate his valuable work. As a member of the staff of the Baroda Central Library and as an excellent scholar of Gujarati & Sanskrit literature he has placed the Baroda State, the whole of Gujarat and the Sanskrit literary world under a heavy debt of gratitude' (P.10). આ જ વાતની પુષ્ટિ ડૉ. ભોગીલાલ સાંડેસરા અને જયંત પ્રે. ઠાકર દ્વારા સ્વ. દલાલના અવસાનના ચાર દશક બાદ પ્રકાશિત તેમના લેખોમાં કરવામાં આવી છે.

પ્રસ્તુત સામયિકના પ્રથમ અંકમાં તેનો ઉદેશ્ય સ્પષ્ટ કરતાં નોંધેલ શબ્દો 'પુસ્તકાલય વિશે લોકોમાં જાગૃતિ ઉત્પન્ન કરવાનો, યુરોપ, અમેરિકાદિ દેશોમાં તથા હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં પુસ્તકાલય સંબંધી પ્રગતિથી તેઓને વાકેફ રાખવાનો, સહયોગી લાઇબ્રેરિયનોને પુસ્તકાલયશાસ્ત્રના વિવિધ અંગોનું જ્ઞાન આપવા, પુસ્તકાલયની જનસમૂહ તરફ ફરજો દર્શાવવાનો તથા પુસ્તકો તથા પુસ્તકાલયો સંબંધી વિષયો ચર્ચવાનો આ પત્રનો ઉર્દેશ છે.' ધ્યાનાર્હ બની રહે છે, જ્યારે અંગ્રેજી ભાષાના લેખોથી પ્રારંભ થતા પ્રથમ વિભાગમાં આ સામયિકના ઉર્દેશ વિશે આ પ્રકારની સ્પષ્ટતાસૂચક નોંધ જોવા મળી નથી.

ગુજરાતી વિભાગમાં પ્રકાશિત કરવામાં આવેલા લેખોની સંખ્યા અને તેનું વિષય વૈવિધ્ય પણ ભરપૂર જોવા મળે છે, જેમ કે 'વર્ગીકરણ પદ્ધતિ', 'દેશ-વિદેશનાં વિવિધ ગ્રંથાલયો અને ગ્રંથાલયોના અહેવાલો જેમ કે,

'મદ્રાસ ઓરિએન્ટલ મેન્યુસ્ક્રિપ્ટસ લાઇબ્રેરી', 'ઇમ્પિરિઅલ લાઇબ્રેરી', 'બ્રિટિશ મ્યુઝિયમ લાઇબ્રેરી', 'ન્યૂ યૉર્ક પબ્લિક લાઇબ્રેરી', 'યુદ્ધસામગ્રી રાષ્ટ્રીય સંગ્રહ', 'ઑસ્ટ્રેલિયાનાં સાર્વજનિક ગ્રંથાલયો', 'પ્રાચીન સમયનાં ગ્રંથાલયો', વડોદરા રાજ્ય દ્વારા પ્રકાશિત પુસ્તકો પૈકી પસંદગીનાં પુસ્તકોની ટૂંકી સમાલોચના, ગુજરાતી અને સંસ્કૃત પુસ્તકો માટે વર્ગીકરણ પદ્ધતિ, પાટણના જૈન જ્ઞાનભંડારોમાં સંગૃહીત મહત્ત્વપૂર્ણ હસ્તપ્રતોની યાદી સાથેનો વિદ્વત્ત અહેવાલ, 'પુસ્તકાલયશાત્રનું શિક્ષણ', 'પુસ્તકાલય કેટલોગ લેખન', 'એકસેસનિંગ', 'લાઇબ્રેરિયનની પસંદગી, 'છોકરાંઓનું પુસ્તકાલય', 'ફરતાં પુસ્તકાલયો', 'અંધજનો માટે ગ્રંથાલય', પસંદગીનાં ગુજરાતી ભાષાનાં પુસ્તકોની અને પત્ર-પત્રિકાઓની વર્ગીકૃત યાદીઓ, ગ્રંથપાલની પસંદગી વગેરેનો સમાવેશ થાય છે. આ બધા લેખોથી - ગુજરાતી વિભાગની – કુલ પૃષ્ઠ સંખ્યા 631 છે.

'Library Miscelleny'નાં પ્રકાશિત કુલ 6 વૉલ્યૂમ્સ (1912-1919)ના ગુજરાતી વિભાગમાંથી પસાર થતાં જોવા મળ્યું છે કે ફક્ત પ્રથમ વૉલ્યૂમના પ્રથમ અંકના લેખ નંબર-3 'પુસ્તકાલય તરફ જનસમૂહની ફરજો'ના લેખક તરીકે રા. નાથાલાલ કા. શાહના ઉલ્લેખ સિવાય બાકીના કોઈ પણ અંકમાં સમાવિષ્ટ લેખોના લેખકના નામનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. આથી સહજ રીતે પ્રશ્ન ઉદ્‌ભવે છે કે આ લેખોનો લેખક કોણ ? જયંત પ્રે. ઠાકરે સ્વ. દલાલના અવસાનના ચાર દશક બાદ દલાલ વિશે લખેલ લેખમાં દલાલની 'લેખનશૈલી, ભાષા અન્ય લખાણો સાથેની તુલનાના આધારે' 'લાઇબ્રેરી મિસેલેની'માં પ્રગટ કરવામાં આવેલા બધા જ લેખોના લેખકનું શ્રેય દલાલને આપ્યું છે. દલાલના સમકાલીન હીરાલાલ પારેખે તો આગળ ઉપર નિર્દેશ કરેલ લેખમાં જણાવ્યું છે કે 'આમાંના ગુજરાતી વિભાગનું બધું જ કામ અને તેનું તંત્રીપદ રા. દલાલને સોંપાયું'. આ સંદર્ભે મહત્ત્વપૂર્ણ સાબિતી તો 'લાઇબ્રેરી મિસેલેની'ના વૉ-6, અંક નંબર 1 અને 2માં સંપાદક કુડાલકરે (?) સ્વ. દલાલને શ્રદ્ધાંજલિ આપતા લેખના પ્રથમ ફકરામાં નોંધેલ શબ્દો : ''by his able and scholarly articles he made the 'Library Miscelleny' popular and was instrumental in spreading''માં સ્પષ્ટ પ્રતિફલિત થાય છે કે આ બધા લેખોનું કર્તૃત્વ સ્વ. દલાલના શિરે રહે છે. જો અન્ય કોઈ દ્વારા લેખ/લેખો લખવામાં આવ્યા હોત તો જે તે લેખકના નામનો ચોક્કસપણે નિર્દેશ કરવામાં આવ્યો હોત. આ સામયિકના અંગ્રેજી વિભાગમાં ઘણું કરીને લેખના લેખકના નામનો નિર્દેશ કરવાની પ્રથા અપનાવેલી જોવા મળે છે. સ્વ. દલાલની અધ્યયનનિષ્ઠાને અને આ લેખોની ભાષા-શૈલીને ધ્યાને લેતાં તેનું કર્તૃત્વ નિઃશંકપણે સ્વ. દલાલના શિરે રહે છે.

અંગ્રેજી ભાષામાં પ્રગટ થયેલો તેમનો લેખ 'Scheme of Classification for Sanskrit Libraries' (Vol. I, no. 1 August, 1912) : 3-8માં સંસ્કૃત પુસ્તકોના વર્ગીકરણનો કોઠો તૈયાર કરી આપવાની સાથે વર્ગીકરણ પદ્ધતિ વિશેનું તેમનું અવલોકન 'But those libraries, as those in the medieavel times in Euope, did not know of any scientific classification' The essentials of a good scheme of classification are that it should be universal in scope, essay to apply, logical and scientific, flexible and expansive. The scheme which is here submitted for discussion and suggestions is comprehensive as far as it does not omit or neglect any branch of knowledge that is found, or to be found, in Sanskrit librature' તેમજ ગુજરાતી પુસ્તકોના વર્ગીકરણ માટેના લેખ પુસ્તકાલયો વાસ્તે 'ગુજરાતી વર્ગીકરણ પદ્ધથિ ( ઓગસ્ટ 1912) 9-46; નવેમ્બર (1912) 24-32)માં આ વિશેનું તેમનું ચિંતન 'વર્ગીકરણની પદ્ધતિ શાસ્ત્રીય હોવી જોઈએ. એટલું જ નહિ પણ તે ઉપરાંત ઓછી ખર્ચાળ, સહેલાઈથી સમજી શકાય એવી સિદ્ધાંતાત્મક કરતાં વધારે ક્રિયાત્મક, ટૂંકી અને પરિમિત અંકન પદ્ધતિવાળી (notation), નાનામાં નાનાથી મોટામાં મોટા પુસ્તકાલયને લાગુ પાડી શકાય એવી, વિસ્તારલક્ષી અને સાહિત્યના ભવિષ્યના વિકાસને ધ્યાનમાં લેનારી હોવી જોઈએ. ગુજરાતી સાહિત્ય અત્યારે સંક્રમિત યુગમાં છે. અને તેથી આવી પદ્ધતિ જે તેને કઈ દિશામાં દોરાવવાની

જરૂર છે તેની આવશ્યકતા નિર્વિવાદ છે' તજ્જ્ઞ વર્ગીકરણકારનું દ્યોતક બની રહે છે. આ જ રીતે 'પ્રાયોગિક વર્ગણા' શીર્ષક હેઠળના લેખ (વૉ. 1, અંક-3, ફેબ્રુઆરી 1913 અને અંક 4 મે 2013)માં વર્ગીકરણ પ્રાયોગિકની સમજૂતી આપવાની સાથે કોઈ પુસ્તકનું વર્ગીકરણ કરતાં પૂર્વે ધ્યાનમાં લેવા જેવી બાબતોની શીખ આજે એક સદી બાદ પણ તરોતાજા બની રહે છે. ગુજરાતી પુસ્તકો માટેની વર્ગીકરણ પદ્ધતિમાં તો તેમણે પ્રત્યેક વિભાગમાં કેવાં પુસ્તકો સમાવિષ્ટ કરી શકાય તેનું એક એક ઉદાહરણ પણ આપ્યું છે. સૂચિકરણના હાર્દને ઉજાગર કરતું તેમનું મંતવ્ય ''જ્ઞાન તથા ડહાપણ તેના સાધકને થાય તથા પુસ્તકાલયનો ભંડાર ઢાંકેલો ન રહે તે વાસ્તે પુસ્તકાલયમાં સારા શબ્દાનુક્રમણિકાવાળા કેટલોગની જરૂર છે'' - (1.1. પૃ. 10) પણ સુચિંતનીય બની રહે છે. તેમણે ગ્રંથાલય વ્યવસ્થાપન સંબંધી આનુષંગિક કામગીરી ઉપરાંત વડોદરા રાજ્યના જિલ્લાઓના ગ્રંથપાલોને પ્રશિક્ષિત કરવા હેતુસરના સેન્ટ્રલ લાઇબ્રેરી દ્વારા ટૂંકા સમયગાળાના કોર્સિસ શરૂ કર્યા હતા તેના પ્રશિક્ષક તરીકે તથા આસિસ્ટન્ટ પ્રેસ રિપોર્ટર તરીકે પણ કેટલોક સમય સેવાઓ આપી હતી.

ગ્રંથાલયશાસ્ત્રના વ્યાપક વિષયફલકને આવરી લેતા તેમના લેખોમાંથી પસાર થતાં તેમની મૌલિકતા અને વિષય ઉપરના પ્રભુત્વની સહજમાં પ્રતીતિ થાય છે. આ સાથે જ દેશ-વિદેશની ગ્રંથાલય પ્રવૃત્તિ અને વિવિધ પ્રકારનાં ગ્રંથાલયોથી તરોતાજા રહેવાનું વલણ પણ ધ્યાનાર્હ બની રહે છે.

ઉલ્લેખનીય છે કે સંસ્કૃત ભાષા-સાહિત્યના પ્રકાંડ પંડિત અને મેધાવી ગ્રંથાલયી એવા જૈનધર્માવલમ્બી સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલનું મૂળ વતન પાટણ, પરંતુ તેમના વડવાઓ છેલ્લી બે પેઢીથી વ્યવસાય અર્થે અમદાવાદમાં સ્થાયી થયા હતા. તેમના પિતાનું નામ ડાહ્યાભાઈ સાંકળચંદ દલાલ. તેમનો પરિવાર રૂની દલાલી કરતો હતો. તેમનો જન્મ ખેડામાં 1881 (વિ. સં. 1937ના ચૈત્ર માસ)માં થયો હતો. અને અવસાન વડોદરામાં ઇન્ફ્લુએન્ઝાના રોગના કારણે 3 ઑક્ટોબર, 1918ના રોજ થયું હતું. તેમણે ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ, ટંકશાળ, અમદાવાદમાંથી મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યા બાદ ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી બી.એ. (સંસ્કૃત અને અંગ્રેજી) સુધીનો અભ્યાસ કરીને વર્ષ 1908માં આ ડિગ્રી મેળવી હતી. અહીંના અભ્યાસ દરમિયાન તેઓશ્રી પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવના તેજસ્વી અને પ્રીતિપાત્ર વિદ્યાર્થી રહ્યા હતા. વર્ગમાં પ્રથમ ક્રમે બી.એ.ની પરીક્ષા પાસ કરતાં તેમને 'દક્ષિણા ફેલોશિપ' એનાયત થઈ હતી. વર્ષ 1910માં એમ.એ.ની પરીક્ષા મુખ્ય વિષય સંસ્કૃત અને વૈકલ્પિક વિષય તરીકે વ્યાકરણશાસ્ત્ર સાથે પાસ કરી હતી. સ્વાભાવિક છે કે એમ.એ. ની ડિગ્રી મેળવતાં તેમને મોભાદાર નોકરી મળી રહેત. પરંતુ આ સમયગાળામાં વડોદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં અમેરિકન ગ્રંથાલયી ડબલ્યૂ એ. બોર્ડનના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવનાર એક વર્ષની અવધિના ગ્રંથપાલ પ્રશિક્ષિણ વર્ગમાં પ્રવેશ હેતુ જાહેરાત આવતાં ફક્ત રૂ. ૨૫ની માસિક શિષ્યવૃત્તિ મેળવીને આ વર્ગમાં જોડાયા. આ વર્ગમાં જોડાનારાઓ પૈકી એક માત્ર તેઓશ્રી એમ.એ. થયેલા હતા. આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ બધા જ (કુલ 11) વિદ્યાર્થીઓને સેન્ટ્રલ લાઇબ્રેરીમાં નિમણૂક આપવામાં આવી હતી. નોંધવું રહ્યું કે તેમના કાર્યથી પ્રભાવિત થતાં **મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ** દ્વારા 1917માં **'રાજ્યરત્ન'**ના **'રજત-ચંદ્રક'** સાથે રૂપિયા 500નો પુરસ્કાર એનાયત કરીને તેમજ ઉચ્ચ હોદ્દા ઉપર પ્રમોશન આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ખાસ ગર્વરૂપ ઘટના તો એ છે કે આ મહાન પ્રતિભાપુરુષના તૈલચિત્રનું અનાવરણ ચાર દશક બાદ 'પ્રાચ્યવિદ્યા મંદિર'માં ઈ. સ. 196૨માં તત્કાલીન કુલપતિ ડૉ. જ્યોતીન્દ્ર મહેતાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ભોગીલાલ સાંડેસરા, સ્વ. ચિમનલાલ દલાલનાં પત્ની વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. સાંડેસરા સાહેબે આ ઘટનાનાં સંસ્મરણો વર્ણવતાં નોંધ્યું છે કે ઔપચારિક વાતચીતમાં સ્વ. દલાલનાં પત્નીએ જણાવ્યું હતું કે અમે પણ મૂળ પાટણનાં વતની છીએ.

**ઋણ સ્વીકાર :**

આ લેખમાં **'લાઇબ્રેરી મિસેલેની'**ના અંકો ઉપરાંત હીરાલાલ પારેખ, જે. એસ. કુડાલકર, ડૉ. ભોગીલાલ સાંડેસરા અને જયંત પ્રે. ઠાકરકૃત આગળ ઉપર નિર્દેશિત લેખોનો સાભાર આધાર લેવામાં આવ્યો છે.

**- મણિભાઈ પ્રજાપતિ**

# પ્રાસંગિક

## BAPSના સદ્ગુરુ સંત ભક્તિપ્રિયદાસજીના સાંનિધ્યમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સદ્ગત પ્રમુખશ્રી ડૉ. રામભાઈ પટેલના સ્મૃતિગ્રંથ 'વૈષ્ણવજન ડૉ. રામભાઈ પટેલ' અને જીવનચરિત્ર 'સમાજહિતૈષી ડૉ. રામભાઈ'નો લોકાર્પણ સમારોહ.

પૂજ્યપાદ બ્રહ્મલીન પ્રમુખસ્વામી મહારાજના કૃપાપાત્ર, BAPS સ્વામિનારાયણ સંસ્થાના સદગુરુ સંત પૂજ્ય ભક્તિપ્રિયદાસજી મહારાજના સહાધ્યાયી અને સન્મિત્ર, તેમજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પૂર્વ-પ્રમુખ સદ્ગત ડૉ. રામભાઈ એમ. પટેલની સ્મૃતિમાં સંપાદિત - પ્રકાશિત **'વૈષ્ણવજન ડૉ. રામભાઈ પટેલ'** તથા તેમના જીવનકાળ દરમ્યાન સર્વ વિદ્યાલયના કર્મયોગી આચાર્યશ્રી - શીલભદ્ર સારસ્વત અને મૂઠી ઊંચેરા સાહિત્યસર્જક શ્રી મોહનલાલ પટેલ કૃત **'સમાજહિતૈષી ડૉ. રામભાઈ'** પુસ્તકોનો લોકાર્પણ સમારોહ સદ્ગુરુ સંત પૂજ્ય ભક્તિપ્રિયદાસજી અને સ્વામિનારાયણ સંતોના સાંનિધ્યમાં, ગુજરાત રાજ્યના પૂર્વ નાયબમુખ્યમંત્રીશ્રી તથા કડીના અગ્રણી લોકસેવક શ્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખશ્રી મનુભાઈ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ શ્રી વી.પી. પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, અમેરિકાની હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી, આર્કેટાના ગણિતશાસ્ત્રના એમિરિટસ પ્રોફેસર ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, ઓર્થોપેડિક સર્જન અને પ્રબુદ્ધ વક્તા ડૉ. જિતુભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ શ્રી પ્રદીપભાઈ પટેલ, સર્વ વિદ્યાલય અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના મંત્રીશ્રીઓ ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. જયંતીભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી બિપિનભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ, કડી મ્યુનિસિપાલિટીના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, કાલુપુર કૉ.કૉ.ઓ.બૅંક લિ.ના ચૅરમૅન શ્રી નવનીતભાઈ પટેલ અને ડાયરેક્ટર શ્રી કૌશિકભાઈ પટેલ, ૨૭ સમાજની સ્કૂલના ચૅરમૅન શ્રી કરસનભાઈ પટેલ, અગ્રણી ઉદ્યોગપતિ અને ટેકનોક્રેટ શ્રી મિહિર પટેલ, કડીના અન્નક્ષેત્ર અને 'પટેલ ભવન'ના ચૅરમૅન શ્રી આત્મારામભાઈ બૅન્કર, વિશ્વ ઉમિયાધામના કાયમી ટ્રસ્ટીઓ ડૉ. પ્રભુદાસ પટેલ અને શ્રી દશરથભાઈ પટેલ, ઉમિયા માતાજી સંસ્થાનના ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ દૂધવાળા અને સી. કે. પટેલ, કરણનગર કેળવણી મંડળના અગ્રણીઓ તથા શાળાના આચાર્યશ્રી, કડી નાગરિક બૅંકના ચૅરમૅન શ્રી શૈલેષભાઈ, કડીના અગ્રણી ડૉક્ટરો અને નગરજનો, સર્વ વિદ્યાલય પરિવાર, ડૉ. રામભાઈ પટેલના કુટુંબીજનો અને સ્નેહીજનો વગેરેની ઉપસ્થિતિમાં સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં સ્થિત 'શ્રી અંબાલાલ હરજીવનદાસ પટેલ (શેરથા), ઈન્ડોર સ્પોર્ટસ ઍન્ડ મલ્ટીપરપઝ હૉલ'માં તા. ૫ માર્ચ, ૨૦૨૩ના રોજ સવારે યોજવામાં આવ્યો હતો.

પ્રાર્થના અને દીપપ્રાકટ્ય બાદ 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડીના પ્રમુખશ્રી, 'સર્વ વિદ્યાલય', કડીના સેવાનિવૃત્ત આચાર્યશ્રી અને કેળવણીવિદ્ શ્રી મનુભાઈ પટેલ દ્વારા સભામંચ ઉપર ઉપસ્થિત સૌ મહાનુભાવો અને સૌ આમંત્રિત સુજ્ઞ શ્રોતાજનોનું ત્રણેય મંડળો વતી ભાવભર્યું સ્વાગત કરતાં તેમણે કહ્યું હતું કે સર્વ વિદ્યાલય, કડીની પવિત્ર અને તપોમય એવી પૂ. છગનભાની ભૂમિ ઉપર આજે એવા જ એક તપસ્વીના સ્મૃતિગ્રંથનું વિમોચન કરવા જઈ રહ્યા છીએ ત્યારે આપ સૌને હાર્દિક આવકારું છું. પૂ. છગનભાએ 100 વર્ષ પૂર્વે આ સંસ્થાની જ્યારે સ્થાપના કરી ત્યારે તેમની સામે બે ઉદેશ હતા. સમાજ પરિવર્તન માટે વ્યક્તિ પરિવર્તન અને વ્યક્તિ પરિવર્તન માટે વિદ્યાર્થીઓમાં સ્વાવલંબન, સ્વાશ્રય, સદ્ગુણ, ભણવામાં વગેરેમાં તેઓ પારંગત થાય તે માટે છાત્રાલય સાથે આ સંસ્થાની શરૂઆત કરી હતી. આ સંસ્થાને અનેક દાતાશ્રીઓ, શ્રેષ્ઠીશ્રીઓ વગેરેએ ઘણી મદદ કરી છે. દાસકાકાનું સ્વપ્ન હતું કે મારે પાટીદારનાં છોકરાંને I.A.S. બનાવવાં છે. ઉચ્ચ અધિકારીઓની ખુરીશ ઉપર બેઠેલાં જોવાં છે. તેમણે સરકાર પાસેથી જમીન મેળવીને ગાંધીનગરમાં સંસ્થા શરૂ કરી. શ્રી માણેકલાલે ગાંધીનગરમાં સૌ પ્રથમ વખત સ્વનિર્ભર ધોરણે ફાર્મસી કૉલેજ શરૂ કરી. આ મંડળની ત્રણ આગવી લાક્ષણિકતાઓ રહી છે - મેરિટના ધોરણે પ્રવેશ, પ્રવેશ માટે કોઈ દાન નહીં અને સરકાર દ્વારા નક્કી કરેલી ફી લેવી, મૅનેજમેન્ટ/ એન. આર. આઈ ક્વોટાનો ત્યાગ તથા કર્મચારીઓને સમયસર પગાર આપવાની ઉજળી પરંપરાની પ્રસ્થાપના કરી. આવી સંસ્થા ગુજરાતમાં શોધે પણ જડે નહીં તેવી છે. આ સાથે જ માણેકલાલ એમ. પટેલસાહેબ વગેરેનાં સેવા અને સમર્પણની ભાવનાની

સરાહના કરીને આ પરંપરાના સહયોગી એવા કરણનગરના વતની અને કર્મભૂમિ કડીના સર્વોદય કાર્યકર, સંવેદનશીલ સેવાપરાયણ તજ્જ્ઞ ડૉક્ટર અને સર્વ વિદ્યાલય, કડીના પ્રારંભમાં કર્મયોગી મંત્રી અને સમયાન્તરે પ્રમુખ તરીકે યશસ્વી સેવાઓ આપનાર સ્વ. ડૉ. રામભાઈ પટેલના મૂઠી ઊંચેરા વ્યક્તિત્વની ઓળખ કરાવી હતી. **તેઓશ્રી હરહંમેશ કોઈ પણ કામમાં અગ્રેસર રહેવા છતાં પોતાની જાતને પાછળ રાખીને આગલી હરોળમાં બેસવામાંથી દૂર રહીને સમાજને તથા સંસ્થાને મોટું પીઠબળ આપતા રહ્યા હતા. આ સાથે જ તેમણે ૨૦૧૭માં આ સંસ્થાને રૂપિયા એક કરોડથી અધિક રકમનું દાન આપ્યું હતું અને દાન આપતા રહ્યા હતા. તેઓશ્રી સાચા અર્થમાં ભર્તૃહરિને અભિપ્રેત એવા ઉત્તમ માણસ હતા.** માણેકલાલસાહેબ પણ આ પ્રકારના ઉત્તમ માણસ હતા. વધુમાં, તેમણે લોકાર્પણ કરવામાં આવનાર બંને ગ્રંથોનો પરિચય કરાવ્યો હતો.

સ્વાગત બાદ સભામંચ ઉપર ઉપસ્થિત સન્માનનીય અતિથિશ્રીઓનું સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માનવિધિ બાદ સદ્‌ગુરુ સંત પૂ. ભક્તિપ્રિયદાસજી મહારાજ અને મંચસ્થ મહાનુભાવોના વરદ્‌હસ્તે **'સમાજહિતૈષી ડૉ. રામભાઈ પટેલ'** અને સ્મૃતિગ્રંથ **'વૈષ્ણવજન ડૉ. રામભાઈ પટેલ'** ગ્રંથોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પરમ પૂજ્ય સદગુરુ સંત ભક્તિપ્રિયદાસજીએ આશીર્વચન પાઠવતાં પૂર્વે ભગવાન સ્વામિનારાયણ અને પરવર્તી સંતો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજની વંદના કરીને સત્સંગનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું હતું કે સત્સંગથી બુદ્ધિની જડતા દૂર થાય છે, સાર-અસારનો વિવેક પ્રાપ્ત થાય છે, જીવનમાં ઉન્નતિ થાય છે, દૂષણો દૂર થાય છે અને સદગુણો આવે છે, શાંતિનો અનુભવ થાય છે. આ રીતે માણસનું ઘડતર થાય છે. પરમ ભગવદીય ડૉ. રામભાઈને પણ આવો સત્સંગ પ્રાપ્ત થયો હતો. આ સંસ્કાર તેમણે પોતાના પડોશની પૂર્વાશ્રમની સત્સંગી બહેનના માધ્યમથી મેળવ્યા હતા. અમે સર્વ વિદ્યાલયમાં સહાધ્યાયીઓ હતા. ફ્રી પિરિયડમાં કરસનભાઈ, રામભાઈ અને હું શાળાના મેદાનમાં બેસીને સત્સંગની વાતો કરતા. રામભાઈએ તે વખતે મને શાસ્ત્રીજી અને યોગીજી મહારાજની વાતો કરી હતી. તે વખતે મને આ સંતોનો પરિચય ન હતો. સ્વામિનારાયણ ભગવાનનો પરિચય ખરો પણ પ્રગટસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો યોગ ન હતો. મને તેમનો યોગ ૧૯૫૫માં થયો. ૧૯૫૬માં એસ.એસ.સી.ની પરીક્ષામાં પાસ થવા માટે યોગીજી મહારાજે આર્શીવાદ આપ્યાં હતા. તે વખતે મારા મનમાં પ્રશ્ન ઉદ્‌ભવેલ કે હું તો ડિસ્ટિંકશનમાં પાસ થાઉં છું, તો પાસના કેમ આશીર્વાદ આપ્યા હશે ? પરંતુ તેમના આશીર્વાદથી ધાર્યા કરતાં મારું ઘણું સારું રિઝલ્ટ આવ્યું હતું. બધા કહેતા કે તમારે આટલા બધા માર્કસ કઈ રીતે આવ્યા ત્યારે હું કહેતો કે અમારા ગુરુ યોગીજી મહારાજની કૃપાથી. અમદાવાદ કૉલેજમાં અભ્યાસ દરમિયાન અમે બંને સાથે શાહીબાગની સભામાં સત્સંગ માટે ચાલતા જતા અને પાછા આવતા. આ સમયે યોગીજી મહારાજના સાધુજીવનથી વિશેષ પરિચિત થયો. તેમના સત્સંગના યોગથી જીવન વિશેષ વિશુદ્ધ થયું. તેમના યોગથી સત્સંગની દઢતા થઈ હતી. રામભાઈનું કુટુંબ સાધારણ પરિસ્થિતિનું. તેમનાં માતૃશ્રીએ તેમને ભણાવ્યા-સારા સંસ્કાર આપ્યા હતા. ડૉક્ટર થયા પછી સમાજની ઘણી મોટી સેવા કરી. સદ્‌વિદ્યાનું પ્રવર્તન કરવું એવા ભગવાન સ્વામિનારાયણનો આદેશ મુજબ પોતે આ સ્કૂલમાં ભણેલા હોવાથી તેના વિકાસમાં તેમણે ઘણું કામ કર્યું. ડૉક્ટર તરીકે પરોપકારી વૃત્તિ તેમજ ગરીબોની સેવા કરવાની ભાવના તેમનામાં રહી હતી. તેઓ સૌને ઉપકારી બની રહ્યા હતા. ખરા અર્થમાં તેઓ ભક્તરાજ હતા. આ સ્કૂલની પ્રવૃત્તિઓમાં રસ લઈ તેનો ખૂબ જ વિકાસ કર્યો. પ્રમુખસ્વામી મહારાજના વિશેષ સંપર્કમાં રહેવાથી તેમની પાસેથી સાયન્સ કૉલેજ માટે દાન પણ મેળવી લાવ્યા હતા. અમારે અવારનવાર મળવાનું થતું ત્યારે સ્કૂલનાં નાનાં-મોટાં કાર્યોની વાત કરતા. પોતે શુદ્ધ જીવન જીવ્યા. પોતાના પરિવારમાં પણ સૌને સારા સંસ્કાર આપ્યા. તેમની પરંપરામાં તેમના પુત્રો કિરીટભાઈ અને પ્રદીપભાઈ પણ સ્કૂલનાં કાર્યોમાં ઓતપ્રોત છે અને સાથે સાથે સમાજનાં કાર્યોમાં રસ લઈ સારું કાર્ય કરે છે. આમ, **ડૉ. રામભાઈએ પોતાનું માનવજીવન સાર્થક કર્યું છે. તેમણે સાદું જીવન જીવીને પોતાના જીવનને ધન્ય કર્યું છે.** તેમના સંપર્કમાં આવનાર સૌ કોઈ પણ તેમનાં સેવાકાર્યથી પ્રભાવિત હતા. તેમની સ્મૃતિમાં પ્રકાશિત ગ્રંથમાં સૌએ ઉચિત આદર અને અંજલિ આપી છે. આ શુભપ્રસંગે આપણે પ્રાર્થના કરીએ કે ડૉ. રામભાઈ સ્વામિનારાયણ ધામમાં નિવાસ કરે. ભગવાન સ્વામિનારાયણ સૌને સારાં કાર્યો કરવા માટે બુદ્ધિશક્તિ આપે. અને સર્વ પ્રકારની સુખશાંતિ થાય એવી પ્રાર્થના. શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય.

આ પ્રસંગે ડૉ. રામભાઈ પટેલ સાહેબના પિતરાઈ ભાઈ ડૉ. જયંતીભાઈ પટેલે સન્માનનીય સૌ મહેમાનશ્રીઓનું નામસ્મરણ કરીને સૌની સાદર અભિવંદના પાઠવીને આજના દિવસને **ગૌરવ દિવસ** ગણાવીને તેમજ આ સ્ટેજ ઉપર પોતાની ઉપસ્થિતિનો યશ પોતાના મોટાભાઈને આપીને કહ્યું કે **મારું અહોભાગ્ય છે કે મને ડૉ. રામભાઈ મોટાભાઈ તરીકે મળ્યા. તેઓશ્રી મારા પિતા સમાન હતા.** અમારા બંનેના પિતાશ્રી

નાનપણમાં ગુજરી ગયેલા. મારા ઊછેરની જવાબદારી પૂજ્ય કુંવરબા, મારી બા જીવીબા અને રામભાઈએ ઉપાડી લીધી હતી. તેઓશ્રી જ્યારે MBBSનો અભ્યાસ બી. જે. મેડિકલ કૉલેજમાં કરતા ત્યારે રવિવારે રજાના દિવસે અમદાવાદથી કરણનગર સાઇકલ ઉપર આવતા-જતા. તેઓશ્રી જ્યારે ભણી રહ્યા ત્યારે તે સાઇકલ મને આપી અને તેમણે મને સાઇકલ શિખવાડી હતી. મને ભણવામાં ખૂબ જ પ્રોત્સાહન આપતા. હું ડૉક્ટર બનું એ તેમની અભિલાષા હતી. મૅટ્રિક પાસ થયા પછી મારે શિક્ષક થવું હતું કે જેથી આર્થિક જવાબદારી ઉપાડી શકું. પણ તેમણે પૈસાની ચિંતા ન કરવા અને ભણવા પ્રોત્સાહન આપ્યું. સગાંસંબંધીઓ અને મિત્રો પાસેથી ઉછીના પૈસા લાવીને મને તેમણે ભણાવ્યો. એમ.બી.બી.એસ. પછી મારે સરકારી નોકરી કરવી હતી, તે પણ તેમણે ના પાડી અને પોતાની પાસે કડીમાં ખાનગી પ્રેક્ટિસનો ૬ માસ સુધી અનુભવ કરાવ્યો. મને ટ્રેનિંગ આપી તૈયાર કર્યો, એટલું જ નહીં જૂની મામલતદાર કચેરીની બાજુમાં પોતાનું ચાલુ દવાખાનું કે જ્યાં પ્રતિદિન 250 દર્દીઓ આવતા તે દવાખાનું, દવાઓ, ફર્નિચર અને કર્મચારીઓ સાથે મને સાંપ્યું અને તે પણ કોઈ ચાર્જ લીધા સિવાય. પોતે નવા દવાખાને પ્રેક્ટિસ ચાલુ કરી હતી. પોતે ખ્યાતિ પ્રાપ્ત ડૉક્ટર હતા. મારી ખ્યાતિ વધે તે માટે પોતાને મળતી વિઝિટ માટે મને મોકલતા. કોઈ નવો ધંધો શરૂ કરે તો મારે કેટલો ભાગ રાખવો છે તે મને પૂછીને પોતાનો ભાગ નક્કી કરતા. મારા પિતરાઈ ભાઈ છતાં સગાભાઈ જેવો પ્રેમ રાખતા. મને જીવનમાં આગળ લાવવા સતત પ્રયત્ન કરતા રહ્યા હતા. તેઓશ્રી પોતાના કર્મચારીઓ ઉપર ભારે વિશ્વાસ રાખતા. દિવસ દરમિયાન જે વકરો થાય તે કંપાઉન્ડર જે પૈસા આપે તે સીધા ગજવામાં મૂકી દેતા, કદાપિ ગણતા પણ નહીં. કડીમાં ૫૦ વર્ષની પ્રેક્ટિસ દરમ્યાન કદી તેમણે પૈસા ગણ્યા ન હતા. મારે માટે આ બાબત પ્રેરણારૂપ બની રહી છે. હું પણ ભાઈનું અનુકરણ કરીને કદાપિ પૈસા ગણતો નથી. દરદીઓની ઓછા ખર્ચે સેવા કરતા અને સાચી સલાહ આપતા. આજે આવા સેવાભાવી ડૉક્ટર મળવા મુશ્કેલ છે. તેમનું જીવન પ્રેરણારૂપ છે. તેમને જીવનમાં ૭૫ વર્ષ સુધી કોઈ બીમારી આવી ન હતી, જેમાં ભગવાનની કૃપા જોઉં છું. પ્રમુખસ્વામી મહારાજ ઉપર મોટી શ્રદ્ધા ધરાવતા હતા. કડીમાં યોજાતા સત્સંગ પ્રસંગોમાં અચૂક હાજર રહેતા. તેઓ સ્વભાવે સંત સમાન હતા. વતન કરણનગર અને કડીની અનેક સંસ્થાઓમાં દાન આપતા રહ્યા હતા. પોતાના પુત્રોને અને મને પણ સમાજમાં ઉપયોગી થવા અને દાન આપવાની પ્રેરણા આપતા રહ્યા હતા. તેઓશ્રી મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચવાનો ભારે શોખ ધરાવવાની સાથે મહાપુરુષોની સાદગી પોતાના જીવનમાં અપનાવતા રહ્યા હતા. આખી જિંદગી શ્વેતવસ્ત્રધારી બની રહ્યા હતા. ખાદીનો ડ્રેસ તેમને પ્રિય હતો. મારા જીવનઘડતરમાં તેમનો મોટો ફાળો રહ્યો છે. ઘસાઈને ઊજળા થવાની ઉચ્ચ ભાવના તેમના જીવનમાં અને વ્યવહારમાં અનુભવી છે. આજે તેઓ હયાત નથી, પરંતુ તેમનાં મીઠાં સંસ્મરણો અમે ક્યારેય ભૂલી શકીયે તેમ નથી. ભગવાન અક્ષરપુરુષોત્તમ તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના સાથે જયશ્રી સ્વામિનારાયણ.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સન્માનનીય મંત્રીશ્રી, કરણનગરના વતની અને ડૉ. રામભાઈ સાહેબને જિંદગીપર્યંત **'મોટાભાઈ'**થી સાદર સંબોધિત કરતા રહેલા ડૉ. રમણભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં **'ભાઈ'**નું અખંડ કડીબદ્ધ ચરિત્ર સારગર્ભિત શબ્દોમાં ભાવવિભોર હૈયે અને આર્દ્ર સ્વરે સાકાર કરી આપ્યું હતું. તેમના વ્યક્તિત્વની આગવી વિશેષતાઓ, જેમ કે, મૂલ્યનિષ્ઠ સેવાપરાયણ ડૉક્ટર, કરણનગરના પ્રથમ MBBS ડૉક્ટર, ગરીબો અને શિક્ષકો પ્રતિ પૂર્ણ સદ્‌ભાવ દાખવી તેમને 50% રાહત આપવી, બિનરાજકીય વ્યક્તિત્વ, અજાતશત્રુ, સંનિષ્ઠ સ્વામિનારાયણી, સર્વોદય કાર્યકર, સફેદ વસ્ત્રોમાં સંત, પરગજુ સ્વભાવ, કાર્યકરોની ટીકા-ટિપ્પણથી દૂર રહી તેમની ઊજળી બાજુ જોવી, દાતાશ્રી, પૂ. છગન ભા પ્રદત્ત ધ્યેયમંત્ર 'કર ભલા હોગા ભલા'નું સાકાર સ્વરૂપ વગેરે તારવી આપતાં જણાવ્યું હતું કે તેમણે સરકારી નોકરીમાં પણ પોતાનાં જીવનમૂલ્યો સાથે જરાય બાંધછોડ કરી ન હતી. સાચું માને તે જ કરે અને ચલાવી પણ ન લેતા. પોતે ગરીબીમાં ઉછરેલા હોવાથી ગરીબો પ્રતિ ભારે હમદર્દી ધરાવતા. કડીમાં શિક્ષકો પ્રતિ પણ લાગણી ધરાવતા તેથી આ સૌની 50% રાહત દરથી સેવા કરતા. પોતાના ગામ કરણનગરમાં હાઈસ્કૂલના બાંધકામની સ્થળ પસંદગી માટે પ્રશ્ન ઊભો થયો ત્યારે સત્યના પક્ષે ઊભા રહી પોતાના બૃહદ પરિવારનો વિરોધ વહોરીને પણ દાન આપ્યું હતું અને આપતા રહ્યા હતા. ભાઈના બંને પુત્રો કિરીટભાઈ અને પ્રદીપભાઈ પણ ગામને સદાય મદદ કરી રહ્યા છે. મેં જ્યારે કડીમાં દવાખાનું શરૂ કર્યું ત્યારે તેના ઉદ્‌ઘાટન માટે વિખ્યાત સર્જન ડૉ. ત્રિભોવનભાઈ પટેલને તેડી લાવવા ઉપરાંત અન્ય જરૂરી સગવડો અને હૂંફ પૂરી પાડી હતી. મને કોઈ તકલીફ ન પડે તેનું સતત ધ્યાન રાખતા. આજે હું જે કંઈ છું તે તેમને આભારી છું. મારા પિતાશ્રીના તેઓશ્રી વિદ્યાર્થી રહ્યા હોઈ અમારા પરિવાર સાથે - મારા પુત્ર ડૉ. હર્ષદ સાથે પણ - ભારે લાગણી ધરાવતા હતા. મારા બે ભાઈઓ મહેન્દ્રભાઈ અને દશરથભાઈ પણ ભાઈને મોટાભાઈ ગણતા. તેમની ઉમદા સેવાભાવનાનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે મારા મોટા બાપુજીની માંદગીના સમાચાર મારા બાપુજીએ ભાઈને ફોનથી

જણાવ્યા ત્યારે તેઓશ્રી અડધી રાત્રે મારા ઘેર સમાચાર આપવા આવ્યા હતા, તેટલું જ નહીં, મને કહ્યું કે તમે તૈયાર થઈને મારા ઘેર આવો, મારી મોટર સાઇકલ ઉપર આપણે બંને જઈશું. આવા હતા પરગજુ રામભાઈ. કર્મભૂમિ કડીના વિકાસમાં પણ તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. ભાગ્યોદય હૉસ્પિટલ, રતિભાઈની સાથે મળીને અન્નક્ષેત્ર શરૂ કરવું, સ્વામિનારાયણ મંદિરના બાંધકામ, કોમી એખલાસતાની જાળવણી વગેરે અનેક કાર્યોમાં તેમનો મોટો ફાળો રહ્યો છે. તેમના વિચારો રામ જેવા અને કાર્યો કૃષ્ણ જેવાં હતાં. **સર્વ વિદ્યાલયના વિકાસ કાજે માણેકલાલ સાહેબની સાથે રહી તેના વિકાસમાં મોટો ફાળો આપ્યો છે. સર્વ વિદ્યાલયના ઇતિહાસમાં આ બંનેનો યુગ સુવર્ણયુગ કહેવાય છે.** તેઓ દિવસે તો સર્વ વિદ્યાલયમાં સાહેબની સાથે જ હોય અને સાંજે પણ ભાઈના ત્યાં તેમની બેઠકો ચાલુ જ રહેતી. દવાખાનેથી હું નીકળતો ત્યારે બંનેને સાથે જ જોતો. મને પણ થતું કે તેમની સાથે બેસું. તેમની સાથે બેસીએ ત્યારે પોઝિટિવ વિચારો જ સાંભળવા મળે - કડી નગરના, સર્વ વિદ્યાલયના વિકાસના. કડીના તત્કાલીન સમયના શ્રેષ્ઠીઓ શ્રી ડાહયાભાઈ, શ્રી રતિભાઈ, શ્રી જગદીશભાઈના પિતાશ્રી નટુભાઈ, વનમાળીદાસ, નટુભાઈ ભાણાભાઈ, બાબુભાઈ વગેરે સાથે તેમની બેઠકો રહેતી. બિનરાજકીય વ્યક્તિત્વ હોઈ સૌ તેમની સાથે બેસતા. ભાઈ સર્વોદયનાં કાર્યોમાં રસ લેતા હોઈ ડૉ. વસંત પરીખ, ડૉ. દ્વારકાદાસ જોષી, શ્રી બબલભાઈ મહેતા વગેરે પ્રસંગોપાત્ત કડી પધારતા ત્યારે તેમના ત્યાં ઉતારો રાખતા. તેમના બંને પુત્રો શ્રી કિરીટભાઈ અને પ્રદીપભાઈ સારી રીતે સેટ થયા છે. મોટા ઉદ્યોગપતિઓ છે અને દાનવીરો પણ છે. પ્રદીપભાઈ પણ આકાશ બિલ્ડરના માલિક છે. ભાઈનાં દીકરી પ્રવીણા અને જમાઈ ડૉ. વિશ્વજિત પણ પ્રદીપભાઈ સાથે તેમના ધંધામાં જોડાયા છે. ભાઈ અમદાવાદ રહેવા ગયા ત્યારે પણ કડી શાળાની નિયમિત મુલાકાત લેતા. માણેકલાલ સાહેબના અવસાન પછી તેઓ ખાલીપો અનુભવતા. વલ્લભભાઈને કહેતા કે 'મને કંઈક ખૂટતું હોય એવો ખાલીપો લાગ્યા કરે છે. મને ઑફિસ ખાલી ખાલી લાગે છે. કંઈક ગુમાવ્યાની અનુભૂતિ કરું છું. તેમની (માણેકલાલ સાહેબની) ગેરહાજરી મને અસ્વસ્થ કરે છે.' સાહેબના ગયા પછી 'ભાઈ' વલ્લભભાઈની મોટી હૂંફ બની રહ્યા હતા. તેમને સ્વામિનારાયણના સંતો પૂજ્યપાદ બ્રહ્મલીન પ્રમુખસ્વામી, યોગીજી મહારાજ, પૂ. કોઠારીસ્વામી વગેરે સાથે ઉષ્માપૂર્ણ સંબંધો હતા. આ સૌ સંતો તેમના ઘેર પણ પ્રસંગોપાત્ત પધારતા રહેતા હતા. યોગીજી મહારાજની ઇચ્છાને માન આપીને તેઓશ્રી જ્યારે સાધુ થવા ગયા ત્યારે પૂ. પ્રમુખસ્વામીએ તેમને કહ્યું હતું કે **'તમે સાધુ જ છો, તમારે સાધુ થવાની જરૂર નથી. તમે કેળવણી અને લોકકલ્યાણનાં કાર્યો કરો છો તે સાધુનું જ કામ છે.'** મારે કહેવું જોઈએ કે તેમના સુપુત્રોએ સાચા અર્થમાં શ્રવણ બનીને તેમની સેવા કરી હતી. **તેમણે પોતાનું જીવન માનવકલ્યાણ માટે, વિદ્યાર્થીઓની કેળવણી માટે પસાર કર્યું હતું એવા સાધુપુરુષ અને સાચા અર્થમાં સર્વ વિદ્યાલય અને કડી નગરના ગૌરવપુરુષના અવતરણથી તેમનું કુટુંબ, તેમજ જન્મભૂમિ અને કર્મભૂમિ ધન્ય થયાં છે.**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વરિષ્ઠ મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલે ડૉ. **રામભાઈ સાહેબને સેવા, સમર્પણ અને અધ્યાત્મનિષ્ઠમૂર્તિના પ્રતીક** ગણાવીને તેનું શ્રેય તેમની માતા કુંવરબાને આપ્યું હતું. તેમની માતાની કોઠાસૂઝ અને ઉમદા સંસ્કારસિંચનના કારણે તેઓ અગણિત લોકોના દિલમાં વસી ગયા હતા. **ઘસાઈને ઉજળા થવું એ તેમનો જીવનમંત્ર રહ્યો હતો.** MBBS થયા બાદ સરખેજમાં સરકારી દવાખાનામાં જોડાયા. તેમની નિયમિત હાજરી, સચોટ સારવાર, સેવાભાવના અને કર્મચારીઓ સાથેના સારા વ્યવહારથી લોકપ્રિય ડૉક્ટર તરીકે ખ્યાતિ પામ્યા હતા. એકાદ વર્ષ બાદ કટોસણ રોડમાં દોઢેક વર્ષ ખાનગી પ્રેક્ટિસ કર્યા પછી જીવનપર્યંત કડીને કર્મભૂમિ બનાવીને રહ્યા. પ્રમુખસ્વામી મહારાજે કડીમાં તેમના દવાખાનાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમના સહાધ્યાયી કરસનભાઈ કમ્પાઉન્ડર તરીકે જોડાયા હતા. કડીમાં ગરીબોનો ઉપચાર રાહત દરથી કરતા. તેમનું દવાખાનું ધમધમતું હતું. બાળકો માટેની તેમની બાળાગોળી ખૂબ વખણાઈ હતી. પરદેશમાં પણ જતી. મેં 1968માં દાંતનું દવાખાનું શરૂ કર્યું ત્યારે મને તેમણે ઘણો સહકાર આપ્યો અને કહ્યું કે કડીમાં તમારા જેવા ડેન્ટિસ્ટની જરૂર છે. મને તેમનો જિંદગીપર્યંત સહયોગ મળતો રહ્યો હતો. હું ખૂબ નસીબ છું કે મને ડૉક્ટર સાહેબનું અને માણેકલાલ સાહેબના દાંતનું ચોકઠું બનાવવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. 1971માં અમે લાયન્સ ક્લબ શરૂ કરી ત્યારે તેઓ 1973-74માં તેના પ્રમુખ હતા. શિયાળામાં રાત્રે સ્ટેશન રોડ વિસ્તારમાં ગરીબોને ધાબળા ઓઢાડવા મને સાથે લઈ જતા. તેઓશ્રી સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી રહ્યા હોઈ માણેકલાલ સાહેબ સાથે જિંદગીપર્યંત સેવાઓ આપતા રહ્યા હતા. સાયન્સ કૉલેજના તત્કાલીન ચૅરમૅન શ્રી નટુભાઈની રજા લઈને પ્રમુખસ્વામીને દાન માટે વિનંતી કરતાં તેમણે રૂપિયા 10 લાખનું દાન આપ્યું અને ડૉ. રામભાઈ અને અન્ય હરિભક્તોએ રૂ. 111111 ઉમેરતાં કુલ રૂ. 11,11,111-નું દાન તેમણે મેળવી આપ્યું હતું. પ્રમુખસ્વામીના આશીર્વાદથી આપણી સાયન્સ કૉલેજ ગુજરાતમાં નામાંકિત સંસ્થા બની ગઈ છે, જે આપણા માટે ગૌરવની બાબત છે. વર્ષ 2007માં આપણને યુનિવર્સિટી શરૂ કરવાની મંજૂરી મળી - યુનિવર્સિટીનો દરજ્જો

મળ્યો ત્યારે અમે ત્રણેય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ લેવા અટલાદરા ગયા હતા ત્યારે ભક્તોની ભારે ભીડ હોવા છતાં પ્રમુખસ્વામીએ અમને બોલાવી લઈ આશીર્વાદ આપ્યા અને પ્રસાદ લીધા સિવાય ન જઈએ તેની સૂચના હરિભક્તોને આપી હતી. **રામભાઈ અને માણેકલાલના સંબંધો ભારે ઉષ્માપૂર્ણ રહ્યા હતા. બંને સાથે જ રહે. તેમણે સંસ્થાનો ઘણો મોટો વિકાસ કર્યો.** ડૉ. જયંતીભાઈને પોતાના સગાભાઈ સમાન રાખતા હતા. તેઓશ્રી પણ ડૉ. રામભાઈની માન-મર્યાદા રાખતા હતા. તેમના પુત્રો શ્રી કિરીટભાઈ અને શ્રી પ્રદીપભાઈ પણ પૂ. કુંવરબા અને ગોમતીબાના ઉમદા સંસ્કારોના કારણે પિતાથી સવાયા સેવાપરાયણ છે. મારે કહેવું જોઈએ કે ડૉ. રામભાઈ સાહેબ પૂ. ગોમતીબાની હૂંફ અને સહકારથી આગળ વધી શક્યા હતા. હું પણ આજે આ સંસ્થામાં જે કંઈ છું તેમાં માણેકલાલ સાહેબ અને ડૉ. રામભાઈનો મોટો ફાળો મારા જીવનમાં રહ્યો છે. તેઓશ્રી મારા માર્ગદર્શક રહ્યા છે. મને કહેતા કે તમે સરદારભાઈની સાથે રહેશો, તેમને સહયોગ આપજો. તેઓ સરદારભાઈને દીકરાની જેમ રાખતા. આપણી સંસ્થા 6 વિદ્યાર્થીઓથી સંખ્યાથી શરૂ થઈ હતી, જે આજે 52000 એ પહોંચી છે, તેનું શ્રેય પૂ. છગનભા, માણેકલાલ સાહેબ, ડૉ. રામભાઈ વગેરેના પુણ્યપ્રતાપે તેમજ પ્રમુખસ્વામીબાપાના આશીર્વાદના કારણે. આપણને સંતોના આશીર્વાદ મળતા રહે, દાતાશ્રીઓનો સહયોગ મળતો રહે અને આપણી સંસ્થા વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપતી રહે તેવી અભિલાષા સાથે જય હિંદ.

પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજના સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ શ્રી ડાહ્યાભાઈ પટેલે સંક્ષેપમાં વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે ફક્ત 65 જેટલી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી અને બંધ પડવાના આરે આવેલી કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે ન જોડાવાની મિત્રોની સલાહ અવગણીને અહીં જોડાતાં ડૉ. **રામભાઈ સાહેબ, શ્રી માણેકલાલ સાહેબ વગેરેની સંસ્થાનિષ્ઠા, તેમજ કૉલેજની જરૂરિયાતોની પૂર્તિ માટે અગ્રતા આપતા જોઈને હું ખરે જ પ્રભાવિત થયો હતો. અને મારી જાતને ધન્ય ગણતો હતો.** વધુમાં તેમણે કૉલેજના મકાન માટે પ્રમુખસ્વામી પાસેથી મોટું દાન મેળવી આપવાનું શ્રેય ડૉ. રામભાઈસાહેબને શિરે જાય છે તેમ જણાવીને તેમની સાથેનાં વડોદરા દાનયાત્રાનાં સંસ્મરણો વર્ણવતાં જણાવ્યું કે આપણી શાળાના વડોદરામાં રહેતા વિદ્યાર્થીઓએ ખૂબ સારુ દાન એકઠું કરી આપ્યું હતું. તેઓ સરળ હતા. અમારા માટે પૂજનીય રહ્યા છે. આજે પણ અમે તેમને યાદ કરીએ છીએ.

સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી, અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટની હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી, આર્કેટાના ગણિતશાસ્ત્રના એમિરિટસ પ્રોફેસર ડૉ. વિઠ્ઠલભાઈ પટેલે ડૉ. રામભાઈ સાથેનાં સ્નેહભીનાં સંસ્મરણો વર્ણવતાં કહ્યું કે તેઓશ્રી છેલ્લે છેલ્લે મારા ખાસ મિત્ર બની ગયેલા. અમે ઘણી વાતો કરતા. સર્વ વિદ્યાલયની સાચા અર્થમાં ચિંતા કરતા હતા. મને કહેતા કે આપણે આટલી મોટી ફી લઈએ છીએ અને તેમને નોકરી નહી મળે તો શું કરીશું? **તમને કહું કે કડીની સંસ્થા માટે ખરેખરી ચિંતા કરનાર ડૉ. રામભાઈ હતા. તેમનું જીવન સરળ હતું.** તેમણે વધુમાં કહ્યું કે આપણે શું કરીએ તો રામભાઈને ગમે ? તેમને આનંદ થાય ? આપણે કાયમ માટે ગર્વ લઈએ છીએ કે સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ પ્રમાણિક અને મહેનતું છે. હા, આ બધું છે. પરંતુ શું આપણે તાતા ગ્રૂપને પહોંચી શકીએ ખરા ? ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગ્લોર કે જે દેશની સારામાં સારી યુનિવર્સિટી છે, તેના નામ સાથે દાતાનું નામ નથી. તેના સ્થાપક-દાતાશ્રી જમશેદજી તાતા હતા. તેમણે પોતાની મિલ્કતના ૫૦% આ સંસ્થા માટે અને ૫૦% પોતાના પરિવારને વહેંચી હતી. હું એક મોટો સવાલ ઊભા - કરું છું કે આપણે શું જમશેદજી તાતાની તોલે આવી શકીએ ખરા? અહીંના શ્રીમંત વર્ગે આ ખાસ વિચારવા જેવી બાબત છે. રતન તાતા કે જેઓ તેમના મામાના દીકરા હતા તેમની સાદગી જીવનમાં ઉતારવા જેવી છે. હું આશા રાખું કે આપણો સમાજ તાતાની જેમ શિક્ષણની પાછળ પૈસા ખર્ચે. અને પ્રમાણિક તથા મહેનતું વર્ગ ઊભો કરે. કડી નગરપાલિકા કડી નગરને સ્વચ્છ રાખે, ક્યાંય કચરો પડેલો ન હોય, ઝાડ-પાન પણ સુશોભિત હોય તેની કાળજી રાખે અને કડીમાં ભીખ માગનાર પણ ગ્રેજ્યુએટ હોય તેની જવાબદારી સર્વ વિદ્યાલયે સ્વીકારવી જોઈએ. આમ કરીશું તો રામભાઈને ખૂબ ખૂબ આનંદ થશે.

સુપ્રસિદ્ધ ઓર્થોપેડિક સર્જન, મેધાવી વક્તા અને પૂર્વ ધારાસભ્ય ડૉ. જિતેન્દ્રભાઈ પટેલે પોતાના દાદાના નામથી નામાભિધાનિત આ હૉલમાં પોતાને કડીનો ભાણિયો, સંસ્થાપક પૂ. છગનભાના કુટુંબની દીકરીનો પુત્ર અને આ સંસ્થાને સૌ પ્રથમ રૂ. 84નું દાન આપનાર શેરથા ગામના વતની તરીકે ઓળખાવેલ. પોતાના વિદ્વત્ત, ધારાવાહી અને પ્રભાવક વકતવ્યમાં કુન્દનિકા કાપડિયા તેમજ સંસ્કૃત પંડિતોની સૂક્તિઓની સરવાણી વહાવીને એક ડૉક્ટર હોવું એટલે શું તે સમજાવીને ડૉ. રામભાઈ પટેલસાહેબ કેટલા મોટાગજાના એક સંવેદનશીલ અને માનવતાપરાયણ ડૉક્ટર હતા તે તારવી આપ્યું હતું. **તેમણે ડૉ. રામભાઈ સાહેબને સફેદ કપડામાં સંત, મૃદુભાષી, છતાં નીડર એવો ધરતીનો છોરું, તબીબ વિભૂતિ, ગરીબોનો બેલી, વિદ્યાવાચસ્પતિ, સર્વોદયનો પ્રહરી અને**

**માનવતાના પૂજારી ગણાવ્યા હતા.** વધુમાં, તેમણે કુન્દનિકા કાપડિયાનું મંતવ્ય "It is a tragedy of circumstances that the strong existence of medical professionals depends upon the sickness of others. [However] the God has given the excellent opportunity to mitigate the suffering of poorest of poors of this glob. This is the benevolent profession" રજૂ કરીને કહ્યું હતું કે ડૉ. રામભાઈ ડૉક્ટરીના ઉમદા વ્યવસાયને સાચા અર્થમાં આત્મસાત કરીને ગરીબોની સેવા કરતા રહ્યા હતા. ડૉ. વસંત પરીખ કહેતા કે જે આંસુની લિપિને ઓળખનાર હોય, કળસતા અવાજને કાળજે કોતરનાર હોય, પ્રથમ શ્વાસલેતી બાળકી અને 84 વર્ષનાં અંતિમ શ્વાસ લેતાં માજીમાં જેને ઈશ્વરમાં દર્શન થાય તેવા તબીબને શોધતાં મને ડૉ. રામભાઈ મળ્યા. આ ધરતીએ તેવા તબીબને પેદા કર્યો છે. આ પ્રસંગે તેમણે ભર્તૃહરિના 'નીતિશતક'નું સપ્રસિદ્ધ સુભાષિત : **'યેષાં ન વિદ્યા ન તપો ન દાનં ન શીલં ન ગુણો ન ધર્મઃ / તે મૃત્યુલોકે ભૂવિભારભૂતા મનુષ્યરૂપેણ મૃગાશ્ચરન્તિ'** અર્થાત જે મનુષ્યમાં વિદ્યા, તપ, દાન, જ્ઞાન, ચારિત્ર્ય, ગુણ કે ધર્મ કંઈ પણ નથી, તેઓ આ મૃત્યુલોકમાં પૃથ્વીને ભાર આપનાર પશુરૂપ છે. **ડૉ. રામભાઈ આવા શીલ અને સંસ્કારની તપોમૂર્તિ હતા. તેમના પુત્રોએ અપાર સંપત્તિ મેળવી છે. અને આ સાથે જ સંસ્કારી માતા-પિતાના પુત્રોએ અસાધારણ નમ્રતા પણ વારસામાં મેળવી છે.** જો આપણી પાસે આટલી સંપત્તિ એકઠી થાય તો રોજ 100 માણસોને ઠાંઠમાં લઈએ. તેઓ આપણા પ્રેરણાસ્રોત બની રહે છે અને છેલ્લી વાત એ કે પૂ. છગનભા, ડૉ. રામભાઈ વગેરેનાં કાર્યો થકી આપણે સૌ કલરવ કરી રહ્યા છીએ, તેમના દ્વારા જ તેમનાં મહાન કાર્યોને બિરદાવીએ. ભારત માતા કી જય.

મંડળના ચેરમૅનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનમાં સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ પ્રમુખ અને આદરણીય સ્વ. ડૉ. રામભાઈસાહેબની જીવનસરિતાનું દર્શન કરાવતાં બે પુસ્તકોના વિમોચન પ્રસંગે સભામંચ ઉપર બિરાજમાન મુરબ્બી શ્રી નીતિનભાઈ, સન્માનનીય મહેમાનશ્રીઓ, સભાજનોનું અને ડૉ. રામભાઈસાહેબનાં પરિવારજનોનું હાર્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે પૂજ્ય બાપુએ કહેલું કે **'મારું જીવન એ જ મારો સંદેશ' ડૉ. રામભાઈકાકા માટે એપ્રોપ્રિએટ છે. એમણે કરેલાં સેવાભાવી કાર્યો પારદર્શક છે. ડૉક્ટર તરીકે ઓછી ફીમાં દર્દીઓની સેવા કરતા અને સૌ પ્રતિ પ્રેમાદર રાખતા. સ્વભાવે શાંત અને મૃદુ.** તેમની પ્રકૃતિથી વિરુદ્ધ જઈને સમાજના પ્રમુખ તરીકે ઉમદા સેવાઓ આપી. તેમના ગામના લોકોએ તેમને ચૅલેન્જ આપી હતી કે તમે આપણા ગામના ભુવા ચંદુભાઈને સત્સંગી બનાવી દો તો તમે ખરા સત્સંગી. આ પડકાર ઝીલી લઈને તેઓશ્રી ચંદુભાઈને ગોંડલ લઈ ગયા અને સત્સંગી બનાવી દેતાં તેમણે ઘેર આવીને નાળિયેર મૂકીને ભુવાપણું છોડી દઈ માળા પકડી લીધી હતી. ડૉ. રમણકાકાએ કહ્યું તેમ મને પણ કહેતા કે તેમની યુવાનીમાં ચેઝડી ઉપર ત્રણ-ત્રણ સવારીમાં પુરઝડપે ઇમરજન્સી વિઝિટે જતા. તેમની સાથે મારે પાછળથી સંબંધ થયો, પરંતુ મારા પિતાશ્રી સાથે વર્ષોનો ગાઢસંબંધ. મારા પિતાશ્રી પ્રસંગોપાત્તની વાતોમાં તેમના વિશે કહેતા તેથી હું તેમના સેવાભાવી વ્યક્તિત્વથી પરિચિત છું. ખાસ તો **મારા પિતાશ્રીના અવસાન બાદ તેમણે એક પુત્ર તરીકે મારી કાળજી લીધી છે.** સામાજિક, આર્થિક રીતે અને કૅમ્પસમાં મારો મોટો આધાર બની રહ્યા હતા. કિરીટભાઈ અને પ્રદીપભાઈ તો મારાથી ઘણા મોટા તેથી ડૉ. રામભાઈ કાકાનો ઘણો પ્રેમ પામ્યો છું. સર્વ વિદ્યાલયની જવાબદારી મારે સ્વીકારવાની આવી ત્યારે તેઓશ્રી મારી કામગીરીનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરે. કોઈની સાથેની વાતચીતમાં હું ગુસ્સે થઈ જાઉં ત્યારે વચ્ચે ન બોલે. જે તે વ્યક્તિના ગયા પછી નવરાશની પળોમાં ડૉ. મણિકાકાએ કહ્યું તેમ શાંતિથી જણાવે કે ગુસ્સે થવાથી શું ફાયદો. ગુસ્સે થઈને આપણો દિવસ શા માટે બગાડવો. આપણે કરવું હોય તે કરીએ. આ કામને તમે આમ કર્યું હોત તો સારુ. વળી કોઈ ફી માફી કરાવવા આવે તો તેના ગયા પછી મને કહે કે તેને આખી ફી માફી કરી આપો. હું કિરીટને કહું કે તેટલી રકમ મોકલી આપે. **તેમની આંખોમાં સામેની વ્યક્તિ માટે સદાય કરુણા જ ઝરતી રહેતી.** મને યાદ છે કે **કડીમાં હિંદુ-મુસ્લિમ તોફાનો સમયે ગરીબો અને મુસ્લિમોને મદદ કરતા હતા. તે સમયે તેમના એક મિત્રએ આમ ન કરવા સલાહ આપી ત્યારે તેમણે પેલા મિત્રને કહેડાવ્યું કે હવેથી તે મારા ઘેર ન આવે. હું માનવસેવા કરવા બેઠો છું. જ્ઞાતિ-જાતિના કોઈ ભેદભાવ કરવા નહીં.**

કડીના રાજકારણની એક જૂની વાત છે કે એક પ્રસંગે પોતાના મિત્રના કાજે સાહેબ, ડૉ. રામભાઈ કાકાનાં પત્ની ગોમતીકાકી અને નટુભાઈ ભાણાભાઈનાં પત્ની સામ સામે ચૂંટણી લડેલા. આ ત્રણેય મિત્રો પણ ખરા. ચૂંટણીનાં પરિણામ જે આવ્યાં હોય તે ખરાં પણ એ જ દિવસે સાંજે ત્રણેય સાથે બેસીને વાતો કરતા હતા. આવું એક વ્યક્તિત્વ કે જિંદગીમાં કોઈનાય માટે, કોઈ દષ્ટિથી ઊંઘમાં પણ ખરાબ ન વિચારતા હોય તેવા ડૉ. રામભાઈકાકા હતા. આવી સમદષ્ટિથી તેમણે જીવન પસાર કર્યું હતું. કડીના ડૉક્ટર સમાજમાં પણ તેમનું ભારે મોટું માન. ડૉ. મધુસૂદન શાહ અને ડૉ. કોરડિયા વચ્ચેના મીઠા

કલહને મધ્યસ્થી બની શાંત કરે. તેઓશ્રી જિંદગીપર્યંત સાચા અર્થમાં સંસ્થાને સમર્પિત બની રહ્યા હતા. નાદુરસ્ત તબિયતના કારણે કડીથી અમદાવાદ રહેવા ગયા ત્યારે પણ પ્રસંગોપાત્ત કડી કૅમ્પસમાં આવતા રહેતા. અહીં આવે ત્યારે પ્રફુલ્લિત રહેતા, જેની નોંધ કિરીટભાઈ અને તેમના પરિવારે પણ લીધી હતી. તેમનો ખીલેલો - ઉત્સાહિત ચેહરો જોઈને કિરીટભાઈ કહેતા કે આજે કડી જઈ આવ્યા લાગો છો.

મારે કહેવું રહ્યું કે પૂજ્યપાદ બ્રહ્મલીન પ્રમુખસ્વામી મહારાજના તેઓશ્રી કૃપાપાત્ર તો હતા જ, પરંતુ તેમણે પૂજ્યપાદશ્રીની અમારા ઘેર બબ્બે વખત પધરામણી અને ત્રણ-ત્રણ દિવસ સુધી તેમનો નિવાસ કરાવીને અમને તેમના આશીર્વાદ અપાવીને તેમજ અમારા ઘરને પવિત્ર કરાવ્યું હતું. - અમારું ઘર પ્રસાદીરૂપ બનાવ્યું હતું. તેમણે પ્રમુખ તરીકે અને તે પૂર્વે આ સંસ્થાને આપેલી સેવાઓ માટે આપણે તેમના ઋણી રહીશું. આ પુસ્તકોના પ્રત્યેક વાકયમાં તેમણે જેવું ઉમદા જીવન જીવ્યું હતું તેની વાતો કહેવામાં આવી છે. આ શીખ આપણે જીવનમાં સાચી રીતે વણી લઈશું તો જ આપણે ડૉ. રામભાઈકાકાને સાચી રીતે યાદ કર્યા કહેવાય. તેમના પગલે આગળ વધ્યા કહેવાઈએ. આપણે તેમના પરિવારજનોના આભારી છીએ કે તેમણે આ પુસ્તકો પ્રકાશિત કરવાનો આપણને મોકો આપ્યો છે. ડૉ. રામભાઈકાકાનાં લોકોપયોગી કાર્યો, સર્વોદય કાર્યકર તરીકે, મૂકસેવક તરીકે લોકોપયોગી કરેલાં કાર્યો આપણા માટે માર્ગદર્શક બની રહેશે. જયહિંદ. જયભારત.

કડીના પનોતા-પુત્ર અને ગુજરાત રાજ્યના પૂર્વ નાયબમુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે અધ્યક્ષીય ઉદ્બોધનમાં ઉપસ્થિત પરમ પૂ. ભક્તિપ્રિયદાસજી અને અન્ય મંચસ્થ મહાનુભાવોના મૂઠી ઊંચેરા વ્યક્તિત્વની ઓળખ કરાવીને સોનું સ્વાગત કરતાં ઉપસ્થિત પ્રત્યેક મહાનુભાવની આગવી વિશેષતા જણાવતાં કહ્યું હતું કે કડી તાલુકાના પનોતા પુત્ર અને સમગ્ર ગુજરાતમાં જાણીતા, પસિદ્ધ અને પ્રતિષ્ઠિત એવા આપણા કેળવણી મંડળના સદ્ગત પ્રમુખ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રથમ ડાયરેક્ટર - કુલપતિ, પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પૂજ્ય યોગીજી મહારાજના ખૂબ કૃપાપાત્ર, એવા આપણા સૌના વડીલ એવા ડૉ. રામભાઈ સાહેબનાં જીવન, કાર્યો અને કર્મો વિશે તૈયાર કરવામાં આવેલ બે પુસ્તકોનું વિમોચન કરાવવામાં આવ્યું તે કોઈ રાજકારણી કે સાહિત્યકાર દ્વારા નહીં, પરંતુ પૂજ્ય સદગુરુ સંત ભક્તિપ્રિયદાસજીના વરદહસ્તે. આ એક મોટી અને અનોખી વાત છે. ડૉ. રમણભાઈ, ડૉ. જયંતીભાઈ અને ડૉ. મણિભાઈએ તેમનાં વકતવ્યોમાં ડૉ. રામભાઈની સત્સંગી પ્રકૃતિ વિશે તેમજ યોગીજી મહારાજ સાથેના તેમના ભક્તિભાવભર્યા સંબંધો વિશે કહ્યું તે સાંભળ્યું. તેમની સાદગી નવી પેઢી માટે પ્રેરણાદાયી છે. ડૉ. જિતુભાઈ અને ડૉ. વિઠ્ઠલકાકાનો બુલંદ અવાજ સાંભળીને મને આનંદ થયો. કડી નગરપાલિકાને સ્વચ્છતા અને સર્વ વિદ્યાલયનો કોઈ વિદ્યાર્થી બેકાર ન રહે તેની કાળજી રાખવાનું સૂચન કર્યું તે પણ મને ગમી ગયું. વિઠ્ઠલભાઈ મર્મીલક્ષી બોલ્યા. તેમણે અઘરું લેશન આપ્યું.

પૂ. છગનભાએ સ્થાપેલી આ સંસ્થા સમાજસેવા માટે પ્લૅટફૉર્મ પૂરું પાડે છે. સર્વ વિદ્યાલય એક પવિત્ર પ્લૅટફૉર્મ છે. ડૉ. મણિભાઈએ કહ્યું તેમ સારાં કાર્યો કરવા માટે એક પ્લૅટફૉર્મ જોઈએ. **પૂ. છગનભા એ સ્થાપેલી આ સંસ્થા એક એવું માધ્યમ છે કે જેણે દેશભક્તિ અને સાદગીના વિચારો આપ્યા. આ સંસ્થામાં ડૉ. રામભાઈસાહેબ જેવા અનેક વડીલોએ તપશ્ચર્યા કરી છે, યોગદાન આવ્યું છે, ભોગ આપ્યો છે, તે ભૂલી શકીએ તેમ નથી.** ઉત્તર ગુજરાતના રાજકારણમાં કોઈએ સૌથી મોટું યોગદાન આપ્યું હોય તો સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ. આપણા વિદ્યાર્થીઓ ગુજરાતમાં અને અમેરિકા વગેરે દેશોમાં છવાઈ ગયા છે.

ડૉ. રામભાઈસાહેબે જે યોગદાન આપ્યું તે સદાય યાદ રહે તેવું છે. ખાસ તો સાયન્સ કૉલેજનું પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ તરીકે નામકરણ કરવામાં પણ તેમનું મોટું પ્રદાન છે. આપણા વિદ્યાર્થીઓ સમાજના વિવિધ ક્ષેત્રોમાં દેશ-પરદેશમાં મોટી ખ્યાતિ પામ્યા છે તે ગૌરવ લેવા જેવી બાબત છે. પૂ. શ્રી ધનાકાકા, મોહનભાઈસાહેબ, ડૉ. કનુભાઈ, શ્રી માણેકલાલસાહેબ જ્યારે જ્યારે દાન માટે અમેરિકા ગયા ત્યારે કોઈને કંઈ કહેવું નહોતું પડ્યું. તેઓશ્રી સરળતાથી ધાર્યા કરતાં મોટું દાન લાવ્યા હતા. **માણેકલાલ સાહેબની શાખ મોટી. આખું કડી તેમને ઓળખે. તેમણે ઘૂણી ધખાવી. તેમની સાથે ડૉ. રામભાઈ જોડાયા. ત્યાર પછી ડૉ. મણિભાઈ, ડૉ. રમણભાઈ, શ્રી જગદીશભાઈ વગેરે જોડાયા, અને પછી કિરીટભાઈ જેવા યુવાન કાર્યકરો જોડાયા, પરિણામે આ વટવૃક્ષ વિકસતું ગયું. પુણ્યાત્માઓના આશીર્વાદથી આ સંસ્થા એક ઘટાદાર વટવૃક્ષ તરીકે વિકસી છે,** જેની આપણે ડાળીઓ - પાંદડાં - ફળફૂલ છીએ. મારે કહેવું રહ્યું કે કડીમાં આજે સેંકડો પરિવારો છે કે જેમણે ભૂતકાળમાં કડીની મોટી સેવા કરી હતી, પરંતુ આજે આ પેઢી સમાજસેવા - શિક્ષણ - દાનનાં કાર્યોમાંથી લુપ્ત થઈ ગઈ છે. દાદા-પપ્પા ગયા પછી વાત પૂરી થઈ છે. આપણે એ રીતે નસીબદાર છીએ કે ડૉ. રામભાઈએ તેમના દીકરાઓને સંસ્કાર આપ્યા. તેથી બંને પુત્રો લાખો-કરોડોનાં દાન બધી શાળાઓ, વિશ્વ ઉમિયાધામ, સ્વામિનારાયણ મંદિર, મહોત્સવો વગેરેમાં આપતા રહે છે. દાનગંગાનો પ્રવાહ સતત વહેતો રાખે

છે. ભાઈ સરદારે વાત કરી અને ડૉ. જિતેન્દ્રભાઈ વગેરેએ કહ્યું તેમાં મારે એક વાતની ચોખવટ કરવી છે કે હું તો સરકારમાં હતો તેથી કડી માટે કંઈક કરી શક્યો, પરંતુ જેઓ રાજકારણમાં ન હતા, છતાં કડી માટે - આ સંસ્થા માટે ઘણું કર્યું છે. પોતે દાન આપ્યું, તેમજ બહારથી દાન લાવીને સેવાનાં કાર્યો કર્યાં છે. મેં 1979માં કડીથી રાજકારણની શરૂઆત કરી ત્યારે ડૉ. રામભાઈ સાહેબનો ભારે દબદબો હતો. મારે ડૉ. રામભાઈ સાથે સારા સંબંધો હતા. તેમની સાથે ઊઠકબેઠક ખરી.

હું જિતુભાઈને કહીશ કે આખા ગુજરાતમાં જે રાજકારણ હોય તે ખરું, પણ અમારા કડીમાં કોઈ રાજકારણ નથી. હું ભણતો હતો ત્યારથી સાંભળતો હતો, જોતો હતો. પરંતુ સર્વ વિદ્યાલયના મોટા મહાનુભાવો સાંકળચંદદાદા વગેરે પ્રખર વ્યક્તિઓ હતા. દાસકાકા તો સરદાર વલ્લભભાઈની નજીકમાં નજીક હતા. સર્વ વિદ્યાલયના સ્થાપકો પૈકીના એક. ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય ચાલુ થયું હોય તો માધવસિંહ સોલંકીની સરકારમાં દાસકાકા મંત્રી હતા તે વખતે કડવા પાટીદારોની સંસ્થાને જમીન માટે તેમણે માંગણી કરીને મેળવી આપી હતી. આપણી આ સંસ્થાને પૂ. દાસકાકા, શ્રી સાંકળચંદકાકા, શ્રી શિવાભાઈ, રામચંદ્રભાઈ, પ્રો. સ્વામિનારાયણ, શ્રી માણેકલાલ સાહેબ, મારા પિતા શ્રી રતિભાઈ, ધનાકાકા, શ્રી ભોળાભાઈ, શ્રી ડાહયાભાઈ, વગેરેની સેવાઓ મળી છે. **શ્રી માણેકલાલ સાહેબે એક વટવૃક્ષ વિકસાવ્યું છે, જેને વલ્લભભાઈ આગળ લઈ જઈ રહ્યા છે તે ગૌરવની બાબત છે. આપણા ઋષિ સમાન આચાર્યો શ્રી નાથાભાઈ સાહેબ, શ્રી મોહનભાઈ સાહેબ અને શ્રી મનુભાઈ સાહેબના આપણે ઋણી છીએ.** આ સૌનું પ્રદાન આપણી નજરસમક્ષ છે. આ બધુ આપણી નજર સામે છે, પરંતુ તે ભૂલાઈ જાય છે. લખેલું હોય તો આપણેય વાંચીએ અને આવનારી પેઢી પણ વાંચે. કડીને ન જાણતા હોય, સર્વ વિદ્યાલયને ન જાણતા હોય તે વ્યક્તિઓ પણ વાંચે. પુસ્તકોમાં હોય તો ગમે ત્યારે તેનો સદુપયોગ કરી શકે. આ બંને પુસ્તકો પ્રકાશિત કર્યાં છે તે આપણને અને આવનારી પેઢીને ખૂબ ઉપયોગી થશે. વિમોચિત બંને પુસ્તકો વાંચીએ-વંચાવીએ અને તેનો સદુપયોગ કરી સારું ગ્રહણ કરીએ. આવા સરસ કાર્ય માટે ભાઈશ્રી કિરીટભાઈ, શ્રી પ્રદીપભાઈ, શ્રી સરદારભાઈ વગેરેને અભિનંદન પાઠવું છું. આજે પૂ. ભક્તિપ્રિયદાસજી મહારાજ અહીં પધાર્યા તેનો પણ આપણને ખૂબ આનંદ છે. આવાં સંતોનાં પગલાં પડે તે પુણ્યશાળી વ્યક્તિઓના ત્યાં જ પડે તેનો આપણને લાભ મળ્યો છે. એ બદલ સર્વ સંચાલકોને, કિરીટભાઈના પરિવારને ખૂબ ખૂબ અભિનંદન. અસ્તુ ભારત માતાકી જય.

સમારોહના અંતમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રીશ્રી, કેમિકલ ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગપતિ, દાતાશ્રી અને સ્વ. ડૉ. રામભાઈ પટેલસાહેબના મોટા પુત્ર શ્રી કિરીટભાઈ પટેલે ઉપસ્થિત સૌ સન્માનનીય સભાજનો પ્રતિ આર્તસ્વરે ઋણસ્વીકારની ભાવના સહ આભાર ની લાગણી વ્યકત કરતાં સૌને 'જય સ્વામિનારાયણ' પાઠવીને કહ્યું હતું કે આજે 'સર્વ વિદ્યાલય' અને અમારા કુટુંબના આમંત્રણનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરીને વિદ્યા અને સંસ્કારભૂમિ એવા સર્વ વિદ્યાલયમાં પધારીને તેને પાવન કરવા માટે પૂજ્યપાદ સદ્ગુરુ સંત સ્વામી ભક્તિપ્રિયદાસ સ્વામીજીનાં શ્રીચરણોમાં સાદર વંદન પાઠવું છું. અને આ સાથે જ મંચસ્થ મહાનુભાવો અને આપ સૌનું હાર્દિક સ્વાગત કરીને સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પૂજ્ય સદ્ગુરુજી આપશ્રીની ઉપસ્થિતિથી હૈયું હરખાઈ રહ્યું છે. આ સાથે જ ઉમદા જીવનનો રાહ ચીંધતું પ્રેરક ઉદ્બોધન કરવા માટે, તેમજ મારા સદ્ગત પિતાશ્રી ડૉ. રામભાઈસાહેબ સર્વ વિદ્યાલયમાં આપશ્રીના સહાધ્યાયી હોઈ તેમની સાથેનાં સંસ્મરણો વર્ણવાની સાથે જ સર્વ વિદ્યાલયના સાંસ્કૃતિક પર્યાવરણને ઉજાગર કરી આપીને સર્વ વિદ્યાલય એટલે શું તેની સાચી ઓળખ કરાવી આપવા માટે પૂજ્ય સદ્ગુરુજી આપશ્રીને પુનઃ પુનઃ સાદર વંદન પાઠવું છું. પૂજ્ય સ્વામીજી આપશ્રી તો સર્વ વિદ્યાલયનું એક ગૌરવશિખર છો. સર્વ વિદ્યાલયે સાહિત્ય, શિક્ષણ, વિજ્ઞાન, રાજકારણ, વ્યાપાર-ઉદ્યોગ વગેરે ક્ષેત્રોમાં અનેકાનેક પ્રતિભાસંપન્ન વિદ્વાનો આપ્યા છે, જેમાં આપશ્રી ધર્મ-દર્શન-અધ્યાત્મ ક્ષેત્રનું એક દેદીપ્યમાન રત્ન છો. આપશ્રી અહી પધારી પુસ્તકના વિમોચનમાં આ સહભાગી થયા અને સ્પેશ્યલ આવ્યા તે માટે ખૂબ ખૂબ આભાર.

લોકસેવક, વહીવટીય શિસ્તના હિમાયતી અને રાજકારણ ક્ષેત્રે કડીના ગૌરવપુરુષ માનનીય શ્રી નીતિનભાઈ પટેલ સાહેબ કે જેમણે ગુજરાત રાજ્યના પૂર્વ-નાયબ મુખ્યમંત્રી તરીકે યશસ્વી સેવાઓ આપી છે. આપશ્રીએ સમારોહની અધ્યક્ષતા કરીને આ સમારોહને સાર્થકતા બક્ષી છે. ગૌરવ બક્ષ્યું છે. આપશ્રીના સુચિંતનીય ઉદ્બોધનમાં મારા પપ્પા સાથેનાં સ્નેહભીનાં સંસ્મરણો ઉજાગર કરી આપવાની સાથે સર્વ વિદ્યાલયની ગાથા વર્ણવી આપી તે માટે હૃદયપૂર્વક આભાર માનું છું.

આપણે સૌ જાણીએ છીએ કે સર્વ વિદ્યાલયના કર્ણધારો કે જેઓશ્રી પોતાને સેવક તરીકે ઓળખાવવાનું વધુ પસંદ કરે છે. અને ખાસ તો આવા પ્રસંગોએ નિમંત્રણ કાર્ડમાં પોતાના નામનો ઉલ્લેખ પણ કરતા નથી. પરંતુ, મંચસ્થ મહેમાન તરીકે મારા હઠાગ્રહને સ્વીકારીને આપણા દષ્ટિપૂત અને કર્મઠ ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે તેમનું તેમજ ડૉ. કનુભાઈ સાહેબ, શ્રી

મનુભાઈ સાહેબ અને શ્રી વિઠ્ઠલભાઈ સાહેબના નામનો ઉલ્લેખ કરવાની અનુમતિ પ્રદાન કરી. આ ઉદારતા માટે આ સૌ પ્રતિ આભારની લાગણી વ્યકત કરું છું. સરદારભાઈ, મારા હઠાગ્રહને ક્ષમ્ય ગણવા વિનંતી.

પરમ શ્રદ્ધેય આચાર્યશ્રી શ્રી મનુભાઈ પટેલસાહેબે આ પ્રસંગે લોકાર્પણ કરવામાં આવેલ બંને પુસ્તકોનું ગહન અધ્યયન કરીને તેનો ઊંડાણપૂર્વક સરસ પરિચય કરાવીને આ ગ્રંથોની મહત્તા દર્શાવી આપી. અને ખાસ આ બંને ગ્રંથો તૈયાર કરવામાં આપ સાહેબે જે મદદ કરી છે તે અવર્ણનીય છે. દર 15 દિવસે ફોન કરતા રહે અને કહેતા કે કિરીટ શું થયું ? કેટલે આવ્યું ? મારા સદ્ગત પિતાશ્રીની મૂઠી ઊંચેરી ગુણરાશિ સાકાર કરી આપી તે બદલ આપ સાહેબની સાદર વંદના પાઠવું છું. આમેય આપ સાહેબ તો પ્રાચીન ઋષિકુળ પરંપરાને દીપાવનાર સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત આચાર્ય છો. આપ સાહેબના આચાર્યત્વની સુવાસ આજે પણ આ પરિસરમાં મઘમધી રહી છે. આ સાથે જ અમારા પૂ. પિતાશ્રી અને તેમની સાથે અમારા પણ ગુરુવર્ય અને સાક્ષર પૂ. સ્વ. મોહનલાલ પટેલસાહેબનો સાદર ઋણસ્વીકાર કરું છું. તેમણે મારા પિતાશ્રીના જીવનકાળ દરમ્યાન તેમનું જીવનચરિત્ર **'સમાજહિતૈષી ડૉ. રામભાઈ પટેલ'** શીર્ષક હેઠળ લખીને અમને ઋણી બનાવ્યા છે. આ પુસ્તકનું નામ પણ તેમણે ગોઠવી આપ્યું હતું. જેનું વિમોચન આજે કરવામાં આવ્યું. અમે સૌ નોંધ લેતાં ગર્વ અનુભવીએ છીએ કે આજનું સર્વ વિદ્યાલય પૂ. નાથાભાઈ સાહેબ, પૂ. મોહનભાઈ સાહેબ, પૂ. મનુભાઈ સાહેબ વગેરેની નિષ્ઠાનું પરિણામ છે.

ડૉ. કનુભાઈ સાહેબ તો આપણા પરિવારના વડીલ છે - સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી છે. તેમના પૂજ્ય પિતાશ્રી સ્વ. વકીલ ધનાભાઈ સાહેબની જેમ તેઓશ્રી પણ સર્વ વિદ્યાલયને પૂર્ણતઃ સમર્પિત બની રહ્યા છે. સર્વ વિદ્યાલય પ્રત્યેની તેમની કર્તવ્યનિષ્ઠા અસાધારણ રહી છે. પરંતુ નાદુરસ્ત તબિયતના કારણે તેઓશ્રી આજે ઉપસ્થિત રહી શક્યા નથી. આ પ્રસંગે તેમનું સાદર સ્મરણ કરીને વંદન કરું છું.

આપણા પ્રદેશના અભ્યાસુ રાજકારણી, ગુજરાત વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય અને અમદાવાદના જાણીતા ઓર્થોપેડિક સર્જન અને પ્રબુદ્ધ વક્તા અને ક્યારેક કયારેક ટી. વી. દ્વારા આયોજિત ચર્ચામાં સાંભળીએ છીએ એવા શેરથાના વતની ડૉ. જિતુભાઈ પટેલ સાહેબે અમારા નિમંત્રણનો સ્વીકાર કરીને અમને ઋણી બનાવ્યા છે. તેમના ઉત્સાહવર્ધક, પ્રેરક અને સુચિંતનીય ઉદ્બોધન માટે કૃતજ્ઞતાની લાગણી અનુભવું છું. આ પ્રસંગે તેમના મોટાભાઈ શ્રી હસમુખભાઈ કે જેઓશ્રી અદના સર્વોદય કાર્યકર છે. સર્વોદયના કામકાજ હેતુ ઘણીવાર અમારા ઘેર રોકાયા છે. પાલનપુર પાસેના વીરમપુર પ્રદેશમાં તેમની સેવાઓને ધ્યાને લઈ તેમને દર્શક અવૉર્ડથી નવાજવામાં આવ્યા છે, જેની નોંધ લેતાં ગર્વની લાગણી અનુભવું છું.

આપણું ગૌરવ એવા **'શેરથાના ગાંધી'** તરીકે ઓળખાતા ડૉ. વિઠ્ઠલભાઈ સાહેબ અમેરિકાની હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીના **ગોલ્ડન ડઝન પ્રોફેસર્સ પૈકીના એક** છે. ગણિતશાસ્ત્રના વિદ્વાન અધ્યાપક છે. તેઓશ્રી સર્વ વિદ્યાલયમાં મારા પિતાશ્રી સાથે સહાધ્યાયી હતા. તેમણે આજે ઉપસ્થિત રહી તેમના જ્ઞાનનો / અનુભવનો લાભ આપ્યો તેમજ મારા પિતાશ્રી સાથેનાં સંસ્મરણો ઉજાગર કરી આપ્યાં તે માટે તેમનો ઋણી છું. આપણી સાયન્સ કૉલેજના પૂર્વ પ્રિન્સિપાલ ડાહ્યાભાઈસાહેબનો મારા પપ્પા સાથેનો ઘરોબો અને સંબંધોની સુવાસ આજે પણ કૅમ્પસમાં ચર્ચાય છે. તેમણે ખાસ ઉપસ્થિત રહી સંસ્મરણો વાગોળીને તેનો આપણને લાભ અપાવ્યો તે માટે તેમનો આભારી છું.

આપણા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સન્માનનીય અને કર્મઠ ચૅરમૅન શ્રી સરદારભાઈએ મારા સદ્ગત પિતાશ્રી પ્રત્યેની અસાધારણ શ્રદ્ધા-ભક્તિથી પ્રેરાઈને અથવા કહું તો પુત્રવત બની રહીને આ સમારોહને ગરિમાપૂર્ણ બનાવવા માટે, તેના સરસ આયોજન માટે જે સમય ફાળવ્યો છે, ચિંતા સેવી છે તેને શબ્દોમાં ન વર્ણવી શકું. આ સ્મૃતિગ્રંથ માટે લેખો મંગાવીને તેને ગ્રંથસ્વરૂપે પ્રકાશિત કરવામાં આપનું મોટું પ્રદાન રહ્યું છે. સરદારભાઈ આપનો આભાર માનવાનું સાહસ કરીશ નહીં, પરંતુ આપના મોટાભાઈ તરીકે આપની સાથે હરહંમેશ રહેવામાં મારું કર્તવ્ય સમજું છું. સરદારભાઈની વાત કરતાંની સાથે જ સર્વ વિદ્યાલયના આર્ષદૃષ્ટા કર્ણધાર સદ્ગત પૂ. માણેકલાલ સાહેબની સ્મૃતિ માનસપટલ ઉપર તાજી થાય છે. મારા પિતાશ્રી અને માણેકલાલસાહેબ વચ્ચેનો પરસ્પર આદરભાવ તેમજ સર્વ વિદ્યાલય અને કડી નગર પ્રત્યેની તેમની સમર્પિતતા આજે પણ લોકમુખે વહેતી રહે છે. લોકકલ્યાણ કાજે આવી ઉમદા બેલડીનું અવતરણ પરભવની પ્રીત સમાન ગણું છું. ભગવાન સ્વામિનારાયણને આર્તસ્વરે પ્રાર્થના કે અમને પણ તેમના આચાર-વિચારનું પાલન કરતા બનાવે. આ બંને પુણ્યાત્માઓને સાદર વંદન.

મંડળના મંત્રીશ્રીઓ સર્વશ્રી ડૉ. મણિભાઈ પટેલ સાહેબ, મંત્રીશ્રી પૂજ્ય ડૉ. રમણકાકા, અને પૂ. કાકાશ્રી ડૉ. જયંતીકાકા તો મારા કુટુંબના છે. આ બધા જ મારા વડીલો છે. આ સૌએ પોતાનાં હૃદયનાં ઊંડાણથી કર્તવ્યનિર્વાહની ભાવના સાથે ન કેવળ મંચને શોભાવવામાં કે પ્રસંગોચિત્ત ઉદ્બોધનોમાં, પરંતુ આ સમારોહના આયોજનમાં મને જે હૂંફ અને સહકાર આપ્યાં છે તે અવર્ણનીય છે. આ ત્રણેયે હૃદયનાં ઊંડાણથી અને

મમત્વભાવથી પ્રેરાઈને સ્મૃતિગ્રંથમાં વિસ્તારથી સંસ્મરણો વર્ણવ્યાં છે. આ ત્રણેય વડીલોને આભારના શબ્દો અર્થહીન બની રહે છે. આ સૌને પુનઃ પુનઃ સાદર વંદન પાઠવું છું.

આ સાથે જ અમારા નિમંત્રણનો સ્વીકાર કરીને પધારેલા આપણા મંડળના સન્માનનીય મંત્રીશ્રીઓ તથા દાતાશ્રીઓ, સર્વ વિદ્યાલયના દાનવીરશ્રી અને અમેરિકા સ્થિત આપણા ગૌરવશીલ એમ્બેસેડર તથા ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી વી. પી. પટેલ, કડી નગરપાલિકાના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, આપણી સપ્રસિદ્ધ કાલુપુર કૉમર્શિયલ કૉઓપરેટિવ બૅંક લિ.ના સાચા અર્થમાં દૂરંદેશિતાશીલ કર્ણધાર - ચૅરમૅન શ્રી નવનીતભાઈ પટેલ અને ડાયરેક્ટર શ્રી કૌશિકભાઈ પટેલ, આપણી કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, વિશ્વવિદ્યાલયના રજિસ્ટ્રાર શ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલા, અન્ય સૌ સ્નેહીજનો - વડીલો - મિત્રો વગેરેની ઉપસ્થિતિ જોઈને હૈયું ભાવવિભોર થઈ ગયું છે. આ સાથે ગર્વની લાગણી પણ અનુભવું છું. આભારના શબ્દો અર્થહીન બની રહે છે. આબાલવૃદ્ધ સૌને સાદર વંદન.

આ સમારોહ માટે સરસ અને ગૌરવશીલ મંચ વ્યવસ્થાપન, સભાખંડના શણગાર, ભોજન વ્યવસ્થા વગેરે અનેકાનેક નાનાં-મોટાં કાર્યો મારા સદ્‌ગત પિતાશ્રી પ્રત્યેની લાગણીથી પ્રેરાઈને મંડળ સંચાલિત શાળા-કૉલેજો-યુનિવર્સિટીના કુલસચિવશ્રી, અધ્યક્ષશ્રીઓ, પ્રિન્સિપાલશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ વગેરેએ પ્રસન્નતાપૂર્વક સંપન્ન કર્યાં છે. અને ખાસ તો સભામંચના વ્યવસ્થાપન અને ઉદ્‌ઘોષક તરીકે શ્રી શૈલેષભાઈ પટેલે અને તેમના સહયોગી શ્રી પંકજભાઈ અને શ્રી ભાવેશભાઈ ઉપાધ્યાય નો ખૂબ ખૂબ આભાર માનું છું. ગર્વની લાગણી અનુભવવા સાથે આ સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરું છું. આ સાથે જ વિવિધ સમૂહ-માધ્યમોના પ્રતિનિધિશ્રીઓની ઉપસ્થિતિમાં મારા પિતાશ્રી પ્રત્યેનો પ્રેમ છલકતો જોવા મળ્યો છે. તેમનો પણ આભાર માનું છું. અને છેલ્લે મારાં પૂજ્ય બા, પૂજ્ય જયંતીકાકા, ભાઈ પ્રદીપ, બહેન પ્રવીણા વગેરે પરિવારજનોની હૂંફ સદાય સ્મરણીય બની રહેશે. આ પ્રસંગે સ્વ. પૂજ્ય ચંપાકાકીનું સાદર સ્મરણ કરીને તેમની અભિવંદના પાઠવું છું.

આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે અમે અમારા પિતાશ્રીનો કયારેય કોઈને ન મળે તેવાં પ્રેમ. Rarest Rare કરી શકાય તેવું તેમનું પિતૃત્વ માણ્યું છે. અમારી ઉપર તેમણે કદાપિ પોતાની ઇચ્છાઓ થોપી ન હતી. અમને અમારી રુચિ અનુસાર અભ્યાસ માટે તેમજ ધંધા-ઉદ્યોગ માટે છૂટ આપી હતી. મને મેડિકલ ફાવે નહી તેથી પપ્પાને કહ્યું કે મારે એન્જિનિયર થવું છે. તેમનું દવાખાનું હોવા છતાં પણ મને કહ્યું કે કોઈ વાંધો નહીં એન્જિનિયર થાઓ. મને એન્જિનિયર થવામાં તકલીફો પડી પણ મને મદદ કરતા રહ્યા હતા. અમારી તકલીફોના સમયે ટીકા ન કરતાં અમારી પડખે ઊભા રહેતા. આ બધી વાતો અમે અમારા સંસ્મરણ-લેખોમાં કરી છે. તમે વાંચશો. અને આ સાથે જ કહેવું રહ્યું કે અમને બ્રહ્મલીન પ્રમુખસ્વામી મહારાજ, પૂ.યોગીજી મહારાજ અને સદગુરુ સંત સાધુ ભક્તિપ્રિયદાસજી મહારાજના માધ્યમથી ભગવાન સ્વામિનારાયણ અને તેમણે પ્રશસ્ત કરેલ પંથના સંસ્કારવારસાથી તરબતર કર્યાં છે તેનાથી અમે ધન્યતા અનુભવીએ છીએ. આપણા હિંદુધર્મમાં માનવજીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષ પ્રાપ્તિનું ગણાવ્યું છે. આમછતાં જો મારો પુનર્જન્મ થવાનો હોય તો મને આ જ માતા-પિતા મળે તેવી ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરું છું. અને **છેલ્લે મારા પિતાશ્રીની અને અમે તેમનાં સંતાનો પણ સર્વ વિદ્યાલયની નીપજ છીએ. વધુમાં, તેમનો ૠણસ્વીકાર કરતાં વિનમ્રતાપૂર્વક જાહેર કરું છું કે મારા પિતાશ્રીના પગલે-પગલે અમે પણ સર્વ વિદ્યાલયને સમર્પિત બની રહીશું.**

અને, છેલ્લે મારી પુત્રવધૂ ચિ. ધારાની કાવ્યબાનીમાં સદ્‌ગત પિતાશ્રીને શ્રદ્ધાંજલિ આપું છું -

**પ્રભુ, તમારાં દર્શન તો દુર્લભ હતાં અમારા માટે,**
**પણ 'રામદાદા'ના સ્વરૂપે 'રામ'ની હયાતી**
**અનુભવી હતી અમે જરૂરથી.**

. . .

**એ ઓરડો,**
**અગરબત્તીની સુવાસ સમી હાજરી પૂરતો**
**ભલે દિશે આમ જ ખાલી ખાલી**
**પણ, જે હજીય ભરેલો છે**
**એમની અણમોલ યાદોથી**

. . .

**આજે**
**એટલું જ માગું કે**
**અમારા દાદા મળે જનમોજનમ.**

આપ સૌને ભોજન-પ્રસાદ માટે સસ્નેહ સાદર પ્રાર્થના છે. જય સ્વામિનારાયણ !

સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન એસ. એમ. કે. પ્રાથમિક શાળા, ભાવપુરા, કડીના આચાર્ય શ્રી શૈલેષભાઈ પટેલે કર્યું હતું, જ્યારે સભામંચ, સભામંડપનું દૃષ્ટિપૂત અને ધ્યાનાકર્ષક આયોજન અને આનુષંગિક કામગીરી સર્વ વિદ્યાલય પરિવારે સંભાળી લીધી હતી.

ઇતિહાસની અટારીએથી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર

# વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાલયનો ખાતમહોત્સવ પ્રસંગ, તા. ૨૧-૪-૧૯૨૩

જન સમાજની ઉન્નતિ અર્થે મંથન કરનાર પુરુષો માટે આજનો દિવસ માંગલિક હતો. સપરમો દિવસ સવારથી જણાય તે પ્રમાણે આજે જ્ઞાતિ તેમજ દેશોન્નતિના અભિલાષી પાટીદારો નિત્ય કર્મથી પરવારી વહેલા મળસ્કામાં મંડળ તથા મુહૂર્તના સ્થાન પર પોતપોતાના કાર્ય નિમિત્તે આમ તેમ ઉમંગભેર ફરતા હતા. પાટીદાર જ્ઞાતિની કે, કહો ગુજરાતની ઉન્નતિના માર્ગની ગતિમાં આજે એક સબળો ઉમેરો તેમજ દરેકના મનનું દઢીકરણ કરનારું કાર્ય આ મંગળ પ્રભાતે થનાર હતું. ગુજરાતની આધારભૂત પાટીદાર કોમ તરફથી પોતાના તેમજ પોતાના પાડોશી બંધુના લાભાર્થે સ્વપ્રયત્નથી અને સ્વબળ ઉપરથી એક ભવ્ય વિદ્યાર્થી આશ્રમની ઇમારતનું આજે ખાતમુહૂર્ત હતું.

સુવિદ્વાન **સુશીલ શાસ્ત્રી મણિશંકર** આ શુભ કાર્ય કરાવવા તૈયાર થઈ રહ્યા હતા. તેમણે મુહૂર્ત સ્થાન નક્કી કરી આપતાં જણાવ્યું કે આ કાર્યમાં પૂર્ણ ખંત, ઉત્સાહ તેમજ પ્રેમ ધરાવનાર કોઈ સશક્ત પુરુષ પાસે આ ખોદાવો. તદનુસાર **આદરજના પટેલ રણછોડલાલ કાળિદાસને** સૂચના કરતાં પવિત્ર ગંગાજળથી પ્રોક્ષિત, કુમકુમ અક્ષતથી પૂજા પામેલી ભૂમિ ઉપર તેવી જ પૂજા પામેલો ત્રિકમ હાથ ધરી –

**सहनाडवतु सहनौभुनक्तु सहवीर्य करवावहै**
**तेजस्वीनावधीतमस्तु माविद्विषावहै ।          - ઋગ્વેદ**

*

**संगच्छध्वं संवदध्वं संवो मनांसि जीनताम्**
**समानो मंत्र स्समिति स्समानी समान मनस्सह चित्त मैषाम्।।**
**- ઋગ્વેદ**

આદિ વેદ મંત્રોચ્ચારણ સહિત સૂર્ય સન્મુખિ ઊભા રહી પૂર્ણ ઉલ્લાસથી તેમણે કાર્ય શરૂ કર્યું. સ્વશક્તિમદથી ગર્વાક્તિ ગૌર ભાલ પ્રદેશનું ત્રિપુંડ કાર્ય પરત્વેની અંતર ઊર્મિઓનો સાક્ષાત્કાર કરતા મુખમુદ્રા પર છવાયેલા આનંદ સાથે આધેડ વયના ઠરેલપણાની છાપ તથા પરિશ્રમને લઈને વળતાં ઝીણાં-ઝીણાં પ્રસ્વેદ બિન્દુઓ પર બાલ સૂર્યના સોનેરી કિરણો પડતાં તેમની જે સુંદર મનોહરભાવનાયુક્ત મૂર્તિ દેખાતી તે આ આશ્રમમાં રહી કેળવણી પામનાર ગુર્જર બાળકો ભવિષ્યમાં કેવાં થવાનાં છે તેના નમૂનારૂપ જાણે ન હોય તેવો ભાસ થયા સિવાય રહેતો નહોતો. ખોદવાનું કાર્ય પૂરું થતાં પૂજાનું કાર્ય શરૂ થયું.

મનોમય માત્ર ભાવનાત્મક સૃષ્ટિથી અજાણ તેમજ તેટલું ઝીલવા માટે કાચાં બાળકોના મનમાં પોતે જે માર્ગે જાય છે તે શું અને કેવો છે તેનો ખ્યાલ આણી ઉચ્ચ ભાવનાએ દોરવાની સીડીરૂપ, આદર કરવા માંડેલા આશ્રમમાં હંમેશ માટે સ્થૂળ રૂપે સ્થાપન કરવા ધારેલાં સરસ્વતી દેવીનું સુંદર મનોહર છબિમાં આહ્વાન કરી પૂજા કરી શ્રી મહાગણાધિપતિનું મુહૂર્તના ખાતનું તેમજ બિરાજમાન સ્વામીશ્રીનું પણ શુભ ભાવનાથી પરિપૂર્ણ શુદ્ધ અંતઃકરણની ઊંડાઈથી પૂજન થયું.

ઘડિયાળમાં આઠ થવા આવ્યા. પાસે રચેલા સુંદર, સુઘડ ભભકારહિત છતાં મનને આહ્લાદ આપનારી સામગ્રીથી સજ્જિત મંડપમાં, નિમંત્રેલા ગામ-પરગામના ગૃહસ્થોની ઠઠ જામી હતી. વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુસરતું 'સુખદાયિની સરસ્વતી માતા તું' નામની સ્તુતિથી મંગલાચરણ કર્યું. તે પૂરું થતાં થતાં અહીં મુહૂર્તનો સમય થતાં **શ્રીમાન શેઠ દુર્ગાપ્રસાદભાઈને મુહૂર્ત સ્થાન પર નિમંત્ર્યા. સર્વ મંડળ સહ તેઓશ્રી ત્યાં પધાર્યા. સઘળા નિમંત્રિત દેવતાઓનું પૂજન કરી બરાબર સવા આઠ થતાં વિધિયુક્ત ખાતક્રિયા કરી આનંદમગ્ન થઈ નિમંત્રેલા દેવતાઓની પ્રસાદીરૂપ ગોળ-ધાણાથી સર્વેએ મોં મીઠાં કર્યાં.** આ ક્રિયા પૂરી થતાં સરસ્વતી દેવી સહિત સર્વે મંડપમાં ગયા. અગ્રસ્થાને મૂર્ત દેવી બિરાજ્યાં. તેમના દક્ષિણ હસ્તે તે ભારતીના પરમ ઉપાસક નારાયણ સ્વરૂપ સ્વામીશ્રી

વિદ્યાનંદજી તથા સ્વામીશ્રી દયાનંદજી બિરાજ્યા. તથા વામ ભાગની જગ્યા દેવીના ઉપાસકોને અનુમોદન અને પ્રોત્સાહન આપવા હંમેશ તૈયાર શેઠ દુર્ગાપ્રસાદભાઈ તથા શેઠશ્રી સોમનાથ રૂપજીભાઈએ લીધા બાદ વૃન્દ પોતપોતાની યોગ્યતા પ્રમાણે સર્વ આસપાસ ગોઠવાઈ ગયું. દેવીનાં સ્તવન-સ્તુતિનું કાર્ય શરૂ કરતાં પ્રથમ **કડી શહેરના કહો કે કડી પ્રાંતના કહો, અગ્રગણ્ય અમીન કુટુંબના મુખ્ય અમીન ચતુરભાઈ રાધાભાઈએ** પધારેલા સર્વ પ્રાહુણાઓને આવકાર આપતાં જણાવ્યું કે આજનો માંગલિક સમારંભ સર્વને સુવિદિત છે. શ્રીમંત મહારાજા સાહેબના કેળવણીના ઉચ્ચ આશય અને સબળ પ્રયત્ને આપણામાં કંઈક જાગૃતિ આવી છે. કેટલાંક વર્ષથી જ્ઞાતિ સુધારાની હિલચાલ તરફ આપણાં ધ્યાન દોરાયાં છે ! અને તે માટે અત્યાર સુધીમાં ઘણા પ્રયત્નો પણ કર્યા છે. જેમાંના દરેકે સમાજ ઉપર જરૂર કાંઈ ને કાંઈ અસર કરી છે જ. પ્રથમ પ્રયત્નમાં આપણે સંવત 1963-64માં કડીમાં ખેડૂત-સમાજ સ્થાપી, જેણે થોડો વખત કેટલું કાર્ય કર્યું અને જોકે એ અદશ્ય થઈ જતાં સમાજ પર કાંઈક છાપ પાડતી ગઈ અને સંસ્કારનાં કેટલાંક બી વેરતી ગઈ.

આ સિવાય જ્ઞાતિમાં તેમ જ કડી પ્રાંતમાં વચ્ચે ઘણી હિલચાલ થઈ છે. સંવત 1975માં સદર કેળવણી મંડળ સ્થપાયું અને સંવત 1876માં હાલ ચાલતા વિદ્યાર્થી આશ્રમની અહીં સ્થાપના થઈ. સંવત 1978થી તેના અંગે એક શાળા પણ ચાલુ કરવામાં આવી છે. આ બધાને પા. છગનલાલ પીતાંબરદાસના જ્ઞાતિસુધારણાના ઉમદા આશય અને તે માટેની પૂર્ણ ખંતનાં પરિણામ હું માનું છું. તેમના નજીકના સંબંધીઓ અને જ્ઞાતિભાઈઓ – બાર ગોળના આગેવાનોએ આ કાર્યને પોતાનું કરી ઉપાડી લીધું છે. અને તેમ કરી તેમણે કાર્યની અને છગનલાલ પટેલની ખરી કદર કરી બહાર પોતાની પણ કદર કરાવી છે. અત્યાર સુધી બધું તેમણે નિભાવ્યું છે, એમ જ કહેવાય. હવે સ્વરૂપ વિશાળ થયું છે અને ઘણાએ મદદ કરવી જોઈએ છે. આશ્રમને પ્રથમ જરુરિયાત મકાનની છે. જે તરફ દરેકે ધ્યાન ખેંચવાની જરૂર છે. આ વિશેની વધુ વિગત મંત્રી તરફથી રજૂ થનાર હોવાથી કાળક્ષેપ ન કરતાં આટલેથી પૂરું કરું છું.

આનંદ, ઉલ્લાસ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સમારંભ પૂરો થયો. સભા મંડપમાં જ સંસ્થાને સહાયરૂપ થવાની લાગણી ભરપૂર દેખાઈ. જે એ વખતે જ જાહેર થયેલા દાન ઉપરથી સહેજે જોઈ શકાશે. એ વખતે એક સંન્યાસી ઉપરાંત અન્ય ગૃહસ્થો તરફથી આશ્રમના મકાનની 14 ઓરડીઓ બંધાવી આપવાની જાહેરાત થઈ. સભામાં રૂ. 171/-ની રોકડ રકમ દાનમાં મળી અને રૂ. 1131/-ના દાનનાં વચનો અપાયાં.

સભાના સમાપનમાં મંત્રીશ્રી નગીનભાઈ વૃજલાલ પટેલે આ પ્રમાણે કહ્યું :

અમારા માટે ભવિષ્યમાં ઘણા પ્રસંગો અનુભવવામાં આવશે. તેમનો આ પહેલો અને એક અનેરો પ્રસંગ છે. ધારેલા ધ્યેય અને કરેલાં કાર્યોનું પરિણામરૂપ મહોરની જે ઝાંખી આજે થાય છે તે હૃદયને ઉત્સાહ અને લાગણીથી હલબલાવી રહ્યું છે તે વચનથી વ્યક્ત કરી શકાય એમ નથી. કામ કરતાં સાંભળવા પડેલા મન કમનના ઊંચાનીચા ભારે હલકા શબ્દોની જો ક્યાંય અસર રહી હશે તો તે આજની અખંડ ધારે વ્હેતી અમીથી ધોવાઈ જાય છે. કામ કરતાં વેઠવી પડતી ઘરની, બહારની, મનની કે શરીરની અગવડ કે કષ્ટ આજના જ્ઞાતિ-સ્વરૂપનું દર્શન થતાં સુખ અને આનંદમાં ફેરવાઈ જાય છે. આવાં કાર્ય કરતાં આસપાસથી ઘણું સાંભળવું પડે છે કે ‘આમ કરવાથી પોતાનું શું વળ્યું? ઘેર શાં કારેલાં વઘારાયાં?’ આવાં વચનોનો જવાબ આજે સભા જ આપી રહી છે. આજે જે પ્રમાણે અને જે રંગે કાર્ય ચાલે છે તે પ્રમાણે ચાલ્યું જાય તો ઘેર ઘેર ઉત્તમ પ્રકારે કારેલાં વઘારાય, જેની સુવાસ લેતાં જેનું પોતાનું સ્વત્વ બહોળું છે તેઓ જ્ઞાતિનો દિવસ વળ્યો જાણી સ્વસ્થાને બેઠા બેઠા આનંદમગ્ન રહે. આ શું થોડી લહાણ છે? આથી વિશેષ શું વળે? આથી વિશેષ શું મળે ?

ચાલુ ગતિએ કાર્ય થયે જાય તો થોડે સમયે આ જ્ઞાતિ તથા તેના આધારે રહેલા ગુજરાતનો ઉદ્ધાર ટૂંક સમયમાં થયેલો જ સમજવો. અકેકા હળ ઉપર જીવનાર પાટીદારો, તમે આજે બતાવેલી ઉદારતા જેવીતેવી નથી. આજે તમે પૈસાનો જે વરસાદ વર્ષાવ્યો છે તે બીજી કોઈ ધનાઢ્ય કોમ પણ ન કરી શકે. જે માણસો પોતાના જીવ જોડી આ કાર્ય કર્યા કરે છે તેઓ તમારી આ ઉદારતાના વિશ્વાસ અને આધારે જ, અધઃપતન પામેલી આ જ્ઞાતિમાં જન્મવામાં જો કાંઈ મગરૂરી અને આશા રાખી શકીએ તો તે એટલી જ કે તે જૂની છે. જૂના શક્તિશાળી, પ્રભાવશાળી, પુરુષોમાંથી ઊતરી આવી છે. જેનું મહત્ત્વ હજી નાશ નથી પામ્યું. જો પ્રયત્નથી સદ્ભાવ સિંચન થાય તો સંસ્કૃતિનો ઉદ્ધાર થઈ મૂળ સ્થાન મેળવી શકાય.

**(નોંધ** : કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સંવત 1979ના વાર્ષિક અહેવાલનો અક્ષરશઃ પાઠ.

મોહનલાલ પટેલકૃત 'શ્રી પ્રજ્ઞાદીપ છગનભા', કડી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, 1989. પુનર્મુદ્રણ 2007, પૃ. 58-61માંથી સાભાર.)

●

## ખાતમુહૂર્ત

**રા. પટેલ પુરષોત્તમભાઈ રણછોડદાસ - કડી**

**વૈશાખ સુદી પાંચમ, તા. 21-4-23નો દિન જ્ઞાતિના ઇતિહાસમાં સોનેરી અક્ષરથી લખાશે. આજે ખાતમુહૂર્ત થયું. શાનું ? કડવા પાટીદારના ગૌરવનું; જ્ઞાતિઉન્નતિનું. આજે જ્ઞાતિઉન્નતિનો પાયો નંખાયો, જ્ઞાતિજનો તેને પોષે તો જ્ઞાતિની ઉન્નતિ થોડા વખતમાં થાય અને પાટીદાર કોમ પોતાનું અસલ ગૌરવ પુનઃપ્રાપ્ત કરે.**

સમાજની ઉન્નતિનો મુખ્ય આધાર કેળવણી છે. રાષ્ટ્રભાવના પોષે તેવી કેળવણી જેટલા પ્રમાણમાં પ્રજા સંપાદન કરે, તેટલા પ્રમાણમાં પ્રજાની ઉન્નતિ થાય, પણ આજે તો સંપાદન કરે તો તેને ખેતી જેવા ઉત્તમ અને સ્વતંત્ર ધંધા માટે તિરસ્કાર ઉદ્‌ભવે છે અને હલકી શૂદ્રને છાજતી ગુલામીવત્ નોકરી-સરકારી કે ખાનગી - રૂચે છે, કાં તો મીઠામરચાંની નાનકડી દુકાન માંડી લક્ષ વેપારી થવાનું પસંદ કરે છે. આવા દાખલાઓ જ્ઞાતિમાં અસંખ્ય થયા છે અને થતા જાય છે.

આમ ચાલુ રહે તો આપણી કોમ જે આજે ફક્ત નૈતિક સ્વતંત્રતા ભોગવી રહી છે તે કાલે નોકરિયાત શૂદ્રકે તેલી-મોચી વેપારી બની જાય.

આવા સંજોગો જ્ઞાતિના કેટલાક હિતચિંતકો સહી શક્યા નહીં. તેમની આંખો ઊઘડી અને ભાન થયું કે ચાલુ કેળવણીથી તો જ્ઞાતિ નાશ તરફ ઘસડાઈ જશે. તરત જ તેમને પ્રયત્ન આદર્યો અને કડી મુકામે વિદ્યાર્થીઓ માટે જૂના મુનિઓના ગુરુકુળ જેવી સંસ્થા બનાવવાના ઉદ્દેશથી એક વિદ્યાર્થી-આશ્રમ, રૂ. 12 જેવી નાનકડી રકમથી ખોલ્યો. પ્રભુ, સત્કાર્યમાં સહાય કરે છે. એક સ્વામીજીએ રૂ. 12મા પાંચ રૂપિયા ઉમેર્યા અને આશીર્વાદ આપ્યા કે તેટલી રકમથી તમારું કાર્ય શરૂ કરો. પ્રભુ તમને સહાય કરશે.

પરમાત્માએ આશ્રમ તરફ જોયું. ઉત્સાહી કાર્યકર્તાઓ મેળવી આપ્યા. પૈસાની પણ કશી તાણ ન પડી. **કડી વગેરે બાર ગામોનો ગોળ છે. તે ગોળે તો આશ્રમ ઉપર પૈસાનો વરસાદ વરસાવ્યો. કહીએ તો ચાલી શકે કે આશ્રમની વર્તમાન સ્થિતિ બારના ગોળ અને તેના પટેલોને આભારી છે.** આશા રાખીએ છીએ કે બીજા ગોળો બાર ગામના ગોળનું અનુકરણ કરશે.

એકલા આશ્રમથી ધારેલો ઉદ્દેશ બર આવશે તે વિશે કાર્યકર્તાઓમાં શંકા ઉદ્‌ભવી. તેથી જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાષ્ટ્રભાવનાને પોષણ મળે તેવી કેળવણી અપાય તેવા ઉદ્દેશ્યથી એક શાળા-વિદ્યાલય કડીમાં ખોલવામાં આવ્યું અને વિદ્યાલયને પણ સારા કાર્યકર્તાઓ મળી આવ્યા. આશ્રમ તથા વિદ્યાલયના કાર્યકર્તાઓ માટે અમારે કહેવું પડે છે કે તેઓ જે ઉત્સાહ, ખંત અને બાહોશીથી કામ કરે છે તેવું કામ આ રાજ્યની અન્ય કેળવણીની સંસ્થાઓમાં થાય તો વડોદરા રાજ્યની કેળવણી આદર્શ અને બીજા રાજ્ય માટે અનુકરણીય બન્યા વિના રહે જ નહીં.

આશ્રમ તથા વિદ્યાલયનું નિયમિત કાર્ય જોઈ સૌ કોઈ પ્રસન્ન થતું તેમાં કાંઈ નવાઈ નથી; પણ હર્ષની વાત તો એ છે કે સૌ કોઈ જ્ઞાતિજનોનું આ સંસ્થાઓ તરફ ધ્યાન ખેંચાયું અને સર્વ કોઈને લાગ્યા વિના ન રહ્યું કે આ સંસ્થાઓને પૂર્ણ પોષણ મળે તો પાટીદાર કોમને માટે નમૂનેદાર ગુરુકુળ બને.

જ્ઞાતિજનોના આશીર્વાદથી પૈસા એકઠા થયા. જમીન ખરીદાઈ. વ્યક્તિ કે ગામ સમસ્ત ઓરડીઓ કબૂલાઈ. એમનાં શુભ નામો આપને હવે પછી વિદિત કરવામાં આવશે. વૈશાખ સુદ પાંચમને શુભ દિને આપણી જ્ઞાતિના ગર્ભશ્રીમંત શેઠશ્રી દુર્ગાપ્રસાદ લશ્કરીના શુભ હસ્તે આશ્રમ અને વિદ્યાલયના મકાનનું ખાતમુહૂર્ત થયું.

**જ્ઞાતિજનો યાદ રાખશે જ કે સુદ પાંચના દિને ફક્ત સ્થૂલ મકાનનું જ કાંઈ ખાતમુહૂર્ત થયું નથી, પણ જ્ઞાતિની ઉન્નતિ અને પ્રાચીન ગૌરવ પુનઃ પ્રાપ્ત કરવાના શુભ પ્રયાસનું પણ ખાતમુહૂર્ત થયું છે** અને એ ઇચ્છીએ છીએ કે જ્ઞાતિ ઉન્નતિના આ ખાતમુહૂર્તને દરેક વ્યક્તિ કે ગામ તન, મન અને ધનથી પોષે; સખીગૃહસ્થો સદરહુ સંસ્થાને પોતાના નામની ઓરડી બંધાવી આપે; ગામને અમર કરે અને શ્રીમંતવર્ગ બેઉ સંસ્થાઓને પોતાની શ્રીમંતાઈથી પોષે અને કાર્યકર્તાઓ સંસ્થાનો ઉદ્દેશ બર લાવવા કટિબદ્ધ બને.

પ્રભુ તેમને શક્તિ આપો. અસ્તુ.

કડવાવિજય-1923

(મંગુભાઈ પટેલ. શ્રી બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી એક અલગારી આચાર્ય. અમદાવાદ : પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, 2008, પૃ. 34-36માંથી સાભાર)

# ગુજરાતમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે નવો આયામ અને તેનો સૂચિતાર્થ

પ્રો કમલેશ જોષીપુરા

ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે વિદેશી યુનિવર્સિટીઓ દ્વારા ભારતમાં કેમ્પસ સ્થાપવા અર્થેની ચર્ચા ઘણાં વર્ષોથી ચાલતી હતી, પરંતુ વર્તમાન સમયમાં પ્રત્યક્ષ રીતે ટૂંક સમયમાં ભારતમાં પ્રથમ કહી શકાય એ પ્રકારે ઑસ્ટ્રેલિયાની વિશ્વવિખ્યાત ડાઇકિન યુનિવર્સિટીને ઇન્ટરનૅશનલ ફાઇનાન્સિયલ સર્વિસિસ ઑથોરિટી દ્વારા ગુજરાત ઇન્ટરનૅશનલ ફાઇનાન્સ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટી ખાતે કેમ્પસ સ્થાપવા અર્થેની મંજૂરી મળી છે. આમ **ડાઇકિન યુનિવર્સિટી** રાજ્યમાં કેમ્પસ સ્થાપવા અર્થે મંજૂરી મેળવનાર પ્રથમ યુનિવર્સિટી બની છે, સાથોસાથ અન્ય એક યુનિવર્સિટીએ પણ ગુજરાતમાં કેમ્પસ શરૂ કરવા અર્થેની જાહેરાત કરી છે. સમગ્ર રીતે જોતાં ઑસ્ટ્રેલિયાની બે યુનિવર્સિટીઓ ગુજરાતમાં ટૂંક સમયમાં પોતાનું કેમ્પસ શરૂ કરી રહેલ છે. ગુજરાતના ઉચ્ચ શિક્ષણ જગત માટે અને સમગ્ર દેશ માટે આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ એવો ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રનો અધ્યાય લેખાશે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં વિશ્વની પ્રતિષ્ઠિત અને વિખ્યાત એવી ટોચની યુનિવર્સિટીઓને ભારતમાં પોતાનાં કેમ્પસ શરૂ કરવા અર્થે આવશ્યક એવી સગવડતા ઊભી કરવા અર્થેની ભલામણ કરવામાં આવી હતી અને આ અનુસંધાને જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન 'વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ' દ્વારા એક ડ્રાફ્ટ રેગ્યુલેશન્સ **''સેટિંગ અપ એન્ડ ઑપરેશન ઑફ કેમ્પસિસ ઑફ હાયર એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન'' દેશ સમક્ષ મૂકવામાં આવ્યું અને આ મુસદ્દામાં સમગ્ર રીતે ભારતમાં કેમ્પસ શરૂ કરવા અર્થે કાયદાકીય પ્રબંધો તેમજ સવિશેષ રીતે ખૂબ જ જરૂરી એવા રેગ્યુલેશન્સ, ગવર્નન્સની પદ્ધતિઓ અને ખાસ કરીને કયા ક્ષેત્રમાં શરૂ કરી શકાશે સહિતની બાબતો આવરી લેવામાં આવેલ.**

મુસદ્દો જાહેર કર્યાના બે જ મહિનાની અંદર વિદેશની ઘણીબધી યુનિવર્સિટીઓ દ્વારા ભારતમાં પોતાનાં કેમ્પસ શરૂ કરવા અર્થેની હિલચાલનો પ્રારંભ થવાની સાથે આ પ્રક્રિયા અને પૂછપરછમાં ગતિ આવી ત્યારે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના અધ્યક્ષ શ્રી જગદીશકુમારે આ રેગ્યુલેશન્સમાં ભારતના વિદ્યાર્થીઓને પરવડે તે પ્રકારનું ફીનું માળખું, પ્રવેશ મેળવવા સંદર્ભેની પાત્રતા અને યોગ્યતા માટે કેટલીક જોગવાઈઓ અને આ સંદર્ભમાં ભારતનો ઉદ્દેશ્ય અને ખ્યાલ શું છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ તેમજ ભારતની અગ્રતાઓ શું છે તે અર્થેની જોગવાઈઓ સામેલ કરવામાં આવી છે. સ્વાભાવિક જ ભારતમાં કેમ્પસ સ્થાપવા આવી રહેલ વિશ્વની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ માટે **અભ્યાસક્રમમાં સ્વાયત્તતા તેમજ કેટલીક બાબતોમાં સ્વતંત્રતા**ની અપેક્ષા હોય જ તે સ્વાભાવિક છે. ઉચ્ચ શિક્ષણની ભારતની વ્યવસ્થા ઉપરાંત કયા પ્રકારની પસંદગીના વિકલ્પો મળે છે તે બાબતો ફોરેન યુનિવર્સિટીના ભારતમાં પ્રવેશ સંદર્ભે વિશેષ પ્રસ્તુત છે તેવું ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં કાર્યરત તજજ્ઞો માની રહેલ છે. ભારતના દર વર્ષે લગભગ ત્રણ લાખ જેટલા વિદ્યાર્થીઓ અમેરિકા, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા, સિંગાપોર, દક્ષિણ કોરિયા, સહિતના દેશોમાં ભણવા માટે જાય છે અને ત્યાંના ઉચ્ચ શિક્ષણના ફીના ધોરણો અને ભણવાનો ખર્ચ તથા રહેવા જમવાનો ખર્ચ ખૂબ જ મોટો છે, ત્યારે સ્વાભાવિક છે ભારત સરકારે આ સંદર્ભમાં ભારતીય વિદ્યાર્થીઓને વિદેશની યુનિવર્સિટીઓનો લાભ પણ મળી રહે અને આવો લાભ ઘરઆંગણે મળી રહે તે અર્થે એનો વિચાર શરૂ કર્યો.

## પૂર્વ ભૂમિકા

વાસ્તવમાં ભારતના ગણનાપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ શિક્ષણ અર્થે જાય છે, ૫૦૦ મિલિયન ડૉલર એટલે કે લગભગ ૪૦૦૦ કરોડ જેટલી રકમ આ સંદર્ભે ભારત બહાર જાય છે અને તજજ્ઞનો માને છે કે જો આ પરિસ્થિતિમાં સુધારો કરીએ તો વિદેશી

હૂંડિયામણની ખૂબ મોટી રકમ બચાવી શકાય તેમ છે અને ભારતીય અર્થતંત્રને તેનો ખૂબ જ મોટો લાભ મળી શકે તેમ છે અને આમ વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં કૅમ્પસ આપવા અર્થે છૂટ આપવી જોઈએ અને સાથોસાથ આ પ્રકારની છૂટ આપવાની જે વાત છે તે સંપૂર્ણ રીતે ભારતીય પરિપ્રેક્ષ્યમાં અનુકૂળ હોય એટલે કે ભારતને અનુકૂળ આવે તે પ્રકારોની શરતોએ અને ભારતના વિદ્યાર્થીઓને પરવડે તેટલી ફીની પૂર્વ શરત સાથે આ પ્રકારના કૅમ્પસને ભારતમાં પોતાની શાખા શરૂ કરવાની છૂટ આપવી જોઈએ.

## વિદેશી યુનિવર્સિટીઓની સ્થાપનાનો ખ્યાલ અને ક્રમિક વિકાસ

આમ તો વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં પ્રવેશ આપવા સંદર્ભેની પ્રથમ સત્તાવાર એટલે કે સરકારી કક્ષાની ચર્ચા બેંગ્લોર ખાતે ૨૦૦૫ જાન્યુઆરીમાં દેશભરના શિક્ષણ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદમાં થઈ હતી અને ઉત્તર પ્રદેશને બાદ કરતાં મોટા ભાગના રાજ્યોએ આ પ્રકારની હિલચાલને સમર્થન આપ્યું. ફરી વાર ૨૦૦૮માં પણ શિક્ષણમંત્રીઓની રાષ્ટ્રીય પરિષદે આ વિષયને પુનઃ અનુમોદન આપ્યું, સાથોસાથ રાષ્ટ્રીય જ્ઞાનપંચ ૨૦૦૫, ૨૦૦૮ અને યશપાલ કમિટી ૨૦૦૯ દ્વારા પણ સમાન રીતે ભારતમાં વિદેશી યુનિવર્સિટીના કૅમ્પસની સ્થાપના અર્થે સર્વાનુમતે હિમાયત કરવામાં આવી હતી. ૨૦૧૦ એપ્રિલમાં તત્કાલીન માનવ સંસાધન વિકાસમંત્રાલય દ્વારા એક બિલ પણ ભારતની સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું, પરંતુ તેને જોઈએ તેઓ પ્રતિસાદ ન મળ્યો. આમ આ બાબતની શરૂઆત ૨૦૦૫ની સાલથી ચર્ચાના સ્વરૂપે થઈ હતી, પરંતુ આ બાબત મૂર્તિમંત તો ૨૦૧૪ પછી જ થઈ. તત્કાલીન માનવ સંસાધન વિકાસમંત્રાલય અને વર્તમાનમાં શિક્ષણ મંત્રાલય તરીકે ઓળખાતા વિભાગ દ્વારા આ સંદર્ભેની ચર્ચાઓ ઘણી થઈ, પરંતુ સાથોસાથ એ બાબત પણ ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં જે પ્રકારે સ્પષ્ટ રીતે આ વિષયની વિશદ છણાવટ કરેલી છે તેવી છણાવટ અગાઉ કોઈ શિક્ષણનીતિ કે ભલામણોમાં કરવામાં ન આવી હતી, પરંતુ ૨૦૨૦ની રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં વિદેશી યુનિવર્સિટીઓના કૅમ્પસની સ્થાપના કરવા અર્થે ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભલામણ કરવામાં આવી, સાથોસાથ રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં આ માટેનું કાયદાકીય માળખું ઘડી કાઢવા અર્થે પણ હિમાયત કરવાની સાથે વિશ્વની ટોચની ૧૦૦ યુનિવર્સિટીઓમાંથી પસંદ કરાયેલી યુનિવર્સિટીઓને ભારતમાં પોતાનાં કૅમ્પસ સ્થાપવા અર્થે કાર્યવાહી કરવી જોઈએ તેવી ભલામણ રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં કરવામાં આવી.

## વિચારણીય બાબતો

'વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ'ના પૂર્વ અધ્યક્ષ પ્રોફેસર વેદ પ્રકાશના શબ્દોમાં જોવા જઈએ તો ભારતમાં વિદેશી યુનિવર્સિટીઓની સ્થાપના એ ખૂબ જ સરળ અને આસાન લાગતી બાબત પ્રથમ દૃશ્ય રીતે લાગે છે, પરંતુ આ સંદર્ભેના કેટલાક વિચારણીય મુદ્દાઓ તેમજ તેના કાયદાકીય પ્રબંધોને લગતી જોગવાઈઓ એ ખૂબ જ પડકારરૂપ કાર્ય છે, ખાસ કરીને વિશ્લેષણાત્મક દૃષ્ટિથી જોવા જઈએ અને ગ્લોબલ રેન્કિંગ ઉપર દૃષ્ટિપાત કરતાં એ બાબતનો ખ્યાલ આવશે કે મોટા ભાગની પ્રતિષ્ઠિત અને સારી રેન્ક મેળવનાર યુનિવર્સિટીઓ ખાસ કરીને અમેરિકા, ઇંગ્લેન્ડ, ઑસ્ટ્રેલિયા, ચાઇના, જાપાન, સાઉથ કોરિયા, હૉંગકૉંગ, સહિતના દેશોમાં આવેલી છે અને સ્વાભાવિક જ આ દેશોને વિદ્યાર્થીઓ પોતાના ત્યાં ભણવા આવે તેમાં જ રસ હોય. અન્ય જગ્યાએ કૅમ્પસ સ્થાપીને વિદ્યાર્થીઓને ત્યાં વાળવામાં રસ ન હોય તે ખૂબ જ સમજી શકાય તેવી સ્વાભાવિક બાબત છે અને આ જ માટે વિદેશમાં પોતાના કૅમ્પસ સ્થાપવા માટે ખરેખર આ યુનિવર્સિટીઓને અત્રે લાવવી તે ભગીરથ કાર્ય સમાન છે. વળી, બીજી એક ખાસિયત એ છે કે આ યુનિવર્સિટીઓનો ઇતિહાસ અને તેની પરંપરાગત લાક્ષણિકતાઓ જોતાં આ યુનિવર્સિટીઓને પોતાનાં કૅમ્પસ અન્ય દેશોમાં સ્થાપિત કરવામાં અને તેના દ્વારા ઊભી થતી વૈશ્વિક ઇમેજની બહુ પડી નથી, કારણ કે તેઓની પોતાની શાખ અને પ્રતિષ્ઠા જ એટલી મજબૂત છે અને આ ઉપરાંત મોટા ભાગની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ નફાના આધાર ઉપર કાર્ય કરતી સંસ્થા એટલે કે વ્યાપારીકરણના આધાર ઉપર કામ કરતી સંસ્થાઓ નથી. માત્ર પોતાની ગુણવત્તા એટલે કે મેરિટ એ જ તેઓની શક્તિ છે, ત્યારે તેઓને અહીંયાં આવવા

માટે કેટલી દિલચસ્પી છે તે ખૂબ જ વિચાર માંગી લેતી બાબત છે. અલબત્ત, અનેક વર્ષોથી ઘણીબધી યુનિવર્સિટીઓ ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સંયુક્ત રીતે આદાન-પ્રદાન પ્રવૃત્તિના ભાગરૂપે કેટલાક સંયુક્ત અભ્યાસક્રમો ચલાવે પણ છે તેની ના નથી.

અભ્યાસક્રમના આયામ સંદર્ભે પણ એ ખૂબ જ વિચાર કરવા યોગ્ય મુદ્દો એ છે કે જે અભ્યાસક્રમ કે તજજ્ઞતાની ભારતને સૌથી વધારે જરૂર છે, જે ક્ષેત્રમાં ભારતીય વિશ્વવિદ્યાલયો આ પ્રકારની શૈક્ષણિક તકો નિસ્પંદ કરવામાં હજુ જોઈએ તેટલી સંતોષકારક સ્થિતિમાં નથી તેવા વિશિષ્ટ અભ્યાસક્રમો અત્રે આ યુનિવર્સિટીઓના માધ્યમથી કેવી રીતે લાવી શકાય તે મુખ્ય પડકારરૂપ બાબત છે. ભારતીય વિદ્યાર્થીઓને અનુરૂપ અને ભારતના હિતોની રખેવાળી કરી શકે તે પ્રકારનું મજબૂત અને સુસ્પષ્ટ એવું કાયદાકીય માળખું આ સંદર્ભે અનિવાર્ય એવી પૂર્વ શરત છે.

૧૬-૧૬ વર્ષ રાષ્ટ્રીય કક્ષાએ મંથન થયા પછી અને અનેક ચઢાવઊતાર જોયા પછી વર્તમાન સમયમાં ખાસ કરીને જોવા જઈએ તો રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ના અનુવર્તી કાર્યના ભાગરૂપે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય અને શિક્ષણમંત્રાલય અંતર્ગત વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા આ સંદર્ભે જે પ્રકારે ફરી સ્ફૂર્તિ બતાવી અને જે પ્રબંધો કર્યા છે તે ચોક્કસ આવકારદાયક છે. ગુજરાતમાં બે યુનિવર્સિટીઓ અલબત્ત, આ વિશ્વવિદ્યાલયો ખૂબ જ પ્રતિષ્ઠિત છે તેથી તે બાબત પણ ખાસ ઉલ્લેખનીય છે. કૅમ્પસ સ્થાપવા આવી રહેલ છે ત્યારે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે એક નવા અધ્યાયનો પ્રારંભ થઈ રહ્યો છે.

વિદેશી યુનિવર્સિટીઓ માટે ભારતનું ઉચ્ચ શિક્ષણ ક્ષેત્ર વિદ્યાર્થીઓ મેળવવાની દૃષ્ટિથી વૈશ્વિકસ્તરે બીજા ક્રમે છે, કારણ કે અહીં લગભગ ૧૧૦૦થી વધારે ડિગ્રી એવોર્ડિંગ સ્ટેટસ સાથેની સંસ્થાઓ કે યુનિવર્સિટીઓ છે અને ૪૨,૪૪૩ કરતાં વધારે કૉલેજો છે. આમ, ભારત વિશ્વભરની યુનિવર્સિટીઓ સવિશેષ રીતે અમેરિકા, ઇંગ્લેન્ડ, ઑસ્ટ્રેલિયા, સિંગાપુર, સાઉથ કોરિયા સહિતના દેશો માટે વર્તમાન સ્થિતિમાં તો લગભગ સૌથી મોટો સ્રોત છે, ત્યારે ગુજરાતની અંદર બે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ પોતાનાં કૅમ્પસ સ્થાપવા આવી રહી છે, આ નાની-સૂની ઘટના નથી. પ્રોફેસર વેદ પ્રકાશજીના પુસ્તક **Revisiting Issues and Concerns in Higher Education in the backdrop of Nationa Higher Education Policy 2020 (2022)** ઉપર દૃષ્ટિપાત કરતા એક ખૂબ જ સરસ વાત ધ્યાન ઉપર આવે છે કે ભારતના શિરમોર નેતૃત્વ એટલે કે પૂજ્ય મહાત્મા ગાંધીજી, પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ, ભારતીય બંધારણના ઘડવૈયા શ્રી બી. આર. આંબેડકરજી, પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ઝાકીર હુસેન, સુવિખ્યાત વૈજ્ઞાનિક શ્રી હોમી ભાભા અને શ્રી શાંતિસ્વરૂપ ભટનાગરસાહેબ તેમજ શ્રી એમ. એસ. સ્વામીનાથન જેવા તજજ્ઞો અને સફળ નેતૃત્વએ વિદેશમાં અભ્યાસ કર્યો હતો.

ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન ભારતની મુલાકાતે આવેલ ત્યારે તેઓની સાથે ત્યાંના શિક્ષણમંત્રી તેમજ અન્ય શિક્ષણવિદોનું પ્રતિનિધિમંડળ પણ સામેલ થયું હતું. આ પ્રતિનિધિમંડળે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની પણ મુલાકાત લીધી હતી અને ચૅરમૅન સાથે દીર્ઘ સમય માટે વિચારવિમર્શ કર્યો હતો.

તક્ષશિલા/નાલંદા કે વિક્રમશીલા જેવી યુનિવર્સિટીઓમાં વિશ્વભરમાંથી અભ્યાસુઓ અને તજજ્ઞ સંશોધકો અત્રે ઉચ્ચ અભ્યાસ અર્થે આવતા હતા અને અહીંથી પણ આચાર્યશ્રીઓ પ્રાચાર્યશ્રીઓ જ્ઞાનીઓ વિશ્વભરમાં જ્ઞાનની જ્યોત પ્રગટાવવા માટે દેશ-વિદેશનો પ્રવાસ કરતા હતા. આમ, ભારત માટે વિદેશી યુનિવર્સિટીની અહીં સ્થાપના કે વિદેશી વિદ્યાર્થીઓનું અહીં આવવું તેમજ અહીંથી વિશ્વમાં ઉચ્ચ અભ્યાસ અર્થ સાથે જવું તે નવી વાત નથી, ત્યારે ઑસ્ટ્રેલિયાની આ યુનિવર્સિટીઓ અત્રે આવી રહી છે. ભારતીય જ્ઞાનનો વારસો ભારતીય જ્ઞાનપદ્ધતિ આધારિત શિક્ષણ પણ અત્રે આવનાર યુનિવર્સિટીઓ એક વિષય તરીકે ભણાવશે એવી આશા રાખીએ.

**પ્રો. કમલેશ જોષીપુરા**
પૂર્વ-કુલપતિ અને પ્રોફેસર
કાયદા વિભાગ
મો. ૯૮૨૪૨૧૨૦૩૩

### બૉમ્બે હાઈકોર્ટના પ્રથમ ભારતીય ચીફ જસ્ટિસ

# એમ. સી. ચાગલા

શરદભાઈ શાહ

આઝાદી પહેલાં જેમણે વકીલાતમાં અને ન્યાયાધીશ તરીકે અને આઝાદી પછી મુખ્ય ન્યાયમૂર્તિ અને રાજકારણી તરીકે તથા સમર્થ વકીલ તરીકે નામના પ્રાપ્ત કરી તે જસ્ટિસ એમ. સી. ચાગલા (મહમ્મદ કરીમ ચાગલા)ના પ્રેરણાદાયી જીવનની અને તેમનાં કાર્યોની થોડી વાતો કરવી છે. દેશ પ્રત્યે અતૂટ પ્રેમ ધરાવતા તેમણે વિવિધ પ્રકારની કામગીરી કરી છે. સમગ્ર જીવન દરમિયાન નિષ્ઠા અને પ્રમાણિકતાપૂર્વક પોતાની ફરજો બજાવી છે, તેનું સૌ ભારતીયો ગૌરવ ધરાવે છે.

**જન્મ, બાળપણ, શિક્ષણ**

મુંબઈના જાણીતા ઇસ્માઈલ ખોજા કુટુંબમાં તેમનો જન્મ સને 1900ની સાલમાં થયો હતો. તેઓ મૂળ કચ્છના હતા, પરંતુ દાદા વેપાર માટે મુંબઈ આવ્યા તેથી પિતાશ્રી પણ મુંબઈમાં રહેતા હતા. તેમની 5 વર્ષની ઉંમરે તેમનાં માતુશ્રીનું અવસાન થયું. થોડા સમય માટે તેમનો કલકત્તામાં ઉછેર થયો. તે પાછા ફર્યા ત્યારે કુટુંબીજનો દાદર રહેવા ગયાં હતાં. તે વખતે દાદર વિકસિત નહોતું અને મુંબઈથી ખૂબ દૂર લાગતું હતું. દાદરમાં એન્ટોનિયો ડી સિલ્વા સ્કૂલમાં દાખલ થયા. ત્યાં પ્રાથમિક શાળામાં ત્રણ વર્ષ અભ્યાસ કર્યો. ત્યાંથી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં દાખલ થયા. અહીં શિક્ષકોની પ્રેરણાથી તેમનો વાંચન શોખ દૃઢ થયો. આખો દિવસ વાંચ્યા જ કરે. વિદ્યાર્થીઓ સાથે ખાસ ભળે નહીં અને રમતો પણ રમે નહીં. વાંચનના આવા શોખને કારણે તેમને એક વખત સજા થઈ. પિરિયડ શરૂ થતાં પહેલાં ક્લાસમાં પ્રાર્થના થતી. ત્યારે બધા વિદ્યાર્થીઓ ઊભા થાય તે પણ હંમેશાં ઊભા થતા. પરંતુ એક દિવસ એવું બન્યું કે તે વાંચવામાં ખૂબ મશગૂલ હતા. તેમને ખ્યાલ જ ન રહ્યો કે પ્રાર્થના શરૂ થઈ ગઈ છે. તે ઊભા ન થયા. પ્રાર્થના પૂરી થયા પછી શિક્ષકે તેમને બોલાવ્યા. હાથ લાંબા કરાવ્યા અને બંને હાથમાં પાંચ વખત ફૂટપટ્ટી મારી. હાથમાં દુઃખાવો થવાની સાથે જ હૃદયમાં ભારે વેદના થઈ. મનોમન વિચાર્યું કે મેં જાણીજોઈને નિયમનો ભંગ કર્યો નહતો, મને ખુલાસાની તક આપવી જોઈતી હતી. બન્યું એવું કે લગભગ 50 વર્ષ પછી શ્રી ચાગલા ભારત સરકારના કેળવણી પ્રધાન થયા ત્યારે તેમની આ શાળાએ તેમનું સન્માન કર્યું. ચાગલાએ શાળાની પ્રશંસા કરી, પણ ઉપરનો પ્રસંગ જણાવીને કહ્યું કે આ શાળાએ મને શિસ્ત શીખવી છે. જાગૃતિપૂર્વક જીવન જીવતાં શીખવ્યું છે. જોગાનુજોગ એવું બન્યું કે સમારંભમાં તે શિક્ષક હાજર હતા. તેઓશ્રી ચાગલાની નજીક ગયા અને કહ્યું કે હું તે શિક્ષક છું. હું દિલગીર છું. ચાગલાએ તે વૃદ્ધ શિક્ષકને વંદન કરીને કહ્યું કે આપશ્રીએ તો ફરજ બજાવી છે.

બાલ ગંગાધર ટિળક વિશેનો પ્રસંગ યાદ કરીને કહે છે કે શ્રી તિલકને દેશદ્રોહના ગુના માટે જસ્ટિસ દાવરે 6 વર્ષની જેલની સજા કરી હતી. આ પછી મુંબઈમાં તોફાનો ફાટી નીકળ્યાં હતાં. મને સ્કૂલે જતી વખતે પોલીસ માર ન મારે તે માટે ઘરવાળાંએ અંગ્રેજ જેવાં કપડાં પહેરીને જવા આગ્રહ કર્યો, પરંતુ મેં એવાં કપડાં ન પહેર્યાં. સારા નસીબે મને માર ન પડ્યો. તેઓ એ ઘટનાને પણ યાદ કરે છે કે તિલકની સજા સામે હાઈકોર્ટમાં અપીલ ચાલી ત્યારે તે સાંભળવા ગયા હતા. શ્રી મહંમદઅલી ઝીણાએ ધારદાર દલીલો કરી હતી. જસ્ટિસ બેચલર અને જસ્ટિસ શાહે અપીલ મંજૂર કરીને સજા રદ કરી હતી. ચાગલા જણાવે છે કે જાહેરજીવનમાં ઝીણાએ બે વ્યક્તિઓને ખૂબ જ સન્માન આપ્યું છે : એક છે શ્રી તિલક અને બીજા છે શ્રી ગોખલે. ચાગલા માટે બીજી યાદગાર બાબત એ છે કે સને 1956માં તે બૉમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ હતા, ત્યારે તેમને એ સૌભાગ્ય પ્રાપ્ત થયું કે જે કોર્ટમાં તિલકનો કેસ ચાલ્યો હતો તે કોર્ટમાં તેમના હાથે તકતી મુકાઈ કે તિલક આ કોર્ટમાં આરોપી તરીકે બેસતા હતા. તેમણે તે પ્રસંગે કહ્યું હતું કે આજે આપણે સ્વતંત્ર ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ અને આપણી હાઈકોર્ટમાં ભારતીય ચીફ જસ્ટિસ છે, તેનો શ્રેય તિલક જેવા દેશપ્રેમીઓના ત્યાગ અને બલિદાનને જાય છે.

શ્રી ચાગલા માધ્યમિક શિક્ષણ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં પૂર્ણ કરી મૅટ્રિકની પરીક્ષા પસાર કરીને સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થયા હતા. સ્કૂલમાં તેમની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જ્વળ હતી. લેટિન ભાષા માટે તેમને ઇનામો પણ પ્રાપ્ત

થયાં હતાં. તેથી કૉલેજમાં સહેલાઈથી પ્રવેશ મળી ગયો. આ વખતે તેમની ઉંમર 16 વર્ષની હતી, પરંતુ ઉત્સાહસભર વ્યક્તિત્વ ધરાવતા હતા. વક્તૃત્વ સ્પર્ધાઓ અને ચર્ચામાં ભાગ લેવાનું તેમને ખૂબ ગમતું હતું. તેમનો ભાષા પર ખૂબ સારો કાબૂ હોવાથી અસરકારક રજૂઆત કરી શકતા હતા.

કૉલેજમાં ફાધર ગુડીયર પ્રિન્સિપાલ હતા. તેમણે થોડાંક હોશિયાર વિદ્યાર્થીઓને પસંદ કરી એક 'ડિબેટ સોસાયટી' બનાવી હતી. જેમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા થતી હતી. આ ઉપરાંત બધા વિદ્યાર્થીઓ માટેની 'ડિબેટ સોસાયટી' પણ હતી. આ સોસાયટીના ઉપક્રમે પ્રોફેસર હાજીના પ્રમુખસ્થાને એક ડિબેટનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો વિષય 'મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા' હતો. આ ડિબેટમાં પ્રિન્સિપાલ ફાધર ગુડીયર પણ હાજર હતા. હૉલ ખીચોખીચ ભરાઈ ગયો હતો. ચર્ચાની શરૂઆત બંગાળના એક વિદ્યાર્થીએ કરી. તેણે ખૂબ જ આકરા શબ્દોમાં આ સુધારાની ઝાટકણી કાઢી અને આ સુધારાને Farce અને Fraud કહ્યું. ફાધર ગુડીયર ઊભા થયા, નારાજ થયા અને સભાને બરખાસ્ત કરી દીધી. વિદ્યાર્થીઓ ગણગણાટ કરી છૂટા પડ્યા. ચાગલાએ પ્રોફેસર હાજીને કહ્યું કે આ તમારું અપમાન છે. વિદ્યાર્થીઓએ આંદોલન કર્યું. જે થોડા દિવસે શાંત પડ્યું, પરંતુ આ પ્રસંગથી ફાધર ગુડીયર અને ચાગલાના સંબંધો બગડી ગયા. ત્રણ વર્ષ કૉલેજમાં ભણી 19 વર્ષની ઉંમરે ચાગલાએ ઑક્સફર્ડમાં વધુ અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો, ત્યારે ફાધર ગુડીયરે ઠંડો પ્રતિસાદ આપી થોડા શબ્દોમાં સર્ટિફિકેટ લખી આપ્યું હતું.

## ઑક્સફર્ડ

100 વર્ષ પહેલાંની વાત છે. બોટમાં ઇંગ્લૅન્ડ જવાનું હતું. બોટમાં ઘણા રાજકુંવરો પણ હતા. જોકે ચાગલા વાચનમાં સમય વિતાવતા તેથી કોઈ સાથે તેમની ગાઢી મિત્રતા ન થઈ. લંડન પહોંચ્યા અજાણ્યો દેશ હતો ને કોઈને ઓળખે નહીં. નાની ઉંમર હતી. બરફ વરસતો હતો. કદી સ્નૉ-ફૉલ જોયેલો નહીં. આકરી ઠંડી માટેનાં પૂરતાં કપડાં પણ તેમની પાસે નહીં. આમ શરૂઆતના દિવસોમાં ખૂબ તકલીફ પડી. એકલતા પણ ખૂબ લાગે. ભારત પાછા ફરવાનું મન થઈ જાય, પરંતુ ભવિષ્ય ઉજ્જવળ બનાવવું હતું. હિંમતથી ટકી ગયા અને ધીરે ધીરે વાતાવરણથી ટેવાતા ગયા. ઑક્સફર્ડ જતાં પહેલાં લંડનમાં રહી એન્ટ્રન્સ પરીક્ષા માટે તૈયારી કરી. થોડા મહિના લંડનમાં રહ્યા. તે વખતે ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા બિલ અંગે ચર્ચા થતી હતી. તેનાં સેશનમાં પણ જતા. ત્યાં શ્રી શ્રીનિવાસન શાસ્ત્રી, શ્રી હૃદયનાથ કુંજરું, શ્રીમતી સરોજીની નાયડુ અને શ્રી મહંમદઅલી ઝીણાને મળવાનો અવસર પ્રાપ્ત થયો. મુંબઈમાં પણ શ્રી ઝીણાને મળવાનું બન્યું હતું. શ્રી ઝીણાએ ખૂબ આત્મીયતાથી વાતો કરી.

પ્રવેશ પરીક્ષા પાસ કરી. ચાગલા ઑક્સફર્ડમાં પહોંચ્યા. ઑક્સફર્ડમાં તેમની કૉલેજનો ભવ્ય ભૂતકાળ હતો. તે સને 1400માં સ્થપાઈ હતી. ત્યાં અભ્યાસમાં સ્વતંત્રતા હતી. તેમણે મુખ્ય વિષય ઇતિહાસ લીધો હતો. આમ છતાં લિટ્રેચરના વર્ગો પણ ભરતા હતા અને જાણીતા કવિઓનાં વક્તવ્યો પણ માણતા હતા. ત્રણ વર્ષના અભ્યાસ દરમિયાન ઇતર પ્રવૃત્તિઓમાં ખૂબ જ રસ લેતા હતા. તેમને ડિબેટમાં રસ હતો. તે OXFORD UNIONમાં જોડાયા. જ્યાં રાજકારણ સહિત વિવિધ વિષયોની ચર્ચા થતી. તેમાં અસરકારક રજૂઆત કરતા હતા. આ ઉપરાંત OXFORD INDIAN MAJLISમાં પણ તેઓ સક્રિય હતા. તેમાં યુવાનો આક્રમણપણે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરતા હતા. તેમાં ઘણા વિદ્વાનો પણ પ્રવચનો આપવા આવતા હતા. તેમાં પણ તેમને વિશેષ રસ હતો તેથી અભ્યાસમાં પૂરતું ધ્યાન આપી શકતા નહીં. ઑક્સફર્ડમાં અભ્યાસ દરમિયાન તેમના પ્રોફેસર કોઈ વિષય પર Essay લખવા આપે. રેફરન્સ બુકના આધારે અભ્યાસપૂર્ણ Essay લખીને રજૂ કરતા, પરંતુ પરીક્ષાના ત્રણ મહિના બાકી હતા ત્યાં સુધી નિયત અભ્યાસક્રમનું ગંભીરતાપૂર્વક વાંચન કરેલું નહીં. તેથી છેલ્લાં ત્રણ મહિના દરમિયાન બધી જ પ્રવૃત્તિઓ છોડીને રાતદિવસ અભ્યાસ કર્યો અને સફળતાપૂર્વક પરીક્ષા પસાર કરી. જોકે તેમને ફર્સ્ટ ગ્રેડ ના મળ્યો.

ઑક્સફર્ડમાં દાખલ થયા ત્યારે તેઓ બૅરિસ્ટર બનવા માટે Inner Templeમાં પણ જોડાયા હતા. તેમાં સામાન્ય રીતે એક ટર્મમાં 6 ડિનર મિટિંગ ભરવાની રહેતી હતી. ઑક્સફર્ડના અભ્યાસ દરમિયાન જ આ રીતે તેમણે વકીલ બનવાની તૈયારી આરંભી દીધી. ઑક્સફર્ડમાં અભ્યાસ ચાલુ હતો ત્યારે તેમણે ગાંધીજીના અસહકાર આંદોલન વિશે એક લેખ લખ્યો હતો. જે જાણીતા મૅગેઝિન Nationમાં છપાયો હતો. તેના તંત્રીએ લેખનાં વખાણ કરતો પત્ર ચાગલાને મોકલ્યો અને સાથે 4 ગીનીનો ચેક મોકલ્યો. ચાગલા ખૂબ ખુશ થયા. તેમણે વિચાર્યું કે આ ચેક સુવેનિર તરીકે સાચવી રાખીશ અને વટાવીશ નહીં, પરંતુ થોડા સમય બાદ પૈસાની અછત થતાં તેમણે તે વટાવવો પડ્યો.

ઑક્સફર્ડમાં અભ્યાસ દરમિયાન ઘણાં મિત્રો થયાં.

ભારતના અને અન્ય દેશોનાં ઘણા યુવાનો સાથે વર્ષો સુધી સંપર્કો રહ્યા. તે બધાં દુનિયાભરમાં જુદી જુદી જગ્યાએ ઊંચા સ્થાનો પર પહોંચ્યાં. ઘણાની કારકિર્દી અતિ તેજસ્વી રહી અને મહત્ત્વની જવાબદારીઓ સંભાળી હતી. ચાગલા જણાવે છે કે ઑક્સફર્ડની વિદાય ખૂબ દુઃખદાયક હતી. ભારત જવાનું અને કુટુંબીજનોને મળવાનું ખૂબ જ મન થતું હતું, પરંતુ ઑક્સફર્ડ છોડવું ગમતું નહોતું. ત્રણ વર્ષનાં મીઠાં સંભારણાં હતાં. આ ત્રણ વર્ષ જીવનઘડતરના વર્ષો હતાં. છેલ્લી રાતે ચાગલા મેગડાલીન બ્રિજ પર ઊભા રહ્યા અને ચંદ્રના પ્રકાશમાં ઑક્સફર્ડને જોતા રહ્યા, તેનાં સૌંદર્યને નિહાળતાં ત્રણ વર્ષનાં સ્મરણો માણતા રહ્યા. નવી જિંદગી જીવવાનાં સ્વપ્નો જોતાં જોતાં અને ભારતનાં સ્વજનોને યાદ કરતા કરતાં ઑક્સફર્ડ છોડ્યું અને ભારતની ધરતી પર પગ મૂક્યો.

## વકીલાતનાં વર્ષો

યુવાન ચાગલાએ હાઈકોર્ટની લાઇબ્રેરીમાં પહેલવહેલો પ્રવેશ કર્યો ત્યારે હૃદય જોરજોરથી ધડકતું હતું. તેમણે ચારેબાજુ નજર નાખી. અનેક નામી વકીલોથી કોર્ટ ભરેલી હતી. તેમાં તેમણે ટકી રહેવાનું હતું અને આગળ વધવાનું હતું. બૉમ્બે હાઈકોર્ટમાં ઓરિજિનલ સાઇડ અને ઍપેલેટ સાઇડ બંને પ્રકારના કેસો ચાલતા હતા. બંને ક્ષેત્રોમાં નિષ્ણાત વકીલો હતા.

ઇનવેરારીટી જેવા મહાન વકીલ તેમની અદ્‌ભુત વક્તૃત્વ શક્તિ અને પ્રભાવશાળી રજૂઆત દ્વારા સૌથી મોખરે હતા. તે કશીય નોંધ વાંચ્યા વિના માત્ર યાદશક્તિના આધારે સબળ રજૂઆત કરતા હતા. ઇનવેરારીટીની જેમ સ્ટ્રેંગમૅન પણ મશહૂર વકીલ હતા. તે ઍડ્વોકેટ જનરલ પણ રહી ચૂક્યા હતા. ચીમનલાલ સેતલવાડ, ભૂલાભાઈ દેસાઈ, મહમંદઅલી ઝીણા, કનૈયાલાલ મુનશી, કોલ્ટમૅન, એન. એચ. ભગવતી, એમ. પી. અમીન, સી. કે. દફ્તરી અને મોતીલાલ સેતલવાડ પણ ઍડ્વોકેટ તરીકે ઘણી નામના ધરાવતા હતા. તેમણે અનુભવ્યું કે આ બધાંની વચ્ચે રહી કામો મેળવવાં મુશ્કેલ કાર્ય છે.

ચાગલા વર્ષોથી ઝીણાને ઓળખતા હતા. તે તેમનાંથી પ્રભાવિત પણ હતા. તેમની ઇચ્છા ઝીણાના જુનિયર તરીકે કામ કરવાની હતી, પરંતુ ઝીણાનો સિદ્ધાંત એ હતો કે એક જ જુનિયર રાખવો. તે વખતે શ્રી અઢિયા ઝીણાના જુનિયર હતા. એક વર્ષ બાદ તેમણે સ્વતંત્ર પ્રેક્ટિશ શરૂ કરી. તેથી ચાગલા, ઝીણાના જુનિયર તરીકે જોડાયા અને 6 વર્ષ તેમની સાથે ગાળ્યાં. આ સમયગાળામાં તેમને ઘણું જ શીખવાનું મળ્યું, પરંતુ આર્થિક રીતે ખૂબ તકલીફ ભોગવવી પડી. ઝીણા જુનિયર વકીલને આર્થિક મદદ કરતા નહીં. તે માનતા કે જુનિયરે સ્વબળે આગળ વધવું જોઈએ.

શરૂઆતનાં 7-8 વર્ષ બહુ કઠિન રહ્યાં. ત્યારે આર્થિક મૂંઝવણ અનુભવી. વકીલાત છોડી નોકરી કરવાના વિચારો આવતા, પરંતુ ચીમનલાલ સેતલવાડ જેવા વકીલો હિંમત આપતા. તેમણે લૉ કૉલેજમાં પાર્ટ-ટાઇમ કામ અપાવ્યું અને પરીક્ષક તરીકે પણ કામ અપાવ્યું. વળી, નાનાં નાનાં કામો મળી રહેતાં તેથી ચાગલા વકીલાતમાં ટકી રહ્યા. આશ્ચર્ય તો એ છે કે તેમનું લગ્ન થયું તે જ દિવસે મોટો કેસ મળ્યો અને આ પછી ઉત્તરોત્તર વકીલાત વધતી ગઈ. તેઓ લખે છે કે મારાં પત્નીના નસીબથી મારી પ્રગતિ થઈ.

શરૂઆતનાં વર્ષોથી જ તેઓ કાયદાના વાંચનમાં અને કોર્ટમાં કામગીરી નિહાળવામાં પૂરતો સમય આપતા, પરંતુ સાથે સાથે નિયમિત જિમખાનામાં જતા. દરરોજ બ્રિજ રમતા. ક્રિકેટ જોવાના ભારે શોખીન હતા. શુક્રવારે રાતે મોડે સુધી બ્રિજ રમતા. રવિવારે સવારે જમશેદજી કાંગા અને બીજા વકીલો સાથે દરબાર ભરાતો. ચા-નાસ્તા સાથે જાતજાતની વાતો થતી. ચાગલા ખાવા-પીવાના શોખીન હતા. તેમની વકીલાતની કામગીરી વધતી ગઈ ત્યારે પણ તેમના શોખ પૂરા કરવા તે સમય કાઢી લેતા.

પ્રારંભનાં 7-8 વર્ષની તકલીફ બાદ જ્યારે ઘણાં કામો મળતાં થયા ત્યારે પણ તે જિમખાનામાં જવાનું અને બ્રિજ રમવાનું ચૂકતા નહીં. ઉપરાંત રાજકારણમાં પણ ઊંડો રસ ધરાવતા હતા. શરૂઆતમાં ઝીણાથી ખૂબ જ પ્રભાવિત હતા, પરંતુ ઝીણાએ જુદા દેશની માગણી કરી ત્યારથી તે રાજકીય રીતે તેમનાથી વિખૂટા પડ્યા. તેઓ પ્રખર રાષ્ટ્રવાદી હતા અને ભાગલાના કટ્ટર વિરોધી હતા. તેઓ માનતા કે હિંદુઓ અને મુસલમાનોએ ભેગાં મળી દેશને આબાદ કરવાનો છે.

તેમની વકીલાત જેમ જેમ વધતી ગઈ તેમ તેમ તે ઘર માટે સમય ફાળવી શકતા નહીં, પરંતુ તેમનાં પત્ની ઘરની અને બાળકોની જવાબદારી સારી રીતે નિભાવતાં હતાં.

ચાગલાના જણાવે છે કે 19 વર્ષની વકીલાતમાં પોતાને ઘણું શીખવાનું મળ્યું. મને એ સ્પષ્ટ થયું કે વકીલે કેસની અનેક હકીકતોમાંથી ખરો મુદ્દો શું છે તે તારવી લેવું જોઈએ અને બિનજરૂરી બાબતો બાજુએ મૂકવી જોઈએ. ન્યાયાધીશ અને વકીલના સહિયારા પ્રયાસથી યોગ્ય નિર્ણય ઉપર આવી શકાય છે. જો વકીલ પોતાનામાં વિશ્વાસ રાખી, કામ ઓછું હોય કે વધારે હોય, પણ નિયમિત અભ્યાસ ચાલુ રાખે અને સમયનો સદુપયોગ કરે તો તે જરૂર સફળતા પ્રાપ્ત કરી શકે.

1941ની સાલ હતી. તેઓશ્રી વકીલાતમાં ખૂબ જ પ્રગતિ સાધી રહ્યા હતા. ત્યારે ફેબ્રુઆરી 1941માં ચીફ જસ્ટિસ Beamount તરફથી ચાગલાને હાઈકોર્ટ જજ થવાની ઑફર થઈ. ચીફ જસ્ટિસે કહ્યું કે તમે વકીલાતમાં સુંદર કામગીરી કરો છો, પરંતુ ન્યાયતંત્રને તમારી વધુ જરૂર છે. તમને તમારા કુટુંબ માટે પણ સમય મળશે અને ભવિષ્યમાં સારી તક મળશે. ચાગલા માટે આ અણધારી વાત હતી. તેમણે વિચારવા સમય માગ્યો. તેમનાં મિત્રો અને પત્ની રાજી થયાં. તેમનાં પત્નીએ તો કહ્યું કે તમે ઘરમાં સમય આપી શકશો અને બાળકોને પણ સમય આપી શકશો. તેનો મને આનંદ છે. તેમણે થોડા દિવસે ચીફ જસ્ટિસને મળી પોતાની સંમતિ દર્શાવી. ચીફ જસ્ટિસે કહ્યું કે જસ્ટિસ વાડિયા ઑગસ્ટમાં નિવૃત્ત થાય છે તેથી ત્યાં સુધી તમે પ્રેક્ટિસ ચાલુ રાખી શકો તે માટે તમારું નામ અત્યારે મોકલતો નથી. આ વાત અન્ય કોઈને જણાવશો નહીં.

ચીફ જસ્ટિસને ચાગલા માટે ખૂબ જ માન હતું. સરકાર તરફથી એવું જણાવવામાં આવ્યું કે તેઓ સક્રિય રાજકારણમાં છે તેથી તેમને લેતાં પહેલાં વિચારવું જોઈએ. ચીફ જસ્ટિસે જણાવ્યું કે મને પાકો વિશ્વાસ છે કે ન્યાયની પ્રક્રિયામાં ચાગલા રાજકારણ આડું લાવશે નહીં. ચાગલા ઑગસ્ટ 1941માં બૉમ્બે હાઈકોર્ટના જજ બન્યા.

## હાઈકોર્ટ જજ તરીકે કામગીરી

હાઈકોર્ટમાં જોડાયા પછી તેમણે શરૂઆતમાં ચેમ્બર જજ તરીકે કામગીરી સંભાળી. જેમાં ચેમ્બર સમન્સ, નોટિસ ઑફ મોશન વગેરે મિસલેનિયસ કામ કરવાનું રહેતું. પછી ડિવિઝન બેંચમાં કામ કર્યું. સૌ પ્રથમ ડિવિઝન બેંચમાં ચીફ જસ્ટિસ Beamount સાથે બેઠા. તેમાં તેમને ઘણું શીખવાનું મળ્યું. ચીફ જસ્ટિસને કાયદાનું અગાધ જ્ઞાન હતું અને તે ઘણી ઝડપથી વસ્તુને સમજી લેતા હતા. વળી, તે દલીલો સાંભળ્યા બાદ તરત જ ચુકાદો આપી દેતા હતા. તેમણે પણ આ ગુણો જીવનમાં ઉતાર્યા.

ચીફ જસ્ટિસ Beamount પછી ચીફ જસ્ટિસ તરીકે Stone આવ્યા. જોકે શ્રી કણિયા સિનિયર હતા, પરંતુ Beamountને કણિયા સાથે બનતું નહીં તેથી તેમનું નામ મોકલ્યું નહીં. શ્રી કણિયા સમર્થ ન્યાયશાસ્ત્રી હતા અને પછીથી ભારતની સુપ્રિમ કોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા હતા. ચીફ જસ્ટિસ Beamount દ્વારા શ્રી કણિયાનું નામ મોકલાયું નહીં તેથી વકીલમંડળમાં નારાજગી થઈ અને ચીફ જસ્ટિસનો વિદાય સમારંભ ન ગોઠવ્યો. ચાગલા લખે છે કે આવા મહાન ન્યાયાધીશને પ્રેમપૂર્વક વિદાય ન અપાઈ તે દુઃખદ ઘટના છે.

ચીફ જસ્ટિસ Stone સાથે ડિવિઝન બેંચમાં કામ કરતાં તેમને જુદો અનુભવ થયો. સર લિયોનાર્ડ સ્ટોનને ઇન્ડિયન લૉ પર પ્રભુત્વ નહોતું. તેમને ચાગલા માટે માન હોવાથી ઘણી બાબતોમાં તેમનાં મંતવ્યોને માન આપતા. આ ઉપરાંત ચીફ જસ્ટિસ મારટેન સાથે પણ તેમને કામ કરવાની તક મળી હતી.

ચાગલાએ ઓરિજિનલ અને ઍપેલેટ બંને વિભાગમાં સ્વતંત્રપણે કામ કર્યું. તેમનો નિયમ એવો હતો કે તે કદી ઘેરથી વાંચીને કેસ ચલાવતા નહીં. તે પૂર્વગ્રહ વગર ખુલ્લા મનથી કેસ સાંભળતા. ત્વરિત નિર્ણય લેતા અને કદી પણ તેમણે ઠરાવ Reserve રાખ્યો નથી. હંમેશાં દલીલો સાંભળ્યા બાદ તરત જ ઠરાવ બોર્ડ પર લખાવી દેતા હતા. કેસોનો નિકાલ પણ ઝડપથી કરી દેતા હતા. તેઓશ્રી હંમેશાં જુનિયર વકીલો તરફ ખૂબ જ સહાનુભૂતિ રાખતા. સાથે સિનિયર વકીલ હોય અને જુનિયર વકીલ તેમના જેવી અસરકારક દલીલો ન કરી શકે તોપણ તેઓ તેમની મદદે આવતા અને યોગ્ય નિર્ણય થાય તેનું ધ્યાન રાખતા. આ અંગે તેઓશ્રી એક રસપ્રદ ઉદાહરણ આપે છે. શ્રી એચ. એમ. શીરવાઈ જુનિયર વકીલ હતા ત્યારે એક અગત્યના કેસમાં તેમની સામે સર જમશેદજી કાંગા, ભૂલાભાઈ દેસાઈ, તારાપોરવાલા અને કોલ્ટમૅન જેવી સમર્થ ટીમ હતી. શીરવાઈ પછીથી ઍડ્વોકેટ જનરલ બન્યા અને વિદ્વત્તાપૂર્ણ પુસ્તકો લખી ન્યાયશાસ્ત્રી તરીકે પંકાયા, પરંતુ તે વખતે શીરવાઈની દલીલો સામાવાળા ધુરંધર વકીલો જેવી અસરકારક નહોતી. છતાં ચાગલાએ કાયદાની ઊંડાણભરી ચર્ચા કરી શીરવાઈના લાભમાં ચુકાદો આપ્યો. ચાગલા જણાવે છે કે અપીલમાં તે ચુકાદો ફરી ગયો, પણ શીરવાઈ હંમેશાં જણાવતા કે જસ્ટિસ ચાગલાનો ચુકાદો સાચો હતો!

તેઓ બધા જ વકીલો સાથે સુમેળભર્યો સંબંધ રાખતા. વકીલોને જરૂરી સગવડ પણ પૂરી પાડતા હતા. તેથી તેમને કોઈ વકીલ સાથે કદી પણ કોઈ પ્રકારના ઘર્ષણમાં આવવાનો પ્રસંગ પડતો નહીં. તેઓ માનતા હતા કે વકીલ અને ન્યાયાધીશ બંનેની સંવાદિતાથી સારું કામ થાય છે.

ભારત 15મી ઑગસ્ટ, 1947ના રોજ આઝાદ થયું. તે પહેલાં ચીફ જસ્ટિસ સ્ટોન હતા. આઝાદી પછી તે ચીફ જસ્ટિસ રહી શક્યા હોત, પણ તેમણે કહ્યું આઝાદી બાદ ભારતીય ચીફ જસ્ટિસ હોય તે યોગ્ય છે. તેમણે રાજીનામું આપ્યું. તે સમર્થ વકીલ હતા, વળી, નખશિખ સજ્જન હતા. તેમણે ચાગલાને કહ્યું

કે આઝાદ ભારતની હાઈકોર્ટમાં ઇંગ્લિશમૅન મુખ્ય ન્યાયમૂર્તિ હોય તે બરોબર નહીં. તેથી 15મી ઑગસ્ટ, 1947ના રોજ ચાગલા ચીફ જસ્ટિસ બન્યા.

## બૉમ્બે હાઈકોર્ટના પ્રથમ ભારતીય મુખ્ય ન્યાયમૂર્તિ

ભારતભરમાં બૉમ્બે હાઈકોર્ટની ઘણી પ્રતિષ્ઠા હતી. આઝાદી સુધી બૉમ્બે હાઈકોર્ટના તમામ મુખ્ય ન્યાયમૂર્તિઓ અંગ્રેજ હતા. 1947ની 15મી ઑગસ્ટે જસ્ટિસ ચાગલા બૉમ્બે હાઈકોર્ટના પ્રથમ ભારતીય મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા. તેમણે 11 વર્ષ સુધી તેમની જવાબદારી કુશળતાપૂર્વક નિભાવી. 11 વર્ષમાં તેમણે એક પણ રજા લીધી નહીં. તાવ હોય કે ગાઉટનો દુખાવો હોય તોપણ તે રજા લેતા નહીં. તેમનાં પત્ની મજાક કરતાં કે રજા ન લેવાથી તમને વધારે પગાર મળે છે ? તેઓ હસીને કહેતા કે મને કામ વગર ગમે નહીં. હાઈકોર્ટનું મારા મનમાં સતત ચિંતન રહે છે. તેમણે હાઈકોર્ટનું ગૌરવ જળવાઈ રહે તેવાં અનેક પગલાં લીધાં. ચીફ જસ્ટિસ સાથે મુખ્ય પ્રધાન કે ગૃહપ્રધાનનો સીધો સંપર્ક રહે તેવો આગ્રહ રાખ્યો. સરકાર રજા રાખે ત્યારે હાઈકોર્ટમાં રાખવી તે બાબત સ્વીકારી નહીં અને તે સત્તા હાઈકોર્ટની રાખી. ઘણાં નામી વ્યક્તિઓના મરણ પ્રસંગે પણ કોર્ટ ચાલુ રાખી. તેઓશ્રી માનતા કે વિશેષ કામ કરીને પુણ્યાત્માઓને અંજલિ આપવી જોઈએ. મારા મરણપ્રસંગે પણ કોર્ટનું કામકાજ બંધ રાખશો નહીં.

ચીફ જસ્ટિસ તરીકે વિશિષ્ટ મહેમાનને ઍરપૉર્ટ પર રિસીવ કરવાના હોય અને તે વખતે કોર્ટનો સમય હોય તો તેઓ કોર્ટના કામને પ્રાધાન્ય આપતા. અમેરિકાની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ વૉરેન મુંબઈ આવ્યા ત્યારે કોર્ટ ચાલુ હતી. સરકારી અધિકારીઓ અને અન્ય વૉરેનને રિસીવ કરવા ગયા. કોર્ટ સમય બાદ કાર્યક્રમમાં ચાગલાએ વૉરેનને જણાવ્યું હતું કે પોતે ઍરપૉર્ટ પર આવી શક્યા નહીં તે બદલ દિલગીર છે. વૉરેને જણાવ્યું કે તમે યોગ્ય કર્યું છે. હું પણ કોર્ટના સમય દરમિયાન મહાનુભાવને લેવા ઍરપૉર્ટ જતો નથી. કોર્ટના વડા તરીકે આપણી ફરજ કોર્ટ પ્રત્યે વિશેષ છે. આ રીતે લૉર્ડ માઉન્ટબેટનને રિસીવ કરવા પણ ચાગલા જઈ શક્યા નહોતા.

તેઓશ્રી ડિસ્ટ્રિક્ટ કોર્ટની વિઝિટે જતા ત્યારે સામાન્ય રીતે ડિસ્ટ્રિક્ટ જજ સાથે જ તેમના ઘેર રહેતા. તે વખતે બૃહદ મુંબઈ રાજ્ય હતું અને ગુજરાતી, મરાઠી અને કન્નડ ભાષા ચાલતી હતી. ચાગલા બધા ડિસ્ટ્રિક્ટ જજ સાથે માયાળુ વ્યવહાર રાખતા. સિવિલ કોર્ટની કાર્યવાહી નિહાળવા જાય ત્યારે તેમનો આગ્રહ હતો કે ચાલુ કાર્યવાહીએ ન્યાયાધીશે ઊભા થઈ સન્માન આપવાનું નહીં. તેઓ કહેતા કે જે તે કોર્ટના વડા તે કોર્ટના ન્યાયાધીશ છે. આ અંગે તેમણે પરિપત્ર કાઢી જણાવ્યું કે કોર્ટની કાર્યવાહીમાં રૂકાવટ કરવી નહીં અને તેમની વિઝિટ દરમિયાન કામ યથાવત ચાલુ રાખવું. તેઓ શાંતિથી બેસીને કાર્યવાહી નિહાળતા.

ચાગલાએ વિઝિટ દરમિયાન ન્યાયાધીશો ખૂબ જ મુશ્કેલીભરી પરિસ્થિતિમાં કામ કરે છે તે જોયું. યોગ્ય મકાન કે કોર્ટરૂમ ન હોય, પૂરતી સગવડ કે સ્ટાફ ન હોય, લાઇબ્રેરી ન હોય કે કાયદાનાં જરૂરી પુસ્તકો પણ ન હોય. તેમણે આ બધી બાબતોમાં શક્ય તે સુધારો કર્યો.

તેઓ માનતા હતા કે યોગ્ય વ્યક્તિની ન્યાયાધીશ તરીકે નિમણૂક થાય તો ન્યાય ઝડપી અને યોગ્ય થઈ શકે. માત્ર વધુ સંખ્યા કારગત નીવડે નહીં. તેથી યોગ્ય અને પૂરતા ન્યાયાધીશો નિમાય તે જરૂરી છે. તેથી તેમણે ઘણાં ન્યાયાધીશો માટે ભલામણ કરી. શ્રી જે. સી. શાહ, શ્રી એસ. ટી. દેસાઈ, શ્રી કે. ટી. દેસાઈ, શ્રી તારકુંડે, શ્રી દાતાર, શ્રી એન. એ. મોદી, શ્રી વી. એચ. દેસાઈ, શ્રી ડાહ્યાભાઈ પટેલ વગેરે અનેક વ્યક્તિઓ પછીથી સપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ કે હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિ બન્યા. તેમનાં 11 વર્ષના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે બીજી પણ વિવિધ કામગીરી સંભાળી હતી. જેમ કે, સને 1956માં થોડો સમય કાર્યકારી ગવર્નર તરીકેની જવાબદારી, લૉ કમિશનના સભ્ય તરીકે ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી, મુંદ્રા પ્રકરણમાં તપાસ સમિતિ તરીકે અદ્વિતીય કામગીરી, 1957માં ઇન્ટરનેશનલ કોર્ટમાં ઍડ્હોક જજ નીમાયા અને સફળતાપૂર્વક કામ સંભાળ્યું. આ બધાં કામો તેમણે નિષ્ઠા અને કુશળતાપૂર્વક કર્યાં. જેના કારણે તેમની ખૂબ નામના થઈ.

તેઓશ્રીએ ચીફ જસ્ટિસ હતા ત્યારે તેમની પર જીવલેણ હુમલો કરવાનો પ્રયત્ન થયો હતો જે પ્રભુકૃપાએ નિષ્ફળ રહ્યો. તેઓશ્રી માનતા કે તેમને કોઈ નુકસાન કરે તેવી શક્યતા નથી, તેથી તે સામાન્ય રીતે પોતાના બંગલે પોલીસ બંદોબસ્ત રાખતા નહીં, પરંતુ આ બનાવના દિવસે મુંબઈમાં તોફાનોની પરિસ્થિતિ પેદા થઈ હતી. તેથી બે પોલીસવાળા તેમના બંગલે તહેનાતમાં હતા. તે સવારે એક માણસ ધુલિયા ગામેથી આવ્યો અને પટાવાળાને જણાવ્યું કે તેને અગત્યનાં કામે સાહેબને મળવું છે. પટાવાળાએ ચાગલાને આ હકીકત જણાવી. તેમણે કહ્યું કે વકીલ સિવાય

બીજા કોઈને હું ઍપૉઇન્ટમેન્ટ વગર મળતો નથી. તેમને કહો કે મારા પી.એ.ને મળે. પટાવાળાએ થોડી વારે ફરી ચાગલા પાસે જઈને કહ્યું કે તે કહે છે હું દૂરથી આવ્યો છું અને મારે જરૂરી કામ છે. તેટલામાં ચાગલાની પુત્રી આવી અને કહ્યું, 'પપ્પા, તેને ના મળશો, મને તે માણસ ખરાબ લાગે છે.' આ વખતે પેલો માણસ દોડતો રૂમ તરફ ધસી આવ્યો, પટાવાળાએ તેને રોકવા કોશિશ કરી તો તેણે મોટી છરી પટાવાળાને મારી. ચાગલાના પુત્ર અને જમાઈ ધસી આવ્યા અને તેને પકડવા કોશિશ કરી. તરત જ પોલીસવાળા દોડી આવ્યા. તે માણસ છરી લઈ પોલીસ તરફ ધસ્યો. પોલીસે ગોળી છોડી, જેને કારણે તે માણસ મૃત્યુ પામ્યો. આમ પ્રભુકૃપાએ તેઓ બચી ગયા. પછી તપાસપંચે ખૂબ ઝીણવટભરી તપાસ કરી, પરંતુ આ માણસનો કોઈ કેસ નહોતો અને તે શા માટે હુમલો કરવા આવ્યો તેનું કારણ જાણી શકાયું નહીં.

ચાગલાએ 6 વર્ષ હાઈકોર્ટ જજ તરીકે અને બીજાં 11 વર્ષ ચીફ જસ્ટિસ તરીકે સફળ કામગીરી કરી હતી. 1958ની સાલ હતી. તે રોજના નિયમ પ્રમાણે ક્લબમાં બ્રિજ રમી રહ્યા હતા. ત્યારે તેમને સંદેશો મળ્યો કે વડાપ્રધાન જવાહરલાલ તેમને તાત્કાલિક મળવા માગે છે. તેમને આશ્ચર્ય થયું કે એવી કઈ અરજન્ટ બાબત હશે. તેમણે રમત અધૂરી છોડી અને મિત્રોની ક્ષમા માગી સરકીટ હાઉસ પહોંચ્યા. ત્યાં જવાહરલાલજીએ કહ્યું, ''તમે ન્યાયતંત્રની સુદીર્ઘ અને ઉત્તમ સેવા કરી છે. હવે અમારે તમારી અન્ય વિશિષ્ટ સેવા લેવી છે.'' ચાગલા બોલી ઊઠ્યા, ''દેશની સેવા કરવા તમે કહો તે કાર્ય કરવા તૈયાર છું.'' જવાહરલાલે કહ્યું, ''અત્યારે અમેરિકામાં કુશળ ઍમ્બેસેડરની જરૂર છે. તમારે તે કામગીરી સંભાળવાની છે.'' ચાગલાને ન્યાયનું કાર્ય અતિપ્રિય હતું, પણ તે ઇન્કાર કરી શક્યા નહીં તેમણે પૂછ્યું, ''ક્યારથી મારે આ જવાબદારી સંભાળવાની છે?'' તો જવાહરલાલજીએ કહ્યું, ''તાત્કાલિક, જેમ બને તેમ જલદી.'' તેમણે થોડા દિવસોમાં ચીફ જસ્ટિસ તરીકેની કામગીરી આટોપી લીધી અને ઍમ્બેસેડર બન્યા. પાર્લમેન્ટમાં-લોકસભા અને રાજ્યસભા બંનેમાં આ માટે ઉગ્ર વિરોધ થયો. ચાલુ ન્યાયમૂર્તિને આ રીતે પદ આપવામાં ન્યાયતંત્રની સ્વતંત્રતા જળવાશે નહીં તેમ રજૂઆત થઈ. ગોવિંદ વલ્લભ પંત ગૃહપ્રધાન હતા. તેમણે ચાગલાની નિષ્પક્ષતા જણાવીને કહ્યું કે સરકારે એ બાબત ધ્યાનમાં લઈ નિર્ણય કર્યો છે કે ચાગલા હંમેશાં તટસ્થ રહી ન્યાય કરતા રહ્યા છે. મોતીલાલ સેતલવાડ જોકે ચાગલા માટે અત્યંત માન ધરાવતા હોવા છતાં તેમની આત્મકથામાં ચાગલાની આ નિમણૂકની ટીકા કરી છે. ચાગલાએ ઍમ્બેસેડર તરીકે જવાબદારી સ્વીકારી અને બખૂબીપૂર્વક નિભાવી તે બાબત જોઈએ તે પહેલાં તે ચીફ જસ્ટિસ હતા ત્યારે મોરારજીભાઈ સાથે જે સૈદ્ધાંતિક મતભેદો હતા તે જોઈ લઈએ.

## મોરારજીભાઈ અને જસ્ટિસ ચાગલા

મોરારજીભાઈ અને જસ્ટિસ ચાગલા વચ્ચે ઘણા વૈચારિક મતભેદો હતા, પરંતુ બંને વચ્ચે મિત્રતા હતી અને બંને એકબીજાને સમજવાની કોશિશ કરતા અને એકબીજાનો આદર કરતા. ન્યાયાધીશોની નિમણૂક બાબત ચાગલાનો આગ્રહ રહેતો કે શરૂઆત હાઈકોર્ટનાં સૂચનથી થાય અને મહદંશે તે સ્વીકારાય. કેટલીક વખત મોરારજીભાઈ ન્યાયાધીશની નિમણૂક બાબતે વિરોધ દર્શાવતા. તેઓ ગૃહપ્રધાન હતા. પછી મુખ્યપ્રધાન થયેલા. એક વખત ચાગલાએ એક મુસ્લિમ ન્યાયાધીશની સિનિયોરિટી નજરઅંદાજ કરી હિંદુ ન્યાયાધીશને બઢતી આપવા નિર્ણય કર્યો. તેઓ ગુણદોષના આધારે તેમ કરવા માંગતા હતા. મોરારજીભાઈએ કહ્યું કે આ લઘુમતીને અન્યાય થાય છે તેવી લાગણી પ્રવર્તશે. બીજા એક કિસ્સામાં શ્રી લાડ નામની વ્યક્તિને આસિસ્ટન્ટ જજ તરીકે નિમણૂક આપવાના પ્રસંગે તે હિંદુ મહાસભામાં સક્રિય છે તેવો વિરોધ થયો. ચાગલા દૃઢ રહ્યા અને નિમણૂક થઈ અને તે ખૂબ સારા ન્યાયાધીશ પુરવાર થયા. આવી ઘણી બાબતોમાં મતભેદ થતાં બંને વચ્ચે લાંબો પત્રવ્યવહાર થતો. આથી બંનેએ નક્કી કર્યું કે સાથે બેસીને પ્રશ્નોને ઉકેલવા. પરિણામે જસ્ટિસ ચાગલા રજાના દિવસે મોરારજીભાઈને જમવાનું આમંત્રણ પાઠવતા. ચાગલાનાં પત્ની ખૂબ જ કાળજીપૂર્વક સંપૂર્ણ શાકાહારી અને મોરારજીભાઈને અનુકૂળ આવે તેવું ભોજન પીરસતાં. ચાગલા અને તેમનાં પત્ની પણ તેવું ભોજન લેતાં. મોરારજીભાઈ કહેતા, ''હું એવો અસહિષ્ણુ નથી કે તમે મારી સાથે ટેબલ પર બેસી તમને અનુકૂળ પડે તેવું માંસાહારી ભોજન ન ખાઈ શકો.'' પરંતુ ચાગલા હંમેશાં તેમની સાથે શાકાહારી ભોજન લેતા. ચાગલા ગમ્મતમાં જણાવે છે કે અમારી આ પદ્ધતિ કારગત નીવડી, સારાં ભોજન પછી મોરારજીભાઈ સાથે પ્રશ્નો ઉકેલવામાં સરળતા રહેતી.

ચાગલા પ્રિવેન્ટિવ ડિટેન્શનના કેસમાં ઘણી વ્યક્તિઓને મુક્ત કરવાનો હુકમ કરતા. તે ચુસ્તપણે જોગવાઈના પાલનનો આગ્રહ રાખતા. આમ સરકાર વિરુદ્ધ ઘણા નિર્ણયો થતા. વળી, જાહેર કાર્યક્રમોમાં પણ ચાગલા

મુક્તપણે પોતાનું મંતવ્ય વ્યક્ત કરતા, જે ઘણી વખત સરકારની નીતિ અનુસાર ન પણ હોય. મોરારજીભાઈ આ અંગે ચાગલાને જણાવતા. આ ઉપરાંત ચાગલા ખાવા-પીવાના શોખીન હતા. તે દારૂબંધીના વિરોધી હતા. તે માનતા કે વ્યક્તિ ખાવા-પીવાની બાબતમાં સ્વતંત્ર હોવો જોઈએ અને તેની વિવેકબુદ્ધિ પર તે છોડવું જોઈએ. તે માનતા કે સરકાર જેનો અમલ કરાવી શકે તેમ નથી તેવો કાયદો ન ઘડવો જોઈએ. વળી, તેનાથી ભ્રષ્ટાચાર ફેલાતો હતો. વ્યક્તિ પોતાના ઘરની ચાર દીવાલોમાં પોતાની મરજી પ્રમાણે ખાન-પાન કરે તેમાં વાંધો ન હોવો જોઈએ, પરંતુ તે બીજાને નુકસાનકારક ન હોવું જોઈએ. જોકે તેઓ દારૂબંધી અગેનાં મંતવ્યો જાહેરમાં જણાવતા નહીં. તે માનતા કે સરકારે લોકોના હિતને ધ્યાનમાં લઈ કાયદો ઘડ્યો છે તેથી તેમના વિચારો વ્યક્ત કરવાથી લોકોના મન પર અવળી અસર પડી શકે છે. તેથી એ બાબતમાં તે મૌન રહેતા, પરંતુ કેળવણી વિષયક બાબત હોય તો તે અચૂક પોતાના વિચારો વ્યક્ત કરતા.

તેઓશ્રી લખે છે કે મોરારજીભાઈ કુશળ વહીવટકર્તા હતા, પરંતુ તેમની કે સરકારની કોઈ ટીકા કરે તો સહન કરી શકતા નહીં. અમારી વચ્ચે ઘણા વૈચારિક મતભેદો હોવા છતાં અમે સારા મિત્રો રહ્યા. જોકે અમે બંનેએ અમારા સિદ્ધાંતો પ્રમાણે જીવન વ્યતીત કર્યું. આ બાબતે એક દાખલો નોંધપાત્ર છે. ચાગલા રોજ બ્રિજ રમે. બ્રિજ રમવાના એ જબરા શોખીન. સ્ટેકથી રમે. મોરારજીભાઈ પણ બ્રિજ રમવાના શોખીન. એક દિવસ વાત થઈ કે ચાલો, આપણે બીજા બે મિત્રો બોલાવીને સાથે બ્રિજ રમીએ. મોરારજીભાઈએ કહ્યું કે હું કદી સ્ટેકથી રમતો નથી. પૈસાની લેવડદેવડ નહીં. માત્ર આનંદ ખાતર રમવાનું. મારો આ સિદ્ધાંત છે. ચાગલાએ કહ્યું, ''હું કદી સ્ટેક વગર રમતો નથી. તેમાં ગંભીરતા આવે, ખરી મઝા આવે. આ મારો સિદ્ધાંત છે.'' બંનેની ઇચ્છા હોવા છતાં બંને સાથે કદી બ્રિજ રમ્યા નહીં! બંનેએ પોતાના સિદ્ધાંત છોડ્યા નહીં.

ચાગલા માનતાં કે ન્યાયતંત્ર હંમેશાં વહીવટીતંત્રથી અલગ અને સ્વતંત્ર હોવું જોઈએ. આ અંગે તેમના સૂચનથી કાયદામાં પણ યોગ્ય સુધારા થયા. લોકકલ્યાણનું સામાન્ય ધ્યેય નજર સમક્ષ હોય તો વૈચારિક મતભેદવાળી વ્યક્તિઓ પણ મિત્રો બની શકે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

### જસ્ટિસ ચાગલાનું સન્માન અને પ્રશંસા

ચીફ જસ્ટિસ તરીકે તેમણે જે અભૂતપૂર્વ કાર્ય કર્યું તેની ભરપૂર પ્રશંસા થઈ. મુંબઈના નગરજનોએ ખૂબ ભાવભીનું સન્માન કર્યું. તે વખતે મેયર શ્રી મીરજકર હતા. લોકોએ ખૂબ હૃદયપૂર્વક ભાવ વ્યક્ત કર્યા. તે પ્રમાણે વકીલમંડળ દ્વારા વકીલો અને સૉલિસિટરોએ પણ સન્માન અને ભોજન સમારોહ ગોઠવ્યાં. તેમના વિશે સંખ્યાબંધ વ્યક્તિઓએ પ્રશંસાના પુષ્પો પાથર્યાં છે, પરંતુ અહીં માત્ર બે મહાન વકીલોના શબ્દો રજૂ કરું છું :

શ્રી એચ.એમ. શીરવાઈએ કહ્યું, ''In forty years at the Bar, I have known no such court as yours. And I keep telling young man at the Bar that no one can do justice to your work who has not felt the wonderful atmosphere of that court; the bright face, the unflagging attention, the humor, the kindliness, the courtsey. As in Kanga's chamber, so in your court it was always sunshine, but towring above all this was the feeling of absolute confidence that in your court every nerve would be strained to see that right was not worsted and that wrong would not triumph.''

શ્રી નાની પાલખીવાલાએ ચાગલા વિશે નીચે પ્રમાણે લખ્યું. ''There is an immeasurable amount of good in Chief Justice Chagla's long series of Judgements. They bear the impress of a great cultured mind-quick in perception, broad in vision, fresh in approach. The law was to him no lifeless conglomeration of sections and decisions. He illuminated justice and stmulised the law. His one burning desire was to do real justice. The man was as great as the judge. The Contry paid him great honors and gave him historic assignments, but all the times he remained gentl, modest, affectionate man.''

જસ્ટિસ ચાગલા પણ લખે છે કે ચીફ જસ્ટિસ તરીકેના મારાં 11 વર્ષ સૌથી વધુ સુગંધિત ગુલાબની સુવાસ જેવાં હતાં. જેની સુવાસ હજુ મારા મનમાં છે. જીવનની સંધ્યાએ નાની મોટી તકલીફોમાં તે દિવસોનાં સ્મરણો મારાં હૃદયને શાતા પૂરી પાડે છે. (**અપૂર્ણ** : વધુ આવતા અંકે)

**શરદભાઈ શાહ,**
એડવોકેટ, મહેસાણા, મો. 94297 36365

# સુ-લેખન : સમસ્યા અને ઉપાય

તુલસીભાઈ પટેલ

ભાષાનાં મુખ્ય બે રૂપ છે : (1) મૌખિક ભાષા અને (2) લેખિત ભાષા. શરૂઆત મૌખિક ભાષાથી થઈ હશે, પરંતુ મૌખિક ભાષાને સ્થાયી રૂપ આપવા માટે પાછળથી લેખિત ભાષાની શોધ થઈ હશે. બીજા લોકો આપણું લખાણ વાંચે એ હેતુથી આપણે લખતા હોઈએ છીએ. માટે હસ્તાક્ષર સુવાચ્ય હોય એ અપેક્ષિત છે.

હસ્તાક્ષર એ વ્યક્તિત્વનું દર્પણ છે, એવું કહેવાય છે. પરીક્ષામાં સારા ગુણ મેળવવામાં સુંદર અક્ષરો અગત્યનો ભાગ ભજવે છે. ઉત્તર સાચો હોય, પરંતુ ખરાબ અક્ષરોને કારણે વાંચી શકાય નહીં તો પરીક્ષક કંટાળીને ઓછા ગુણ આપે છે. કેટલીક પરીક્ષાઓમાં સ્વચ્છ લખાણ માટે દશ ગુણ અલગ રાખવામાં આવતા હોય છે. ગાંધીજીએ આત્મકથામાં લખ્યું છે : ''નઠારા અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.'' તો અક્ષરો સારા મરોડદાર કઈ રીતે બને? એ માટે નીચેની ત્રણ બાબતો મહત્ત્વપૂર્ણ છે :

**(૧) ચિત્રકલાનું પ્રાથમિક જ્ઞાન :**

બાળકને શરૂઆતમાં આડી, ઊભી, ત્રાંસી લીટી તથા વર્તુળ, અર્ધવર્તુળ દોરવાની પ્રેક્ટિસ કરાવવી જોઈએ. એથી ધીરે ધીરે આંગળીના સ્નાયુઓ પર તથા અક્ષરોના વળાંક પર કાબૂ આવશે. મરોડદાર અક્ષર માટે વળાંક અગત્યની બાબત છે. સારા અક્ષર માટે આંગળીના સ્નાયુઓ પર નિયંત્રણ ખૂબ જરૂરી છે. અંગ્રેજીના મૂળાક્ષરોમા ખાસ વળાંક નથી. જેમ કે ઊભી લીટી I એટલે 'આઇ' પરંતુ ગુજરાતી 'ઈ'માં કેટલા વળાંક આવે છે! એવું જ બધા અક્ષરો માટે. અંગ્રેજીમાં 'X' કરીએ એટલે એક્ષ. પરંતુ ગુજરાતીમાં 'ક્ષ' લખવા કેટલા વળાંક કરવા પડે! ગાંધીજીએ આત્મકથામાં લખ્યું છે, ''સારા અક્ષરો શીખવા માટે સારી ચિત્રકળા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય પર પહોંચ્યો છું કે બાળકોને ચિત્રકળા પ્રથમ શીખવવી જોઈએ.'' ગાંધીજીનું નિરીક્ષણ યથાર્થ છે. કાકાસાહેબ કાલેલકર લાક્ષણિક શૈલીમાં કહે છે, ''ચિત્ર વિનાનું શિક્ષણ વિ-ચિત્ર કહેવાય !

**(૨) મહાવરો :**

સારા અક્ષર કાઢવા માટે મહાવરો અર્થાત્ પ્રેક્ટિસ ખૂબ મહત્ત્વની છે. બાળક બારાખડી શીખે ત્યારથી જ મહાવરા પર ધ્યાન આપવું જોઈએ. અગાઉ કૉપીબુક ભરાવવામાં આવતી, તેથી આંગળીના ટેરવાં પર કાબૂ પ્રાપ્ત થતો. સુલેખન માટે જુદી જુદી પહોળાઈના કિત્તા આવતા. તેના વડે શરૂમાં પોલા અક્ષરો, પછી ત્રૂટક રેખાવાળા અક્ષરો અને છેલ્લે સ્વતંત્ર રીતે અક્ષરો ઘૂંટવાની પ્રેક્ટિસ કરાવવામાં આવતી. સુ-લેખન માટેની આ ખૂબ જ ઉપયોગી પદ્ધતિ આજે કહેવાતા કેળવણીકારોએ દૂર કરી છે. સારા અક્ષરો માટે આદત ખૂબ મહત્ત્વની છે. આદત કંઈ આપમેળ પડતી નથી. પ્રયત્નપૂર્વક પાડવી પડે છે.

**(૩) અનુકરણ :**

બાળક સારું યા ખરાબ અનુકરણ દ્વારા જ શીખે છે. બારાખડી શીખવનારના પોતાના અક્ષર સારા હોવા જોઈએ, કેમ કે બાળક એનું અનુકરણ કરે છે. બાળક સમક્ષ જેવા અક્ષરો હશે તેવા અક્ષરો એ કાઢશે. વિદ્યાર્થી મિત્રો ! તમે સુંદર મરોડદાર અક્ષરવાળું લખાણ જુઓ. મનમાં નિશ્ચય કરો કે મારે એવા સુંદર અક્ષરો કાઢવા છે. ધીરજપૂર્વક મરોડદાર અક્ષરોનું અનુકરણ કરવા પ્રયત્ન કરો. જરા પણ ઉતાવળ ન કરો. અનુકરણ કરતાં કરતાં આખરે તમારા પોતાના અક્ષરો પણ એવા મરોડદાર બની જશે. શિક્ષકે પણ બાળકને એ માટે સભાન રાખવો ઘટે. ઉપરોક્ત ત્રણ અગત્યની બાબતો ઉપરાંત કેટલીક ગૌણ બાબતો પણ ધ્યાનમાં લેવી જરૂરી છે :

* અક્ષર ન તો બિલકુલ ઝીણા કે ન તો અતિશય મોટા હોવા જોઈએ. માપસરના હોવા જોઈએ. અલબત્ત, જરૂર કે સંદર્ભ મુજબ નાના-મોટા અક્ષર કાઢવા પડે એ અલગ બાબત છે.
* ડાબેથી જમણી તરફ જતાં લખાણ ઉપર યા નીચે તરફ જવું જોઈએ નહીં. લખાણ સીધી રેખામાં લખાવું જોઈએ. એ માટે જરૂર પડે તો આંકેલા-લીટીવાળા કાગળનો ઉપયોગ કરવો.
* અક્ષરો સાવ ભેગા ન લખવા. બે અક્ષરો તેમજ બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખવું. બે પેરેગ્રાફ વચ્ચે પણ થોડી જગ્યા રાખશો તો લખાણ દીપી ઊઠશે.
* કેટલાક અક્ષરોના વળાંકમાં સાવ નજીવો તફાવત હોય છે. માટે કાળજીપૂર્વક વળાંક કાઢવા. જેમ કે, ઇ-ઈ, ઘ-ધ, ચ-ય, પ-ય, ત-ન, ટ-ર, ટ-ડ, ઢ-ઠ વગેરે.

અનુસંધાન પૃષ્ઠ 35 પર

# ગુરુત્વાકર્ષણ બળ...1

વિઠ્ઠલભાઈ અં. પટેલ

'ગુરુત્વાકર્ષણ બળ' લેખના અનુસંધાનમાં આ લેખ છે. આપણે પુસ્તક IIIના પહેલાં ચાર પ્રમેયો જોયાં. હવે પાંચમો પ્રમેય જોઈએ

પ્રમેય 5 : The circumjovial planets [or Satellites of Jupiter] gravitate toward Jupiter, the circumsaturnians planets [or Satellites of Saturn] gravitate toward the Saturn, and the circumsolar [or primary] planets gravitate toward the Sun, and by the force of their gravity they are always drawn back from rectilinear motions and kept in curvilinear Orbits.

ગુરુની આસપાસના ઉપગ્રહો (ચંદ્રો) ગુરુ તરફ આકર્ષાય છે, શનિની આસપાસના ઉપગ્રહો શનિ તરફ આકર્ષાય છે અને સૂર્યની આસપાસના ગ્રહો સૂર્ય તરફ આકર્ષાય છે અને તેમના ગુરુત્વાકર્ષણના બળથી સુરેખા ગતિમાં મુસાફરી કરનારને ખેંચી લઈને વક્ર ભ્રમણકક્ષામાં રાખે છે.

સાબિત કરવાનું : ગુરુ અને શનિના ઉપગ્રહોને અને સૂર્યના ગ્રહોને તેઓનાં ગુરુત્વાકર્ષણના બળો તેઓની ભ્રમણકક્ષામાં પકડી રાખે છે.

ગુરુના ઉપગ્રહો ગુરુની આસપાસ ફરે છે, શનિના ઉપગ્રહો શનિની આસપાસ ફરે છે અને તે જ પ્રમાણે સૂર્યની આસપાસ સૂર્યના ગ્રહો ફરે છે. આ બધા ફીનોમીના પૃથ્વીની આસપાસ ફરતા ચંદ્ર જેવા હોઈને

નિયમ 2 : એક જ જાતની કુદરતી અસર માટે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી સમાન કારણો આપો.

ગુરુના ઉપગ્રહોનું ગુરુની આસપાસ વર્તન, શનિના ઉપગ્રહોનું શનિની આસપાસ વર્તન અને બધા ગ્રહોનું સૂર્યની આસપાસ વર્તન, ચંદ્રના પૃથ્વીની આસપાસના વર્તન જેવું બે રીતે છે :

(1) પુસ્તક IIIનું પ્રમેય 1 દર્શાવે છે કે ગુરુ અને શનિના ઉપગ્રહો ઉપર લાગતા બળોનાં કેન્દ્રો યથાક્રમે ગુરુ અને શનિના આધારિત છે અને પુસ્તક IIIનો પ્રમેય 2 દર્શાવે છે કે સૂર્યના ગ્રહો ઉપર લાગતા બળોનું કેન્દ્ર સૂર્યના આધારિત છે. આ જ રીતે ચંદ્ર ઉપર લાગતા બળોનું કેન્દ્ર પૃથ્વીને આધારિત છે.

(2) પુસ્તક IIIના પ્રમેયો 1 અને 2થી આપણે જાણીએ છીએ કે ઉપગ્રહો ઉપર લાગતાં બળો ગ્રહોના કેન્દ્રથી ઉપગ્રહોના અંતરોના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં હોય છે જે રીતે ચંદ્ર ઉપર લાગતું બળ પૃથ્વીના કેન્દ્રથી ચંદ્રના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે.

પુસ્તક IIIના પ્રમેય 4માં આપણે જોયું કે ચંદ્ર ઉપર લાગતું બળ તે જ બળ છે જે પથ્થરને પૃથ્વી ઉપર વજનદાર બનાવે છે. આથી કેન્દ્રગામી બળ જે પૃથ્વીના કેન્દ્રથી ચંદ્રના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં હોય છે તે જ ગુરુત્વાકર્ષણ બળ.

આપણા ચંદ્ર માટે કેન્દ્રગામી બળ એ જ ગુરુત્વાકર્ષણ બળ છે. એ જ રીતે બધા ગ્રહોના ઉપગ્રહો ઉપર લાગતા કેન્દ્રગામી બળ તે ગુરુત્વાકર્ષણ બળ છે.

અઘરું પગલું : જે રીતે પથ્થર પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળના કેન્દ્ર તરફ આકર્ષાય છે તે જ રીતે ચંદ્ર પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળના કેન્દ્ર તરફ આકર્ષાય છે. તે જ રીતે ગુરુ અને શનિના ચંદ્રો ગુરુ અને શનિના ગુરુત્વાકર્ષણ બળના કેન્દ્રો તરફ આકર્ષાય છે.

આપણે ગુરુત્વાકર્ષણના સરળ અનુભવથી શરૂઆત કરીએ. પથ્થરો પૃથ્વી ઉપર પડે છે. ચોક્કસ પૃથ્વીએ

પથ્થરો માટેનું ગુરુત્વાકર્ષણ બળનું કેન્દ્ર છે. આ ગુરુત્વાકર્ષણ બળની શક્તિ (Power) ક્યાંથી મળે ? હાલના ન્યૂટનના વાચકો ગુરુત્વાકર્ષણ બળની શક્તિ પદાર્થના કેન્દ્રમાં છે તેવું માને છે જે આપણે સાબિત કર્યું નથી.

પથ્થરો નીચે પડે છે તે નક્કી છે એટલે કે ચોક્કસ પૃથ્વીના ગુરુત્વાકર્ષણબળનું અસ્તિત્વ છે. પ્રમેય 4માં આપણે જોયું કે આપણા ચંદ્રને તેની ભ્રમણ કક્ષામાં પકડી રાખે છે તે શક્તિ તે જ ગુરુત્વાકર્ષણની શક્તિ છે.

ગુરુ અને શનિ ગ્રહોના ચંદ્રો આપણી પૃથ્વીના ચંદ્રની જેમ વર્તે છે – ગ્રહની આસપાસ એ જ બળનો નિયમ અને આ બળોનાં કેન્દ્રો ગ્રહો છે. આનો અગત્યનો ઉપપ્રમેય :

ઉપપ્રમેય : Therefore, there is gravity toward all planets universally. For no one doubts that Venus, Mercury and the rest [of the planets, primary and Secondary,] are bodies of the Same kind as Jupiter and Saturn. And Since by the third law of motion, every attraction is mutual, Jupiter will gravitate toward all its Satellites, Saturn toward its Satellites, and the earth will gravitate toward the moon, and the Sun toward all the primary planets.

એના લીધે, વિશ્વવ્યાપક સર્વે ગ્રહો તરફ ગુરુત્વાકર્ષણ છે. શુક્ર, બુધ અને બાકીના ગ્રહોના અંગો ગુરુ અને શનિ જેવાં જ છે તેમાં કોઈ શંકા કરતું નથી અને એમ હોવાથી ગતિના ત્રીજા નિયમ પ્રમાણે દરેક આકર્ષણ પારસ્પરિક છે, ગુરુ તેના બધા ઉપગ્રહો તરફ આકર્ષાય છે. શનિ તેના ઉપગ્રહો તરફ આકર્ષ્યાશે અને પૃથ્વી તેના ચંદ્ર તરફ અને સૂર્ય તેના બધા મૂળ ગ્રહો તરફ.

ન્યૂટને પ્રિન્સિપિયાના પહેલા પાન ઉપર સવાલ પૂછેલો : કઈ રીતે દ્રવ્યની વ્યાખ્યા આપવી ? તેમણે જોયેલું કે દ્રવ્ય જુદી જુદી રીતે વપરાય છે. પહેલી રીત : જ્યારે જડત્વ (Inertial) જોઈએ ત્યારે; બીજી રીત : જ્યારે વજન અથવા ગુરુત્વકર્ષણની અસર જોઈએ ત્યારે.

આપણે ન્યૂટનના ગતિશાસ્ત્રનો બીજો નિયમ વાપરીને સાદા લોલકની ગતિનું પૃથક્કરણ કરીએ. સાદું લોલક પાતળી $l$ લંબાઈની દોરીથી બનાવેલું છે. દોરીના અંતે દ્રવ્ય $m_i$ લટકાવ્યું છે. ન્યૂટનના ગતિના સમીકરણમાં ડાબી બાજુએ દ્રવ્ય $m_i$ જે લોલકની જડતા દર્શાવે છે. જ્યારે જમણી બાજુએ બૉબનું વજન જે ગુરુત્વાકર્ષણનું બળ હોઈને તેને $m_G$થી દર્શાવીએ. જો લોલક નાનો ખૂણો $\theta$ બનાવતો હોય તો

$$m_i \frac{d^2\theta}{dt^2} = -m_G \frac{g}{l}\theta$$ છે. આથી

$$\frac{d^2\theta}{dt^2} = -\frac{m_G}{m_i}\frac{g}{l}\theta$$ છે, $w^2 = \frac{m_G}{m_i}\frac{g}{\ell}$ લેતાં $\ddot{\theta} = -w^2\theta$ મળે, જેનો ઉકેલ $\theta = \sin wt$ છે.

જેનો આવર્ત $T = \frac{2\pi}{w} = 2\pi\sqrt{\frac{m_i}{m_G}\frac{\ell}{g}}$ છે. આથી

$$\frac{m_i}{m_G} = \frac{T^2}{4\pi^2}\frac{g}{\ell}$$ છે. જો આપણે બે લોલક સરખી

લંબાઈના લઈએ તો $\frac{m_{i_1}}{m_{g_1}} = \frac{T_1^2}{4\pi^2}\frac{g}{\ell}$ અને $\frac{m_{i_2}}{m_{G_2}} = \frac{T_2^2}{4\pi^2}\frac{g}{\ell}$ મળે.

આથી $\frac{m_{i_1}}{m_{G_1}} = \frac{m_{i_2}}{m_{G_1}} \frac{T_1^2}{T_2^2}$

બે સાદાં લોલકો જેમની લંબાઈ સરખી છે. બંને સરખી ચાપ બનાવે છે આથી આવર્તો સરખા છે

એટલે કે $T_1 = T_2$ છે. $T_1 = T_2$ મૂકતાં આપણને $\frac{m_{i_1}}{m_{G_1}} = \frac{m_{i_2}}{m_{G_2}}$ મળે આથી આપણે કહી શકીએ કે વજન દ્રવ્યને પ્રમાણસર છે. આ બધાં પરિણામો પુસ્તક IIના પ્રમેય 24માં આપ્યાં છે.

પ્રમેય 24 : In simple pendulums whose centers of oscillation are equally distinct from the center of suspension, the quanities of matter are in a ratio compounded of the ratio of the weights and the squared ratio of the times of oscillation in a vaccum.

સાદા લોલકો જેમનાં ડોલન કેન્દ્રો (center of oscillation) લટકાવવાના કેન્દ્રોથી (center of suspension) ભિન્ન છે, તેમના દ્રવ્યોના જથ્થાનો ગુણોત્તર વજનના ગુણોત્તર અને આવર્તોના વર્ગોના સંયુક્ત છે.

**પ્રમેય 6 :**

That all bodies gravitate to each of the planets and that their weights towards whichever particular planet you please, at equal distances from the center of the planet, are proportional to the quantity of matter in each.

સર્વે પદાર્થો દરેક ગ્રહ તરફ આકર્ષાય છે અને કોઈ પણ ગ્રહના કેન્દ્રથી સરખે અંતરે દરેક પદાર્થનું વજન દરેક પદાર્થમાં રહેલા દ્રવ્યના પ્રમાણસર છે.

સાર્વત્રિક ગુરુત્વાકર્ષણનો નિયમ આપવા માટે આ પ્રમેય હાર્દરૂપ બને છે.

પ્રમેય 6ની શરૂઆત પુસ્તક IIના પ્રમેય 24ની યાદ કરાવીને ન્યૂટને તેમના પાયાના પ્રયોગોનું ટૂંકાણમાં વર્ણન કર્યું. આપણે ન્યૂટનનો સારાંશ જોઈએ.

ઘણા વખતથી ઘણા બધાંએ જોયા કર્યું છે કે ઘણા ભારે પદાર્થો સરખી ઊંચાઈથી સરખા સમયમાં પૃથ્વી ઉપર નીચે ઊતરે છે અને આપણે સમયનું સરખાપણું લોલકોની મદદથી ખૂબ જ ચોકસાઈપૂર્વક દર્શાવી શકીએ. મેં પ્રયોગો સોનું, ચાંદી, સીસુ, કાચ, રેતી, સામાન્ય મીઠું, લાકડું, પાણી અને ઘઉં લઈને કર્યા છે. મેં બે લાકડાની પેટીઓ ગોળ અને સરખી લીધી. મેં એક લાકડાથી ભરી અને સરખા વજનનું સોનું લઈને બીજી બનાવી. અગિયાર ફૂટની દોરીઓથી લટકતી પેટીઓ વજન અને આકારમાં એકદમ સરખાં લોલકો બનાવ્યાં. આગળ અને પાછળ જતાં લોલકો મેં લાંબા સમય સુધી જોયા કર્યા અને સરખાવ્યાં.

$$\frac{\text{સોનાના દ્રવ્યનું પરિમાણ (Quantity of matter in gold)}}{\text{લાકડાના દ્રવ્યનું પરિમાણ (Quantity of matter in wood)}}$$

$$= \frac{\text{સોનાનું પ્રેરકબળ (Motive force of gold)}}{\text{લાકડાનું પ્રેરકબળ (Motive force of wood)}} = \frac{\text{સોનાનું વજન}}{\text{લાકડાનું વજન}}$$

ન્યૂટનના જણાવ્યા પ્રમાણે તેમણે પ્રયોગોથી 0.1% તફાવતની ખાતરી કરી.

આ સારાંશ પછી, ન્યૂટન સ્તબ્ધ કરી દે તેવું હઠાગ્રહી નીચેનું વિધાન જણાવે છે : પણ બધી શંકાઓ વગર, ગ્રહ તરફના ગુરુત્વાકર્ષણની પ્રકૃતિ પૃથ્વી તરફની પ્રકૃતિ જેવી છે. કારણ : પ્રમેય 4નો ચંદ્ર ટેસ્ટ

આપણે કલ્પના કરીએ કે પૃથ્વી ઉપરના કોઈ પણ પદાર્થને ચંદ્રની ભ્રમણકક્ષાએ લઈ જઈએ અને ચંદ્ર અને આ પદાર્થને કોઈ પણ જાતની ગતિ વગર જવા દઈએ એટલે કે બંનેને સાથે પૃથ્વી ઉપર પડવા દઈએ. અગાઉ દર્શાવ્યા પ્રમાણે ચોક્કસપણે કહી શકીએ કે સરખા સમયમાં ચંદ્ર અને પદાર્થ સરખી સ્પેશ (Space) પસાર કરશે અને આના કારણે

$$\frac{\text{પદાર્થના દ્રવ્યનો જથ્થો (Quatity of matter)}}{\text{ચંદ્રના દ્રવ્યનો જથ્થો}} = \frac{\text{પદાર્થનું વજન}}{\text{ચંદ્રનું વજન}}$$

તદ્ઉપરાંત ગુરુના ઉપગ્રહો ગુરુની જે સમયમાં પરિક્રમા કરે છે તે સમય

$= (\text{ગુરુના કેન્દ્રથી ઉપગ્રહનું અંતર})^{3/2}$ છે.

$$\text{ગતિવર્ધન ગુરુત્વાકર્ષણ ગુરુ તરફ} = \frac{1}{(\text{ગુરુના કેન્દ્રથી અંતર})^2}$$

આથી ગુરુના કેન્દ્રથી સરખા અંતરે ગતિવર્ધન ગુરુત્વાકર્ષણ સરખું થશે. અગાઉની જેમ સરખા સમયમાં સરખી સ્પેશ પસાર કરશે. એજ રીતે સૂર્યના ગ્રહોના વધારે ઊંડાણથી અભ્યાસ માટે ચંદ્રશેખરનું લખેલું પુસ્તક ખૂબ જ ઉપયોગી છે.

**સાર્વત્રિક ગુરુત્વાકર્ષણનો નિયમ (The Universal law of Gravitation)**

આપણે ખરેખર ઐતિહાસિક રીતે પ્રિન્સિપિયાની ખૂબ જ અગત્યની જગ્યાએ પહોંચ્યા છીએ. અગત્યનાં પ્રમેયો 4 અને 6 આપ્યા પછી ન્યૂટન એમનો પ્રખ્યાત ગુરુત્વાકર્ષણનો નિયમ આપે છે. તેમના શબ્દોમાં

**પ્રમેય** 7 :

Gravity exists in all bodies universally and is proportional to the quality of matter in each.

વિશ્વવ્યાપક બધા પદાર્થોમાં ગુરુત્વાકર્ષણનું અસ્તિત્વ છે અને તે દરેક પદાર્થના દ્રવ્યના જથ્થાના પ્રમાણમાં છે.

આપણે અગાઉ સાબિત કર્યું છે કે બધા જ ગ્રહો એકબીજાને આકર્ષે છે. આ ઉપરાંત ગુરુત્વાકર્ષણ બળ દરેક ગ્રહના કેન્દ્રથી જે કોઈ ગ્રહને લાગતું ગુરુત્વાકર્ષણ બળ મેળવવું હોય તેના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણસર હોય છે. આની સાબિતી માટે પુસ્તક Iના પ્રમેય 69ની જરૂર હોઈને આપણે પુસ્તક Iનું પ્રમેય 69 જોઈએ.

**પ્રમેય** 69 :

In a system of many bodies A, B, C, D, etc, if some body A pulls all the others B, C, D, etc, with accelerative forces that are inversely as the squares of the distances from the pullying body, and another body B also pulles the rest A, C, D, etc. with forces that are inversely as the squares of the distances from the pulling body, then the absolute forces of the pulling bodies. A, B will be to each other as are the bodies. A, B themsalves, whose forces they are. આપેલી સંહિતામાં ઘણા પદાર્થો A, B, C, D વગેરે છે. જો કોઈ પદાર્થ A બાકીના બધા B, C, D વગેરેને જે ખેંચનાર પદાર્થથી અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે તેવા પ્રવેગીય બળોથી ખેંચે છે, અને બીજો પદાર્થ B પણ બાકીના પદાર્થો A, C, D વગેરેને પ્રવેગીય બળો, જે ખેંચનાર પદાર્થથી અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં છે, થી ખેંચે છે, તો

પુસ્તક Iના પ્રમેય 69થી આપણે કહી શકીએ કે બધા ગ્રહો ઉપર લાગતું ગુરુત્વાકર્ષણ બધા ગ્રહોની અંદર રહેલા દ્રવ્યના પ્રમાણસર છે. વિશેષમાં કોઈ પણ ગ્રહ Aના બધા ભાગો બીજા કોઈ પણ ગ્રહ B તરફ આકર્ષાય તો

$$\frac{\text{પદાર્થ A એ નિરપેક્ષ ખેંચનાર બળ}}{\text{પદાર્થ B એ નિરપેક્ષ ખેંચનાર બળ}} = \frac{\text{પદાર્થ Aનું દ્રવ્ય}}{\text{પદાર્થ Bનું દ્રવ્ય}}$$

$$\frac{\text{ગ્રહ Aના બધા ભાગોનું ગુરુત્વાકર્ષણ}}{\text{ગ્રહ Bનું ગુરુત્વાકર્ષણ}} \qquad \frac{\text{ગ્રહ Aના બધા ભાગોનું દ્રવ્ય}}{\text{ગ્રહ Bનું દ્રવ્ય}}$$

આ લેખ નીચેનાં પુસ્તકોનો આધારે લખાયો છે.


(1) Chandrasekhar, S., 'Newton's Principia for the common Reader.' Clarendon Press, Oxford, 1995

(2) Densmore, D. 'Newton's Principia, The Central Argument.' Third Edition, Green Lion Press, Santa Fe, New Mexico, 2003



– **વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,

મુ.પો. શેરથા, તા.જી. ગાંધીનગર મો. 94280 19042


---

અનુસંધાન પૃષ્ઠ ૩૦ ચાલુ

* દેવનાગરીમાંથી ઊતરી આવેલી આપણી ગુજરાતી લિપિ ત્રણ માળની છે. ઉપર માત્રાઓ તથા નીચે હ્રસ્વ-દીર્ઘ ઉ-ઊ લખાય છે. તે યથાસ્થાને લખવાં.
* ગુજરાતી લીટીની નીચે તથા અંગ્રેજી લીટીની ઉપર લખાય છે.
* છાપેલા જેવા અક્ષરો કરતાં મરોડદાર (કર્સીવ) અક્ષરો કલાત્મક અને આકર્ષક લાગે છે. સીધા-સાદા અક્ષરો કરતાં સહેજ જમણી તરફ ત્રાંસા લખેલા અક્ષરો સારા લાગે છે. ક્યારેક લખાણને અલગ દર્શાવવા માટે પણ ત્રાંસી (ઇટાલિક) રીતે લખવામાં આવે છે.
* સારો કાગળ, સારી પેન, કાગળની નીચેની સપાટી, લખવાના ટેબલ યા પાટલીની ઊંચાઈ, સરખો પ્રકાશ, રાત્રે લખતી વખતે ટેબલલૅમ્પનો ઉપયોગ, જેથી પ્રકાશ કાગળ ઉપર જ પડે, એ પણ ધ્યાનમાં લેવાનું જરૂરી લાગે છે.
* બહુ દાબ આપવો પડે એવી પેનથી આંગળાં દુઃખે છે અને લખવાની ઝડપ પણ ઘટે છે. માટે સરળતાથી વહેતી પેન વાપરવી અલબત્ત, કાર્બન-કૉપી માટે દાબ આપવો પડે તેવી પેન જોઈએ. આજે નવો રિવાજ શરૂ થયો છે. ખાસ કરીને બોર્ડની પરીક્ષા સમયે સ્વજનો શુભેચ્છારૂપે પેનની ભેટ આપવા ઊમટી પડે છે. એથી પરીક્ષાર્થીનો કિંમતી સમય બગડે છે. આ ઘેટાંવાદ દૂર થવો જોઈએ.
* પરીક્ષામાં તદ્દન નવી પેન ન વાપરવી, પણ અગાઉ જેનાથી ટેવાયા હોઈએ એ પેન વાપરવી. કાળી શાહીનું લખાણ સારું લાગે છે માટે એનો ઉપયોગ કરવો, પરંતુ નિયમવિરુદ્ધ ન હોય તે ધ્યાન રાખવું. વિદ્યાર્થીને વારંવાર લેખિત પરીક્ષામાંથી પસાર થવું પડે છે, માટે સુવાચ્ય અક્ષરોનું મહત્ત્વ ધ્યાનમાં લેવું જોઈએ.
* ગાંધીજીએ એવી મતલબનું કહેલું કે, ખરાબ અક્ષર એ વાચક પર હિંસા છે. જોકે એમના અક્ષર સારા ન હતા, પરંતુ એ વાત એમણે સ્વીકારી છે, ને આપણે એમાંથી બોધપાઠ લેવો ઘટે.

મેં જોયું કે, અમેરિકામાં લોકો પહેલી અને બીજી આંગળીની વચ્ચે પેન પકડે છે, વળી બિલકુલ સીધી રાખે છે. હું આપણી રીતે થોડી ત્રાંસી રાખીને લખવા ગયો તો સારામાં સારી પેન હોવા છતાં લખાયું નહીં. પાછળથી જાણ્યું ને સીધી પકડી ત્યારે લખવાનું શક્ય બન્યું. આપણે અહીં અંગૂઠો અને પહેલી આંગળી વચ્ચે પેન પકડીએ છીએ. વળી થોડી ત્રાંસી રાખીએ છીએ, એ રીતે આપણી લખવાની આદત છે. એવું લાગે છે કે, कलम थोड़ा झुककर लिखती है, तो अच्छा लिखती है ।


– **પ્રા. તુલસીભાઈ પટેલ**

મો. ૯૯૯૮૦૮૯૬૩૩

## વિશ્વસાહિત્યની અટારીએથી :

# સ્વેત્લાના એલેક્સીવિચ (Svetlana Alexievich)

## (બેલારૂસ) (નોબલ પ્રાઈઝ : ૨૦૧૫)

સંશોધનાત્મક પત્રકાર, નિબંધકાર અને મૌખિક ઇતિહાસકાર (oral historian) એવા સ્વેત્લાના એલેક્સીવિચ નોબલ પ્રાઇઝથી સન્માનિત બેલારૂસનાં પ્રથમ સાહિત્યકાર છે. પત્રકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર એલેક્સીવિચ પોતે લખેલાં સાહિત્યને દસ્તાવેજી સાહિત્ય (documentary literature) તરીકે ઓળખાવવાનું પસંદ કરે છે. પશ્ચિમ યુક્રેનિયન શહેર સ્ટેનિસ્લાવમાં બેલારૂસિયન પિતા અને યુક્રેનિયન માતાના કૂખે જન્મેલાં એલેક્સીવિચનો ઉછેર બેલારૂસમાં થયો હતો. હાઈસ્કૂલનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેઓ બેલારૂસિયન સ્ટેટ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયાં અને 1976માં બેલારૂસની રાજધાની મિન્સ્ક ખાતે સાહિત્યિક સામયિક ન્યોમન (Nyoman) માટે સંવાદદાતા બન્યાં. સંવાદદાતા તરીકેની કામગીરી દરમિયાન તેમણે સોવિયત ઇતિહાસમાં ઘણી નાટકીય ઘટનાઓના કલાત્મક રીતે રચાયેલા મૌખિક ઇતિહાસ લખ્યા, જેમાં બીજું વિશ્વ યુદ્ધ, અફઘાનયુદ્ધ, સોવિયત યુનિયનનું વિસર્જન અને ચર્નોબિલ પરમાણુ દુર્ઘટના મુખ્ય ગણી શકાય.

એલેક્સીવિચની પ્રથમ કૃતિ War's Unwomanly Face 1985માં પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ તે અગાઉ 1984માં સોવિયત માસિક સામયિક Oktyabrમાં ટૂંકી આવૃત્તિ રૂપે પ્રકાશિત થઈ હતી. પ્રકાશનનાં પાંચ વર્ષના ટૂંકા ગાળામાં આ પુસ્તક અનેકો વખત પુનઃમુદ્રિત થયું અને તેની 20 લાખથી પણ વધુ નકલો વેચાઈ હતી. આ પુસ્તકમાં એલેક્સીવિચ બીજા વિશ્વયુદ્ધમાં સોવિયત મહિલાઓની ભૂમિકા અને તેમના જાત-અનુભવોનો ચિતાર આપે છે. આ મહિલાઓ યુદ્ધના અગ્રિમ મોરચે, ઘરના મોરચે અને કબજે કરેલા પ્રદેશોમાં લડ્યાં હતાં. આ મહિલાઓ – કુલ મળીને એક મિલિયનથી વધુ – નર્સ અને ડૉક્ટરો, પાઇલોટ, ટેન્ક ડ્રાઇવરો, મશીન-ગનર્સ અને સ્નાઈપર્સ હતાં. તેઓ પુરુષો સાથે લડ્યાં અને છતાં, વિજય પછી તેમનાં પ્રયત્નો અને બલિદાન જાણે સાવ જ વિસારી દેવામાં આવ્યાં હતાં. આ મહિલાઓના અનુભવોની નોંધ લખવા માટે એલેક્સીવિચે હજારો માઈલની મુસાફરી કરી અને સો કરતાં વધુ નગરોની મુલાકાત લીધી. મહિલાઓના અવાજોની આ સિમ્ફની યુદ્ધના એક તદ્દન અલગ જ પાસાંને છતી કરે છે જે ક્યાંય કોઈ આધિકારીક યુદ્ધના દસ્તાવેજોમાં જોવા મળતા નથી. પ્રસિદ્ધ ભાષાંતરકાર રિચાર્ડ પેવર (Richard Pevear) અને લારિસા વોલોકોન્સ્કી (Larissa Volokhonsky) દ્વારા અનુવાદિત આ પુસ્તક વીસમી સદીના કેન્દ્રીય સંઘર્ષનું એક શક્તિશાળી અને કરુણ વર્ણન છે. આ જ વિષય-વસ્તુ ઉપર આધારિત 1985માં પ્રકાશિત થયેલ Last Witnesses: An Oral History of the Children of World War II બીજા વિશ્વ-યુદ્ધમાં ભાગ લેનારાં બાળકોનાં સંસ્મરણોનું વર્ણન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ પુસ્તક બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બાળકોની યાદોનો સંગ્રહ છે. આ બાળકોએ ક્યારેક સૈનિકોની ભૂમિકા અદા કરી હતી તો ક્યારેક યુદ્ધનાં મૂક સાક્ષી પણ હતાં. તેમની આખી પેઢી યુદ્ધના આઘાત સાથે ઉછરી હતી. આ પુસ્તક થકી એલેક્સીવિચ એવા લોકોને અવાજ આપે છે જેમની યાદો સત્તાવાર વર્ણનોમાં 'ખોવાઈ' ગઈ છે. આ પુસ્તક વ્યક્તિઓના અંગત અને ખાનગી અનુભવોમાં ધરબાયેલા એક શક્તિશાળી અને છુપાયેલા ઇતિહાસને ઉજાગર કરે છે.

1989માં પ્રકાશિત થયેલું એલેક્સીવિચનું **નોબલ પારિતોષિક વિજેતા પુસ્તક 'Zinky Boys'** ખાસા એવા વિવાદનું જનક હતું. આ પુસ્તકનો વિષય હતો – અફઘાનયુદ્ધમાંથી ઝીંક શબપેટીઓમાં પાછા ફરેલા સૈનિકો. 1979 થી 1989 સુધી એક મિલિયન સોવિયેત સૈનિકો અફઘાનિસ્તાનમાં વિનાશક યુદ્ધમાં રોકાયેલા હતા, જેમાં 50,000 જાનહાનિનો દાવો કરવામાં આવ્યો હતો. યુ.એસ.એસ.આર.માં જ્યારે આ પુસ્તક પ્રથમ વખત પ્રકાશિત થયું ત્યારે અભૂતપૂર્વ વિવાદ અને આક્રોશ ઊભો થયો હતો. એટલું જ નહીં, સમીક્ષકો દ્વારા પણ તેને સ્પષ્ટપણે વખોડી દેવામાં આવ્યું. અલબત્ત, આ પુસ્તક માત્ર કલ્પનાની જ ફળશ્રુતિ નહોતું. Zinky Boys

અધિકારીઓની નિખાલસ અને પ્રભાવિત જુબાની રજૂ કરે છે અને નર્સો અને વેશ્યાઓ, માતાઓ, પુત્રો અને પુત્રીઓના મુખે યુદ્ધ અને તેની વિનાશાત્મક અસરોનું વર્ણન કરે છે. એક તરફ સોવિયેત મૃતકોને સીલબંધ ઝીંક શબપેટીઓમાં પાછા મોકલવામાં આવ્યા હતા (તેથી ઝીંકી બૉયઝ શબ્દ), જ્યારે બીજી બાજુ સોવિયત સરકારે આ યુદ્ધને માનવાનો નનૈયો ભણી દીધો હતો. આ પુસ્તક થકી એલેક્સીવિચ સોવિયેત-અફઘાન યુદ્ધનું સત્ય બેખૂબીથી ઉજાગર કરે છે – એવું સત્ય જેમાં દેશની સુંદરતા અને ક્રૂર સૈન્યની ગુંડાગીરી, હત્યા અને વિકૃતીકરણ, પશ્ચિમી ચીજવસ્તુઓની પ્રચુરતા, પરત આવેલા નિવૃત્ત સૈનિકોની શરમ અને વિખેરાઈ ગયેલી જિંદગી. ઝીંકી બૉયઝ યુદ્ધની વાસ્તવિકતાઓની એક અનોખી, કષ્ટદાયક અને અવિસ્મરણીય શક્તિશાળી સમજ આપે છે. એલેક્સીવિચના નોબલ પ્રાઇઝ જીતવાની સાથે સાથે આ પુસ્તકનું પુનઃપ્રકાશન અને વેચાણ સમગ્ર વિશ્વમાં શરૂ થયું. સ્વાભાવિક છે કે આ પુસ્તકના પ્રકાશન બાદ લેખિકાને અનેકવિધ આરોપો અને ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો. તેમના ઉપર ‘‘બદનક્ષી’’ અને ‘‘સૈનિકોનાં સન્માનની અપવિત્રતા’’ના આરોપ મૂકવામાં આવ્યા હતા. 1992થી 1996 વચ્ચે અનેક વાર તેમના ઉપર કેસ ચલાવવામાં આવ્યા હતા. લુકાશેંકો (Lukashenko) વહીવટીતંત્ર દ્વારા રાજકીય દમન પછી તેણીએ 2000માં બેલારૂસ છોડી દીધું હતું. 2000થી 2010 દરમિયાન તેઓ પૅરિસ, ગોથેનબર્ગ અને બર્લિનમાં રહ્યાં અને અંતે 2011માં મિન્સ્ક પરત ફર્યાં. સોવિયત-અફઘાન યુદ્ધ દરમિયાન તેમણે પોતાના વિશેષાધિકારનો ઉપયોગ કરીને કાબુલનો પ્રવાસ કર્યો અને અફઘાનિસ્તાનથી પરત ફરેલા રશિયનોનો સંપર્ક કરીને તેમના અનુભવો એકઠા કર્યા. આ પુસ્તકમાં એલેક્સીવિચ પોતાને **‘untraceable historian’** તરીકે ઓળખાવે છે.

એલેક્સીવિચનાં પુસ્તકો સોવિયત યુનિયન દરમિયાન અને તેના વિઘટન પછીના વ્યક્તિના ભાવનાત્મક ઇતિહાસને ઇંટરવ્યૂના કૉલાજ દ્વારા અન્વેષણ કરે છે. રશિયન લેખક અને વિવેચક દિમિત્રી બાયકોવ (Dmitry Bykov)ના જણાવ્યા મુજબ એલેક્સીવિચનું સાહિત્ય બેલારૂસિયન લેખક એલેસ એડમોવિચ (Ales Adamovich)ના વિચારોને આભારી છે; જેઓ માનતા હતા કે 20મી સદીની ભયાનકતાનું વર્ણન કરવાનો શ્રેષ્ઠ માર્ગ કાલ્પનિક રચના (fiction) દ્વારા નહીં, પરંતુ આ ઘટનાઓમાંથી પસાર થયેલા સાક્ષીઓની જુબાનીઓ રેકોર્ડ કરીને છે. એલેક્સીવિચે પોતે પણ એડમોવિચ અને અન્ય બેલારૂસિયન લેખક વાસિલ બાયકાઉ (Vasil Baykau)ના પ્રભાવની પુષ્ટિ કરી છે. Zinky Boysની સાથે સાથે ચર્નોબિલ દુર્ઘટનાનો મૌખિક ઇતિહાસ વર્ણવતું Voices from Chernobyl (1997) પણ એટલું જ નોંધપાત્ર પુસ્તક છે. આ પુસ્તકનું લેખનકાર્ય અંદાજે 10 વર્ષ કરતાં પણ વધુ સમય ચાલ્યું હતું, જે દરમિયાન તેમણે અગ્નિશામકો, સફાઈ ટીમના સભ્યો, રાજકારણીઓ, ચિકિત્સકો, ભૌતિકશાસ્ત્રીઓ અને સામાન્ય નાગરિકો સહિત 500થી વધુ પ્રત્યક્ષદર્શીઓની મુલાકાત લીધી હતી. આ પુસ્તક ચેર્નોબિલ અકસ્માતની મનોવૈજ્ઞાનિક અને વ્યક્તિગત દુર્ઘટનાથી સંબંધિત છે, અને વ્યક્તિઓના અનુભવો અને આપત્તિઓએ તેમના જીવનને કેવી રીતે અસર કરી તે વિશે શોધ કરે છે. આ પુસ્તકનાં અમેરિકન ભાષાંતરને 2005નું નેશનલ બુક ક્રિટીક્સ સર્કલ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. Enchanted by Death (1994) પુસ્તકમાં સોવિયત સંઘના પતન પછી સોવિયત નાગરિકો દ્વારા કરવામાં આવેલી આત્મહત્યા અને આત્મહત્યાના પ્રયાસોની વાર્તા કહેવામાં આવી હતી. એલેક્સીવિચ એવા લોકોને અવાજ આપે છે જેમની નૈતિક વેદના એટલી તીવ્ર છે કે તેમને જીવવું જ લગભગ અશક્ય લાગ્યું હતું. સામ્યવાદી વિચારધારા વગરનું જીવન આ લોકો માટે એક અકલ્પનીય વિચાર અને વાસ્તવિકતા હતી અને તેથી જ આત્મહત્યા એકમાત્ર સુલભ રસ્તો છે તેવું તેઓ માનતા હતા.

1993 બાદ બેલારૂસના સરકારી માલિકીના પ્રકાશનગૃહો દ્વારા તેમનાં પુસ્તકોનું પ્રકાશન બંધ કરવામાં આવ્યું હતું, જ્યારે ખાનગી પ્રકાશકોએ તેમનાં માત્ર બે જ પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. પરિણામે એલેક્સીવિચ બેલારૂસ કરતાં અન્ય દેશોમાં વધુ જાણીતાં છે. વિન્સ્ટન ચર્ચિલ બાદ તેઓ વિશ્વના બીજા સાહિત્યકાર છે જેમને non-fiction માટે સાહિત્યનું નોબલ પ્રાઇઝ મળ્યું છે. તેણીના પોતાના શબ્દોમાં :

**‘હું એક એવી સાહિત્યિક પદ્ધતિ શોધી રહી છું જે વાસ્તવિક જીવનના સૌથી નજીકના અનુભવને કાગળ ઉપર ઉતારી શકે. વાસ્તવિકતા હંમેશાં મને ચુંબકની જેમ આકર્ષિત કરે છે, તેણે મને ત્રાસ આપ્યો અને હિપ્નોટાઇઝ પણ કરી છે, હું તેને કાગળ પર કેપ્ચર કરવા માંગતી હતી. તેથી મેં તરત જ વાસ્તવિક માનવ અવાજો અને**

**કબૂલાતો, સાક્ષીઓ, પુરાવાઓ અને દસ્તાવેજોની આ શૈલીને યોગ્ય બનાવી. આ રીતે હું વિશ્વને સાંભળું છું અને જોઉં છું – વ્યક્તિગત અવાજોના સમૂહગીત અને રોજિંદા વિગતોના કૉલાજ તરીકે. મારી આંખ અને કાન આ રીતે કાર્ય કરે છે. આ રીતે મારી બધી માનસિક અને ભાવનાત્મક ક્ષમતાઓ પૂર્ણપણે અનુભવાય છે. આ રીતે હું એકસાથે એક જ સમયે લેખક, સંવાદદાતા, સમાજશાસ્ત્રી, મનોવિજ્ઞાની અને ઉપદેશક બની શકું છું.'** તેમનાં વિવિધ લખાણો અને રાજકીય આલોચનાને કારણે તેઓ સદાય તેમના પોતાના દેશમાં ઉપેક્ષિત થતાં આવ્યાં છે. ઑગસ્ટ 2021માં તેમનું પુસ્તક The Last Witnessને બેલારૂસમાં શાળાના અભ્યાસક્રમમાંથી બાકાત રાખવામા આવ્યું હતું. 2022માં યુક્રેન પર રશિયન આક્રમણ વખતે બેલારૂસની ભૂમિકા ઉપર આંગળી ઉઠાવનારાં તેઓ સૌ પ્રથમ બૌદ્ધિક હતાં. બેલારૂસની સંડોવણીના સંબંધમાં તેમણે કહ્યું કે, **'આક્રમક દેશને પોતાનો પ્રદેશ પૂરો પાડવો એ ગુનામાં સામેલગીરી સિવાય બીજું કઈ નથી.'** એલેક્સીવિચને વર્ષ 2015 માટેનું સાહિત્યનું નોબેલ પુરસ્કાર એનાયત કરતી વખતે, **સ્વીડિશ એકેડમીએ** તેમના કાર્યને **'આપણા સમયમાં વેદના અને હિંમતનું સ્મારક'** તરીકે વખાણ્યું હતું. નોબલ પ્રાઇઝ ઉપરાંત તેઓને વિવિધ દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી એવૉર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા; જેમ કે, 2013નું German Book Tradeનું Peace Prize, ફ્રેન્ચ સાહિત્યિક મૅગેઝિન Lire દ્વારા Time Second Hand પુસ્તક માટે બેસ્ટ બુક ઑફ ધ યરનો ખિતાબ, 2011માં સાહિત્યિક અહેવાલ (literary reportage) માટે પોલેન્ડનો Ryszard Kapuscinski Award, 2006માં ન્યૂ યોર્ક ખાતે National Book Critics Circle Nonfiction Award, 2000માં બર્લિન ખાતે Robert GeisendÖrfer Radio Play Prize of the German Academy of the Performing Arts, 1997માં મોસ્કો ખાતે Andrei Sinyavsky Prize, 1996માં સ્ટોકહોમ ખાતે Kurt Tucholsky Prize of the Swedish PEN Club નોંધપાત્ર છે. તેણીનાં પુસ્તકોનો 45થી પણ વધુ વિશ્વની અલગ અલગ ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે અને અત્યાર સુધીમાં 47 દેશોમાં પ્રકાશન કરવામાં આવ્યું છે, જેના આધારે આશરે એક ડઝન નાટકો અને વીસથી વધુ દસ્તાવેજી ફિલ્મો બનાવવામાં આવી છે. આજે સ્વેત્લાના એલેક્સીવિચ મિન્સ્કમાં રહીને પોતાના લેખનકાર્યમાં એટલા જ સક્રિય છે, જોકે સરકાર દ્વારા તેણીને સંસ્થાઓમાં ભાષણ આપવા અને ટેલિવિઝન અને રેડિયો પર બોલવા પર પ્રતિબંધ મૂક્યો છે.

**Further Reading :**


Alexievich, Svetlana. Chernobyl Prayer : A Chronicle of the Future, Dalkey Archive Press, 2023.

— Zinky Boys : Soviet Voices from the Afghanistan War, W. W. Norton & Company, 2023.

— Secondhand Time : The Last of the Soviets, Random House, 2016.

— The Unwomanly Face of War : An Oral History of Women in World War II, Random House, 2017.

— Ed. In Search of the Free Individual: The History of the Russian-Soviet Soul (Distinguished Speakers Series). Cornell Global Perspectives; Bilingual edition (January 15, 2018).

Clements, Barbara E. A History of Women in Russia : From Earliest Times to the Present. Bloomington: Indiana University Press, 2012.

Hartsock, John C. 'The Literature in the Journalism of Nobel Prize Winner Svetlana Alexievich.' Literary Journalism Studies, vol. 7, no. 2, Fall 2015, pp. 36–49.

Lapidus, Gail W. Women in Soviet Society : Equality, Development, and Social Change. Berkeley, CA : University of California Press, 1979.



**ડૉ. મનીષ વ્યાસ**

એલ.ડી. આર. પી. એન્જિનિયરિંગ કૉલેજ

સેક્ટર-૧૫, ગાંધીનગર.

૯૪૨૮૦૪૭૪૬૩

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**દસ્તાવેજ સંગ્રહ, ભાગ-2 : બ્રિટિશકાલના અને અન્ય દસ્તાવેજો / લેખન - સંપાદન : રસિલા કડિયા.** અમદાવાદ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, 2023. 20 + 400 પૃ. કિં. રા. 1300. ISBN : 978-93-92266-94-2

દસ્તાવેજ એ જે તે કાળખંડના ઇતિહાસની જાણકારી માટે એક મહત્ત્વપૂર્ણ આધારસ્રોત છે. 19 મી સદીના વિખ્યાત જર્મન ઇતિહાસકાર લિયોપોલ્ડ વૉન રેન્ક (Leopold Von Ranke)નું સ્પષ્ટ મંતવ્ય રહ્યું છે કે 'No Document No History' દસ્તાવેજો ઐતિહાસિક, રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક, ભાષા, લિપિ વગેરેની દૃષ્ટિએ બહુમૂલ્ય ઉપયોગિ સ્રોત હોવા છતાં આપણે તેની સાચવણી/જાળવણી માટે પ્રાયઃ ઉપેક્ષા સેવીએ છીએ. દસ્તાવેજોનાં પ્રબુદ્ધ અભ્યાસી ડૉ. રસિલા કડિયાએ પણ જાત અનુભવના આધારે નોંધ્યું છે કે 'ગુજરાતમાં સોલંકીકાળ સુધીના દસ્તાવેજો મોજૂદ રહ્યા નથી. ગુજરાતના સલ્તનતકાલીન દસ્તાવેજો અતિ અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ છે.' (દસ્તાવેજ સંગ્રહ. 2016 : પૃ. 188). આ સંદર્ભે ઉલ્લેખ કરવો રહ્યો કે ગુજરાતનો આધારભૂત ઇતિહાસ મૌર્યકાળથી જ પ્રાપ્ત થાય છે. આપણી આ એક વિડમ્બના જ ગણવી રહી અને આમેય મેકડોનાલ્ડ વગેરે યુરોપિયન પૌર્વાત્યવિદોનાં મંતવ્યોની સાથે સૂર પુરાવતાં આપણા પ્રબુદ્ધ સારસ્વત આનંદશંકર બાપુભાઈ ધ્રુવે પણ કહ્યું છે કે 'ભારતીયોમાં ઐતિહાસિક ઇંદ્રિયનો અભાવ છે.' આ માત્ર આળ જ નથી, પરંતુ વાસ્તવિક્તાના દર્શન હેતુ આપણી સાંસ્કૃતિક ધરોહર એવી સંસ્કૃત ભાષામાં ડોકિયું કરીએ તો ઇતિહાસની નહિવત્ કળીઓ ઉપલબ્ધ છે અને તે પણ સુદીર્ઘકાળ બાદથી જ, તેમજ કેટલીક કૃતિઓમાં ઉલ્લેખિત બહુવિધ ગ્રંથો અને ગ્રંથકારો વિશે કોઈ માહિતી પ્રાપ્ત ન થવી, પ્રાપ્ત કેટલીક કૃતિઓના કર્તા કોણ તો કેટલાક કર્તાઓના નામોલ્લેખ સિવાય કોઈ જ માહિતી મળતી નથી. આ વાસ્તવિક્તાને કઈ રીતે નજરઅંદાજ કરી શકાય ? અરે! આ તો દૂરની વાત રહી, આઝાદી પૂર્વેનાં નાનાં રજવાડાં /ઠકરાતો સંબંધી કોઈ પીએચ.ડી.નો શોધાર્થી કોઈ વિષય લઈ બેસે તો તેને અપેક્ષિત માહિતી મળશે ખરી ? શું તેમના વંશજોએ પોતાનો ઇતિહાસ જાળવી રાખ્યો હશે ખરો ? આ સંબંધી કોઈ દસ્તાવેજી સામગ્રી તેમણે એકઠી કરી રાખી હશે ખરી ? આ સંદર્ભે આ લખનારે પોતાના સન્મિત્ર કે જેમના પિતાશ્રી આઝાદી પૂર્વે છઠ્ઠા વર્ગના શાસક હતા, તેમને પૃચ્છા કરતાં નિખાલસાતાપૂર્વક જણાવ્યું કે આજે આ સંબંધી અમારી પાસે કોઈ દસ્તાવેજી સામગ્રી ઉપલબ્ધ નથી. એક સમયે પ્રચલિત વહીવંચા પરંપરા જે આજે નામશેષ થઈ ગઈ છે. બારોટો પાસે સચવાયેલ વહીઓનું ડિજિટાઇઝેશન કરીને તેમાં ધરબાયેલ બહુમૂલ્ય ઐતિહાસિક, સામાજિક વગેરે માહિતીનું જતન કરવા જેવું છે. આ દિશામાં આપણે જાગવાની જરૂર છે.

આ ગ્રંથમાં કુલ 49 દસ્તાવેજો, 1 શિલાલેખ અને અ.નં. 51 અંતર્ગત વણવપરાયેલાં ૫ સ્ટૅમ્પપેપર્સ (દસ્તાવેજો)નો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ 49 દસ્તાવેજો પૈકી 1 વડોદરા, 1 મોરબીના લજાઈ ગામ, 1 સરખેજ, 1 સેજકપુર, 1 અજ્ઞાત સ્થળ (અં.નં. 48), 4 જામનગર-નવાનગર, 4 ઉમરેઠ અને 36 અમદાવાદના છે, અને 1 શિલાલેખ રખિયાલ (અમદાવાદ)માં સ્થિત શિવમંદિરનો છે. શિલાલેખ સિવાયના બધા જ દસ્તાવેજો જમીન/ઘર વેચાણ, ગીરો, ભાડાચિઠ્ઠી, બાનાખત, ફારગતી, મકાનની વહેંચણી, ખેતરનો રસ્તો. માલિકી હક્ક માટેની સનદ વગેરે સંબંધી છે. અમદાવાદના 36 પૈકી 1 દસ્તાવેજ સરકાર દ્વારા આપવામાં આવેલી જમીનના માલિકી હક્ક માટેની સનદ છે. લેખનવર્ષની દૃષ્ટિએ જોઈએ તો રખિયાલનો શિલાલેખ ઈ.સ. 1585નો છે, જ્યારે બાકીના દસ્તાવેજો ઈ.સ. 1830થી 1947 (આઝાદી પૂર્વે) સુધીના સમયગાળામાં લખવામાં આવેલા છે. આ બધા દસ્તાવેજોની અહીં પ્રસ્તુતિ તેના અભ્યાસની અનુકૂળતાને ધ્યાને લઈ પ્રકરણ - 1

અમદાવાદ શહેર સિવાયના, દસ્તાવેજો, **૨.અ** અમદાવાદ શહેરના વિસ્તારના અલ્પસંખ્યક દસ્તાવેજો, **૨.બ.** અમદાવાદ શહેરના વિસ્તારોના બહુસંખ્યક દસ્તાવેજો : લુણસાવાડો, ધનાસુથારની પોળ, દેવસાનો પાડો. **3.** વિશિષ્ટ દસ્તાવેજોના પ્રકરણો હેઠળ કરવામાં આવી છે. આ ઉપરાંત જે-તે પ્રકરણના અંતમાં પેટા પ્રકરણ અંતર્ગત સારાંશ સાથે તેનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. પ્રકરણ-4 : ઉપસંહાર. અને છેલ્લે 6 મૂલ્યવાન પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે.

પ્રથમ દૃષ્ટિએ આ બધા દસ્તાવેજો જે હેતુ સર તૈયાર કરવામાં આવ્યા હતા તે હેતુઓ જે-તે સમયાવધિમાં પરિપૂર્ણ થઈ ગયા હોવાથી આજે આ દસ્તાવેજો કાળગ્રસ્ત થઈ ગયા છે, અર્થાત્ તેનું કોઈ સાપેક્ષ મૂલ્ય રહ્યું નથી. આમ છતાં જે તે કાળખંડના રાજકીય, ભૌગોલિક, સામાજિક, લિપિ, ભાષા, લેખનની રીતિ-નીતિ, વર્ણવિકાસ વગેરેના અભ્યાસ માટે આ દસ્તાવેજો પ્રમુખ દસ્તાવેજી આધારસ્રોત છે. વિવિધ પ્રકારનાં સંશોધનો માટે અણમોલ સંપદા બની રહે છે.

સંશોધિકા દ્વારા દસ્તાવેજના લિપ્યંતર પૂર્વે દસ્તાવેજ કોની પાસેથી મૂળ સ્વરૂપે કે તેની ફોટોકૉપી પ્રાપ્ત થઈ, જેમ કે, અ.નં. 14 ફાલ્ગુન વિજયકર, અ.નં. 18 પરિમલ દલાલ, દેવસાના પાડાના 8 દસ્તાવેજો - અ.નં. 39 થી 46 ગૌતમભાઈ ગરીવાલા વગેરે પાસેથી, ઉપરાંત દસ્તાવેજની ભૌતિક વિગતો, જેમ કે, ભૌતિક સ્થિતિ અને માપ (ફક્ત મૂળદસ્તાવેજ માટે), ભાષા અને લિપિ, કુલ લીટીઓ, પ્રત્યેક લીટીમાં અક્ષરો, છેકછાક કે ડાઘાડૂઘી, કોઈ અક્ષર/શબ્દ અવાચ્ય હોય - ઉદા., તરીકે અ.નં. 1ની 17મી લીટીનું લખાણ અવાચ્ય, અ.નં. 16 માં સાકર, શેરડી, સુખડી પાન શોતનો અર્થ ન સમજવો (અલબત્ત લક્ષણાર્થ), સ્ટૅમ્પપેપર કયા રાજ્યનો અને તેના કયા શાસકનો ફોટો છે અને તેની કિંમત, કચેરીની કાર્યવાહી, મત્તુ અને શાખ, સિક્કાનું લખાણ, સનદીની વિગતો વગેરે ઝીણામાં ઝીણી મહત્ત્વની બહુવિધ ભૌતિક વિગતો અહીં નોંધવામાં આવી છે. દસ્તાવેજની વ્યક્તિગત ઓળખ માટે આ બધી બાહ્ય વિગતો આવશ્યક બની રહે છે. પ્રત્યેક દસ્તાવેજની ભૌતિક ઓળખ કરાવ્યા બાદ દસ્તાવેજના સ્વરૂપની ઓળખ કરાવીને દસ્તાવેજનો પ્રારંભ, જેમ કે, ભલે મીંડું વગેરે, ભાષા-શૈલી, ક્વચિત્ તેની કેટલીક લાક્ષણિકતાઓ, જેમ કે અંગ્રેજી, ઉર્દૂ, ફારસી શબ્દોનો પ્રયોગ, અનુસ્વારનો નહિવત્ ઉપયોગ, ળ ને સ્થાને ૨ - દા.ત., ભાડાવારી, સ ને સ્થાને છ, જેમ કે, સીમાને સ્થાને છીમા (પૃ. ૨૧, 36-38, 122, 168 વગેરે) વગેરે ઉજાગર કરી આપવાની સાથે તેના વિષયવસ્તુનો સારગ્રાહી પરિચય કરાવ્યો છે.

અહીં સંગૃહીત-સંપાદિત પ્રત્યેક દસ્તાવેજનું ઝીણી દૃષ્ટિએ અવલોકન કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે સંશોધિકા - સંપાદિકાએ પ્રત્યેક દસ્તાવેજનું લિપ્યંતર કરીને તેના મૂળપાઠને સુવાચ્ય સ્વરૂપમાં રજૂ કર્યા છે. આ સાથે જ દસ્તાવેજમાં વપરાયેલ શબ્દો કે જે પ્રવર્તમાન સમયમાં બોલચાલમાં વપરાતા નથી કે કાળગ્રસ્ત થઈ ગયા છે તેવા શબ્દોને વીણી વીણીને તેના દસ્તાવેજને અભિપ્રેત એવા અર્થો પરિશિષ્ટ-૨ : દસ્તાવેજ શબ્દકોશ (પૃ. 314-322)માં આપ્યા છે. સંશોધિકા તરીકે ઋણસ્વીકારની ભાવના પણ દૃષ્ટવ્ય બની રહે છે, જેમ કે, સંશોધિકાએ રાયણ, ચારડા/કયારડા અને કીટનીશ શબ્દોની શાસ્ત્રીય સમજ પૂરી પાડવા માટે પુરાતત્ત્વવિદ, ઇતિહાસવિદ અને ભાષાવિજ્ઞાનના અભ્યાસુ પ્રા. હેમંત દવેનો ઋણસ્વીકાર (પૃ. 38) કરવો. પ્રથમ બે શબ્દો સંદર્ભે નોંધ કરવી રહી કે આજે પણ મહેસાણા જિલ્લામાં રાયણ માટે રાંણ/રાંણો/રોણો અને ચાયડો શબ્દ વ્યવહારમાં પ્રયોજવામાં આવે છે. ચાયડો એટલે એવું ખેતર કે જેમાં આજુબાજુનાં ખેતરોનું પાણી તેના કાંપ સાથે ઠલવાતું હોય છે, પરિણામે ચાયડાની જમીન ફળદ્રુપ હોય છે. પાણી ભરાઈ રહેવાના કારણે આવું ખેતર પ્રાયઃ દિવાળી સુધી બિનઉત્પાદક રહે છે, સિવાય કે જ્યાં ભરપૂર વરસાદ થતો હોય ત્યાં ચાયડા/ચારડા/કારડામાં ડાંગર રોપવામાં આવે છે. કયારડો એટલે કયારા/ચાયડાની જમીન. આ સંપાદન અને લિપ્યંતરમાં કોઈ સંદિગ્ધતા ન રહે તે હેતુસર ‘દસ્તાવેજોના લિપ્યંતર કરેલ મૂળ પાઠ બાબતે થોડી નોંધ’ - પ્રારંભિક પૃ. 15।-16 ઉપર 15 બાબતોમાં, જેમ કે, કોઈ વર્ણ કે શબ્દ સુધારીને મૂકવો, અવાચ્ય કે ખૂટતો વર્ણ/શબ્દ દસ્તાવેજની પરિપાટી અનુસાર કે અનુમાનિત કરીને મોટા કૌંસમાં દર્શાવવો, પુનરુકિત પામતી વિગત છગડિયા કૌંસમાં

મુકવી, અવાચ્ય લખાણ - પદ કે પદાવલિની ખાલી જગ્યા વાંકડિયા રેખાથી દર્શાવવી, વગેરેની સ્પષ્ટતાસૂચક નોંધો શાસ્ત્રીય અભિગમની દૃષ્ટિએ ધ્યાનાર્હ બની રહે છે.

સંશોધિકાનો હેતુ દસ્તાવેજોની પ્રાપ્તિ અને તેના લિપ્યંતર ઉપરાંત સવિશેષતઃ પ્રત્યેક દસ્તાવેજમાં ઉલ્લેખિત રાજકીય, ભૌગોલિક, સામાજિક, સ્થાપત્ય, ચલણ વગેરે માહિતીનો કોઈ એક ભૌગોલિક વિસ્તારના કે કોઈ કાળખંડના કે વિશિષ્ટ સ્વરૂપના દસ્તાવેજોના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં ગહન અધ્યયન કરવાનો રહ્યો છે, જેની પ્રતીતિ પ્રત્યેક દસ્તાવેજના પ્રારંભમાં આપવામાં આવેલ અર્થપૂર્ણ પરિચય અને ત્યાર બાદ લિપ્યંતર તથા પ્રત્યેક પ્રકરણના અંતમાં દર્શાવવામાં આવેલ સારાંશ અને મહત્ત્વના આધારે થાય છે. જેમ કે, ઈ.સ. 1925ના લાખિયાની પોળના જમીન વેચાણના દસ્તાવેજમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીના તત્કાલીન પ્રમુખ વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલની સહી હોવી એ રાજકીય, ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર હોઈ તેની શોધ કરવી અર્થાત્ આ બાબતને ઉજાગર કરી આપવી એ સંશોધિકાની મોટી ઉપલબ્ધિ છે. આ દસ્તાવેજ અમદાવાદ મ્યુનિસિપાલિટીએ કવીશ્વરની વિધવા પુત્રવધૂ નિર્મલાને જમીન વેચાણ કર્યા સંબંધી છે. આ વધારાની જમીનની પાસે જ કવીશ્વર લલ્લુભાઈએ ઈ.સ. 1895માં એક ભવ્ય હવેલી બાંધી હતી, જેમાં કવીશ્વરનાં વારસદારો નિવાસ કરતાં હતાં. આ હવેલી મ્યુનિસિપાલિટી દ્વારા લાઇનદોરી કપાતમાં ઈ.સ. 1959માં જમીનદોસ્ત કરવામાં આવી હતી. આ સ્થળની સંશોધિકાએ રૂબરૂ મુલાકાત લઈ હવેલી સંબંધી વિગતો નોંધવા ઉપરાંત જમીનદોસ્ત થતી હવેલીના પ્રત્યક્ષ દૃષ્ટા અને પડોશી રમણીકભાઈ દલાલે લખેલ કવિતા (પૃ. 108) અહીં નોંધવી, ઈ.સ. 1882ના કાલુ સંઘવીની પોળમાં ઉલ્લેખિત ચંગપોળ કે જે હાલમાં હયાત નથી તે માટેની શોધયાત્રા અને શ્રાવક કાલુ સંઘવી દ્વારા જૈન જ્ઞાનભંડારની સ્થાપના કરવા સંબંધી માહિતી નોંધવી, ઈ.સ. 1862ના ઢાલગરવાડની 7 વીઘા જમીન રૂ. 1901માં વેચાણ કરી તેના દસ્તાવેજમાં પારસીઓની અગિયારીના ઉલ્લેખના આધારે અન્ય સ્રોતોના આધારે અમદાવાદમાં ઈ.સ.1780માં સૌ પ્રથમ પારસી ડોસાભાઈ કોઠાવાળાનું આગમન અને 1845માં અમદાવાદમાં 210 પારસીઓની સંખ્યા હોવી વગેરે વિગતો દર્શાવવી, જામનગરના દસ્તાવેજોના અભ્યાસમાં બ્રિટિશરો દ્વારા સૌરાષ્ટ્રનું 4 પ્રાંતોમાં વિભાજન કરવું અને જામનગર હાલાર પ્રાંતમાં હોવું, આ હાલાર પ્રદેશનું કચ્છના હાલા જામના નામ ઉપરથી નામકરણ અને હાલારી સંવતના પ્રવર્તનનો ઇતિહાસ દર્શાવવો, દસ્તાવેજોમાં ઉલ્લેખિત વિવિધ ચલણો અને તેનું વિનિમય મૂલ્ય દર્શાવવું, વિવિધ સંવતો અને કાલગણનાની સમજ પૂરી પાડવી, હાલમાં પ્રચલિત ‘દેવસાનો પાડો’ આ પૂર્વે ‘દેવસી સાહા પાટક’ (લલિતસાગરકૃત અમદાવાદની ચૈત્ય પરિપાટી, ઈ.સ.1606) તરીકે ઓળખાતો હોવો, મગનલાલ વખતચંદના ‘અમદાવાદનો ઇતિહાસ’માં પણ દેવશાનો પાડાનો ઉલ્લેખ હોવો (અહીં ભૂલથી લેખકનું નામ મગનભાઈ કરમચંદ લખાયું છે, પૃ. 262), સામાજિક સંબંધો, વ્યક્તિનામો, ભાડાચિઠ્ઠીની શરતો, તત્કાલીન સમયનાં ઘરોની રચના વગેરે અનેકવિધ આનુષંગિક માહિતી ઉજાગર કરી આપવા માટે કરેલ શોધયાત્રા તેમની ઇતિહાસ અને સંશોધનનિષ્ઠાને આભારી બની રહે છે. આ ઉપરાંત પ્રકરણ-4 : ઉપસંહારમાં દસ્તાવેજ સંગ્રહ, ભાગ-1 (2016)માં સમાવિષ્ટ મુઘલકાળથી મરાઠાકાળ, એટલે કે ઈ.સ. 1587 થી 1859 સુધીના અને પ્રસ્તુત ભાગ-૨માં સમાવિષ્ટ બ્રિટિશકાલીન એટલે કે ઈ.સ. 1830 થી 1947 (આઝાદી પૂર્વેના) સુધીના (અહીં સમાવિષ્ટ 4 વિશિષ્ટ દસ્તાવેજોના અપવાદને બાદ કરતાં) દસ્તાવેજોના લેખનમાં નિર્દેશિત આંતર-બાહ્ય પરિવર્તનોને 39 મુદ્દાઓ હેઠળ, જેમકે, સ્થળ, દસ્તાવેજના પ્રકારો, શાસકો, સુઘડતા અને સુવાચ્યપણું, કાલનિર્દેશ, ભાષા અને શબ્દભંડોળ, રૂઢિગત પદવલિઓ, સ્થાપત્ય, ભાડાચિઠ્ઠી વગેરેના પરિપ્રેક્ષ્યમાં તુલનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. આ અભ્યાસ ગુજરાતમાં મુઘલકાળથી આઝાદીપર્યંતના દસ્તાવેજ લેખનની પરંપરાના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સળંગ અભ્યાસ માટે વિશેષ ઉપકારક બની રહે તેવો સાધાર નિરૂપિત કરવામાં આવ્યો છે.

ગ્રથાન્તે આપવામાં આવેલાં 6 પરિશિષ્ટો દુરંદેશિતા અને વિદ્યાકીય પુરુષાર્થનાં દ્યોતક છે. આ બધાં પરિશિષ્ટો દસ્તાવેજોના અભ્યાસ માટે વિશેષ ઉપકારક બની રહે છે. આ પૈકી ‘દસ્તાવેજ-શબ્દકોશ’ તો માત્ર

આ બંને ભાગો માટે જ નહીં, પરંતુ ગુજરાતી ભાષાની મોંઘેરી મિરાત છે. બંને ભાગોમાં (1:284-310, 2 : 314-322) આશરે 1250 જેટલા શબ્દો કે જે સંગૃહીત દસ્તાવેજોમાં પ્રયોજવામાં આવ્યા છે તેમના અર્થો અહીં આપવામાં આવ્યા છે. આ બધા એવા શબ્દો છે કે જે પ્રવર્તમાન સમયમાં પ્રાયઃ બોલચાલમાં પ્રયોજવામાં આવતા નથી, તેમજ વ્યવહારમાંથી લુપ્ત થઈ ગયા છે, પરિણામે તેના અર્થો પણ પ્રાયઃ સ્મૃતિશેષ થઈ ગયા છે. આ પરિસ્થિતિમાં સંશોધિકાઓ સ્વકીય પ્રતિભા બળે યા આવશ્યકતાનુસાર અનેકવિધ સ્રોતો ફંફોસી જોઈને દસ્તાવેજને અભિપ્રેત એવા અર્થો આ કોશમાં દર્શાવ્યા છે. ધ્યેયનિષ્ઠ પ્રયાસના અંતે પણ સંતોષકારક અર્થ નથી મળી શક્યા ત્યાં પ્રશ્નાર્થ ચિહ્ન મૂકીને ભાવિ સંશોધકોને તેના અર્થની શોધ માટે પ્રેરિત કર્યા છે. આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે સંપાદિકાએ ભાગ-1માં દસ્તાવેજનો અર્થ અને પ્રકારો, દસ્તાવેજની લેખનપદ્ધતિ કે રૂઢિ અને દસ્તાવેજોનું બહુઆયામી દૃષ્ટિએ મહત્ત્વ દર્શાવવું અને આ અંતર્ગત વર્તમાન ભાષાસ્વરૂપ સંદર્ભે તત્કાલીન ભાષાસ્વરૂપનો સોદાહરણ પરિચય, લિપિવિકાસ વગેરે દસ્તાવેજ લેખનપદ્ધતિમાં રસ ધરાવતા સૌ કોઈ માટે ભોમિયાની ગરજ સારે તેવી ઉત્કૃષ્ટ સામગ્રી હોઈ તેને **'દસ્તાવેજ-શબ્દકોશ'** અને ***'દસ્તાવેજ માર્ગોપદેશિકા'*** સ્વતંત્ર પુસ્તકો તરીકે પ્રકાશિત કરવામાં આવે તો તે બહુવિધ રીતે ઉપયોગી બની રહેશે.

સંપાદિકાએ પરિશિષ્ટ-6 : 'મૂળ દસ્તાવેજોનાં ચિત્રો' માટે ફાળવેલ છે. અહીં સંગૃહીત દસ્તાવેજોની સ્કેન કૉપીઓ આપવામાં આવી છે, જે સંપાદિકાનું દૃષ્ટિપૂત કાર્ય બની રહે છે. લિપ્યંતર કરીને આપવામાં આવેલ પાઠનું આપેલ ચિત્રોના પાઠ સાથે તુલના કરતાં માલૂમ પડ્યું કે અહીં ફક્ત 07 દસ્તાવેજો (અ.નં. 3, 8, 9,10,12,47,48) કે જે એક એક પૃષ્ઠ ધરાવે છે તેનો સંપૂર્ણ પાઠ ચિત્રોના માધ્યમથી મૂળસ્વરૂપમાં પ્રાપ્ત છે, જ્યારે બાકીના બધા જ દસ્તાવેજો કે જે 2 થી 16 (નં. 45) પૃષ્ઠો ધરાવે છે તેમનાં પ્રથમ પૃષ્ઠની સાથે ક્વચિત્ વચ્ચેના કે અંતિમ પૃષ્ઠનું ચિત્ર આપવામાં આવ્યું છે, જેથી આ બધા દસ્તાવેજોનાં બધાં જ પૃષ્ઠોનાં ચિત્રો અને તેનો મૂળપાઠ સુલભ થતાં નથી. જોકે આ સાથે નોંધ કરવી રહી કે સંપાદિકાને કેટલાક દસ્તાવેજો અપૂર્ણ સ્વરૂપમાં પ્રાપ્ત થયા છે, જેમ કે, નં. 41 નાં પૃ. 10-11 પ્રાપ્ત થયાં નથી. આમ છતાં જે કોઈ હાલતમાં કે પૂર્ણ / અપૂર્ણ પ્રાપ્ત થયાં હોય અથવા સંશોધિકાએ જેના આધારે લિપ્યંતર કર્યું તેના બધા જ મૂળસ્રોતોની ફોટોકૉપીઓ પૂરી પાડી હોત તો તે આવકાર્ય બની રહેત. આ સ્થિતિના કારણે ભાવિ સંશોધકો/જિજ્ઞાસુઓ કે જેઓ મૂળલખાણ પુનઃ વાંચન કરવા ઇચ્છે તો તેમને મૂળદસ્તાવેજો અથવા તેની ઝેરોક્સ નકલો માટે પુનઃ શોધયાત્રા આરંભવી પડશે. માત્ર નમૂના તરીકે પ્રત્યેક દસ્તાવેજનાં 1 કે 2 પેજ આપવાનો હેતુ ફક્ત નમૂના બતાવવા માટે બરાબર છે, અન્યથા અર્થહીન બની રહે છે.

સમગ્રતયા અહીં સમાવિષ્ટ દસ્તાવેજોનું અને સંશોધિકા-સંપાદિકા ડૉ. રસીલા કડિયાએ પ્રત્યેક દસ્તાવેજનું લિપ્યંતર કરીને પ્રસ્તુત કરેલ સમગ્રદર્શી અભ્યાસનું અધ્યયન-પરિશીલન કરતાં સંશોધિકાનું દસ્તાવેજવિદ્યાનું તલસ્પર્શી જ્ઞાન, દસ્તાવેજોમાં ઉલ્લેખિત રાજકીય, ભૌગોલિક, સામાજિક, ઐતિહાસિક ઇત્યાદિ વિગતોનું યથાસંભવ અન્ય પ્રમાણભૂત સ્રોતો સાથે ચકાસણી કરવાનું અને આ સંબંધી આનુષંગિક માહિતી દર્શાવવાનું, તેમજ કેટલાંક ભૌગોલિક સ્થળોની પ્રવર્તમાન સ્થિતિ ઉજાગર કરી આપવા માટે જાત-તપાસ કરવાનું વલણ, પ્રાયઃ લુપ્ત થતાં જતાં ઐતિહાસિક સંસાધનો - દસ્તાવેજોની ખોજ અને અર્થઘટન કરવાનો સ્વાન્તઃ સુખાય રસ, ગુજરાતી ભાષા-વ્યાકરણ-લિપિ અને લેખનની લઢણોનું જ્ઞાન, દસ્તાવેજોમાં પ્રયોજાયેલ, પરંતુ પ્રવર્તમાન સમયમાં વ્યવહારમાં લુપ્ત થયેલા શબ્દોનો શબ્દકોશ તૈયાર કરવો વગેરે બાબતો સંશોધિકાને દસ્તાવેજોનાં રસિક અને પ્રબુદ્ધ અભ્યાસી તરીકે પ્રસ્થાપિત કરે છે. આમ સર્વાંશે તેઓ હસ્તપ્રતવિદ્યા અને લિપિવિદ્યાના પ્રખર જ્ઞાતા એવા પોતાના ગુરુ શ્રુતસેવી લક્ષ્મણભાઈ ભોજક અને દાદાગુરુ આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજી મહારાજ સાહેબને સાચા અર્થમાં ગુરુદક્ષિણા આપી રહ્યાં છે અને ખાસ તો ધૂળધોયાના આ કાર્યને તેઓશ્રી પોતાની **'આનંદયાત્રા'** તરીકે ઓળખાવે છે, જે તેમની સંશોધકીય નિષ્ઠા અને પ્રતિબદ્ધત્તાની સૂચક બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### કેમ્પસ ઈન્ટરવ્યૂ

• એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓ માટે તા. 5 માર્ચના રોજ કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 23 શાળાઓએ ભાગ લીધો હતો. પ્રશિક્ષણાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઇન્ટરવ્યૂ આપતાં તાલીમાર્થીની લાયકાતના આધારે ઉચ્ચ પગાર ધોરણ પર વિવિધ શાળાઓમાં પસંદગી કરવામાં આવી હતી. વિવિધ શાળાઓના ટ્રસ્ટીઓ અને પ્રિન્સિપાલોએ પોતાની જરૂરિયાત પ્રમાણે યોગ્ય શિક્ષકો તૈયાર કરવા બદલ કડી સર્વ વિશ્વવિદ્યાલયની પ્રશંસા કરી હતી. ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન. પ્રો. વીણાબેન પટેલે તાલીમાર્થીઓને શિક્ષક તરીકેની નિમણૂક આપનારી સંસ્થાઓનો આભાર માન્યો હતો.

### ગુજરાતી નવલકથા

• ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની કૉલેજો અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના ઉપક્રમે વિદ્યાર્થીઓ નવલકથાની લાક્ષણિકતાઓની જાણકારી મેળવે તેમજ ગુજરાતી સાહિત્યની ઉત્તમ નવલકથાઓથી પરિચિત થાય તે હેતુથી તા. 23 ફેબ્રુઆરી રોજ ડૉ. દીપકભાઈ પંડ્યાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે નવલકથા એટલે શું? નવલકથામાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, ભાષાશૈલી, સંવાદકલા વગેરે વિશે માહિતી આપી 'વળામણાં', 'મળેલાજીવ', 'માનવીની ભાવાઈ' અને 'સરસ્વતીચન્દ્ર' જેવી વિવિધ નવલકથાઓ વિશે જાણકારી આપી હતી. કાર્યક્રમને અંતે પ્રા. શ્રી નરેન્દ્રભાઈ નાયીએ સર્વેનો આભાર માન્યો હતો.

### પ્લેસમેન્ટ

• બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન (બીબીએ)નાં તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે બૅન્ક ઑફ અમેરિકા, ટાટા કન્સલટન્સી સર્વિસિસ તેમજ VASY-ERP અને ક્રિષ્ના એસોસિયેટ હાજર રહ્યા હતા. 37 વિદ્યાર્થીઓએ ડ્રાઇવમાં ભાગ લીધો હતો, જેમાંથી 29 વિદ્યાર્થીઓ ઇન્ટરવ્યૂ માટે પસંદગી પામ્યા હતા. ઉપરોક્ત કંપનીના પ્રતિનિધિઓને પ્લેસમેન્ટ તેમજ ટ્રેનિંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્નાએ આવકારીને વિદ્યાર્થીઓને તેઓનો પરિચય કરાવીને ઇન્ટરવ્યૂ માટે તાલીમ આપી હતી.

### યુવા સંસદ

• બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન (બીબીએ) કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓને લોકશાહી પરંપરા તેમજ વૈધાનિક બાબતો શીખવવાના હેતુસર યુવા સંસદનું આયોજન કરવામાં આવતાં 50 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રારંભમાં આચાર્ય ડૉ. પૃષ્ટિએ વિદ્યાર્થીઓને યૂથ પાર્લમેન્ટના સમગ્ર સત્ર દરમિયાન બંધારણની બાબતોને વધુમાં વધુ જાણવા માટે અનુરોધ કર્યો હતો. ફક્ત અધિકારોની વાતો કરવાથી પરિવર્તન ન આવી શકે, પણ પોતાની ફરજો બાબતે સભાન થઈ સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ દેશ હિતને સ્પર્શતા મુદ્દાઓનો સમાવેશ આ મોક પાર્લમેન્ટમાં કર્યો હતો, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નકાળ દરમિયાન સરકારના વિભિન્ન વિભાગો, જેમ કે, શિક્ષણ, પર્યટન, કૃષિ, ગૃહ અને વિદેશ વિશે 24 પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમજ આ પ્રશ્નોનું નિરાકરણ કઈ રીતે થઈ શકે તે માટે વિવિધ સૂચનો કરવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ મહિલા અનામત બિલ તેમજ લોકસભા તેમજ વિધાનસભાની તેમજ પંચાયતોની ચૂંટણી એકસાથે થાય તે માટેનો ખરડો પસાર કરવામાં આવ્યો હતો. આ બંને ખરડા ઉપર વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાય આપ્યા હતા. તેમજ એક વિદ્યાર્થી દ્વારા વ્યક્તિગત ખરડો સમગ્ર દેશમાં ગુટકા, તમાકુ, દારૂ, તેમજ ફટાકડા પર પ્રતિબંધ મૂકવા રજૂ કરવામાં આવ્યો હતો. આ સાથે યૂથ પાર્લમેન્ટના પ્રધાનમંત્રી સૃષ્ટિ પટેલ દ્વારા ગરીબ નાગરિકો માટે ભોજન તેમજ રહેવાની વ્યવસ્થા માટેનું આયોજન રજૂ કરીને દેશના નાગરિકોને સહયોગ આપવા આપીલ કરી હતી. બીજી યોજના દેશના ખેડૂતો માટે દરેક તાલુકા લેવલે સરકાર દ્વારા ગોડાઉન તેમજ કૉલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. વિરોધ પક્ષના નેતા તરીકેની ભૂમિકા રજૂ કરતા વિદ્યાર્થીએ અર્થનીતિ, વિદેશનીતિ સહિતની બાબતો પર પ્રશ્નો પૂછી તેના જવાબો મેળવ્યા હતા. આધારકાર્ડ સાથે

મધ્યાહ્ન ભોજનની યોજનાને જોડવાનો મુદ્દો પણ મોક પાર્લમેન્ટમાં ઊઠ્યો હતો. આમ વિદ્યાર્થીઓએ ભારતીય લોકશાહીને મજબૂત કરવા વૈધાનિક તેમજ બંધારણની તાલીમ લીધી હતી. પ્રશ્નકાળ દરમિયાન દેશના ખેલાડીઓ તેમજ શિક્ષણ, મેટ્રો, બુલેટ ટ્રેન, પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન તેમજ નર્મદા સિંચાઈ યોજના, ભારતના વિદેશ સંબંધો, ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલ સિંધુ જળ સમજૂતી, કાશ્મીર સમસ્યા, વીજળી સમસ્યા, રસ્તાઓની સમસ્યા, પરિવહન સમસ્યા, સ્વાસ્થ્ય, સંચાર વ્યવસ્થા, રોજગારી, આર્થિક ક્ષેત્રને સ્પર્શતા તેમજ આતંકવાદ સહિત અનેક પ્રશ્નો ચર્ચાયા હતા.

## રમતગમત દિન

• એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજમાં તા. 24/02/23ના રોજ રમતગમત દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૉલીબૉલ, 100 મીટરની દોડ, કબડ્ડી, ખોખો, રસ્સા ખેંચ, ચેસ, સંગીત ખુરશી, લીંબું-ચમચી જેવી જુદુ-જુદી રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## વાર્ષિક શુભેચ્છા સમારંભ

• એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજમાં પ્રો.વીણાબેન પટેલના સંયોજકપદ હેઠળ તા. 6/4/2023ના રોજ તલીમાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો. ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ મહેમાનશ્રીઓનું સ્વાગત કરીને સંસ્થા પરિચય આપી ફૅકલ્ટી ઑફ એજ્યુકેશનની બંને કૉલેજોમાં થયેલ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. ત્યાર બાદ વર્ષભરની શૈક્ષણિક સફરના ચિતાર સમા 'દર્પણ' અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થિનીઓ હિમાની જાડેજા અને અંસિતા શ્રીવાસ્તવે પ્રતિભાવો આપ્યા હતા. ચાલુ વર્ષે કૉલેજમાંથી તેમજ ફૅકલ્ટી ઑફ એજ્યુકેશનમાંથી પીએચ.ડી.ની ડિગ્રી મેળવનાર ડૉ. અજય રાવલ, ડૉ. પ્રતિભા દીક્ષિત, ડૉ. નંદકિશોર પીમ્પલકર અને ડૉ. વિષ્ણુભાઈ પટેલને પારિતોષિક એનાયત કર્યા હતા. વર્ષ 2017-19 તેમજ 2020-22 દરમિયાન કૉલેજોમાં પ્રથમ સ્થાન મેળવનાર તેમજ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ તેમજ મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમના મુખ્ય મહેમાન પ્રો. ડૉ. શ્રુતિબેન આણેરાવે ઑફ લાઇન અને ઑન લાઇન શિક્ષણ, રિસર્ચનું મહત્ત્વ, સ્કીલ ડેવલપમેન્ટ, નેશનલ એજ્યુકેશન પૉલિસી વગેરે વિશે માહિતી આપી હતી. આ સમારંભમાં ખાસ ઉપસ્થિત રહેલા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ સાહેબશ્રીએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ 100 વર્ષથી સમાજમાં ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ થકી સમાજ ઘડતરનું કાર્ય કરે છે તેમ જણાવી શિક્ષકની વર્ગખંડમાં શીખવવાની ભાષા કેવી હોવી જોઈએ તે વિશે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ તાલીમાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ડૉ. કુસુમબેન યાદવે સંસ્થા પરિવાર વતી સર્વેનો આભાર માન્યો હતો.

## વિદાય સમારોહ

• બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન (બીબીએ)માં તૃતીય વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો. વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓએ પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું હતું કે કૉલેજમાં શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા તેઓને હંમેશાં માર્ગદર્શન તેમજ સહકાર પ્રાપ્ત થયો છે. તેઓની સિદ્ધિમાં કૉલેજનો અમૂલ્ય ફાળો રહ્યો છે. જેને હંમેશાં યાદ રાખશે. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ વિદ્યાર્થીઓને પડકારો ઝીલવા, કારકિર્દી માટેની તકોનો ઉપયોગ કરવા તેમજ કોઈ પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીને કારકિર્દી ઘડતર માટે જ્યારે જરૂર પડે ત્યારે કૉલેજ તેમને માર્ગદર્શન આપવા તત્પર રહેશે તેમ જણાવ્યું હતું. ડૉ. જયેશ તન્નાએ મેનેજમેન્ટના એટીકેટસ દ્વારા ઉજ્જ્વળ કારકિર્દીનુ ઘડતર કરવા જણાવ્યું હતું.

## સન્માન સમારોહ

• બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન (બીબીએ) દ્વારા વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર પૈકી વિજેતા વિદ્યાર્થીઓને સન્માનવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ જેમને વિવિધ ક્ષેત્રે ઝળહળતી સફળતા મળી છે તેઓ વધારે મહેનત કરી તેને જાળવી રાખે અને વધુ સારી પ્રગતિ કરે, જ્યારે જે વિદ્યાર્થી હજી સુધી સફળતા મેળવવામાં ઊણા ઊતર્યા છે તેઓ કઠોર પરિશ્રમ કરી આગામી સમયમાં આવનાર તકને ઝડપી લેવા શીખ આપી હતી. ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ અને ઉપાચાર્ય ડૉ. તન્નાએ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર 789 વિદ્યાથીઓ પૈકી 200 જેટલા વિદ્યાર્થીઓએ આઈના, મેગ્નેટ, આંત્ર-પેનયોર ફિયાસ્ટા, યુનિવર્સિટી યૂથ ફેસ્ટિવલ, સંગત, ઝેનેસિસ વગેરે સ્પર્ધાઓના મંચ, તેમજ NSS, નેહરુ યુવા કેન્દ્ર, સર્વ નેતૃત્વ, ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ રિલેશન્સ, શ્રી અરવિંદ કેન્દ્ર, સ્પોર્ટ્સ, લક્ષ્ય વગેરે સ્પર્ધાઓમાં સફળતા મેળવી હતી તેની જાણકારી

આપી હતી. વિજેતા વિદ્યાર્થીઓને વિવિધ ઇનામો અને સર્ટિફિકેટસ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતા.

### ૬૯મી 'સર્વ નેતૃત્વ' તાલીમ શિબિર

•કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તા. 3થી 7 ફેબ્રુઆરી, 2023 દરમિયાન 69મી 'સર્વ નેતૃત્વ – નિવાસી તાલીમ શિબિર'નું આયોજન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે કરવામાં આવ્યું, જેમાં સર્વ વિદ્યાલયની વિવિધ 19 કૉલેજોના 74 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમના માસ્ટર ટ્રેનર અમદાવાદના મેનેજમેન્ટ ઍસોસિયેશનના બિહેવિયર ટ્રેનર કમ સ્પીકર શ્રી અનુરાગભાઈ મહેતાએ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને નેતૃત્વની તાલીમ આપી હતી. ટીમ બિલ્ડિંગ ગેમ્સ, શૉર્ટ ફિલ્મ્સ, ગ્રૂપવર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી, મેડિટેશન વગેરે દ્વારા સુષુપ્ત શક્તિઓને જાણવાનો પ્રયાસ કરાયો હતો. તેમણે આત્મનિરીક્ષણ કરી સ્વમૂલ્યાંકન દ્વારા પોતાની જાતને ઓળખી તેનો યોગ્ય ઉપયોગ સમાજ ઉત્થાન અને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા માટે કરતાં શીખવ્યું હતું. આ સાથે કેટલાક સામાજિક પ્રશ્નોથી વાકેફ કરી તેના નિરાકરણ માટેનું માર્ગદર્શન આપીને જીવનમાં હંમેશાં પોતાના હૃદયના અવાજને સાંભળીને પુરુષાર્થ દ્વારા આગળ વધવાની શીખ આપી હતી. ગેસ્ટ સ્પીકર તરીકે રોડ સેફ્ટીના અમિતભાઈ ખત્રીએ રોડ સેફ્ટી માટે વિદ્યાર્થીઓને પ્રેર્યા હતા. અને મિસ વર્લ્ડ યોગિની પૂજાબેન પટેલે મિસ વર્લ્ડ બનવા પાછળ એમના સંઘર્ષ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ડૉ. કપિલ ત્રિવેદી દ્વારા દરરોજ સવારે યોગ, ધ્યાન અને કસરતનો અભ્યાસ અને તેનું દૈનિક જીવનમાં રહેલું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થીઓ દ્વારા ઉત્તરાયણ દરમિયાન કરવામાં આવેલ સેફ સ્કાય પ્રોજેક્ટની માહિતીથી યુવાનોને વાકેફ કરવામાં આવ્યાં હતાં. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને કડી ખાતે આવેલ 'ગુજરાત ગૌ શાળા'ની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' સિનિયર મંત્રી ડૉ. મણિભાઈ પટેલસાહેબે યુવાનોને પોતાના જીવનના અનુભવો થકી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. યુવાનો સમાજનું ઋણ કેવી રીતે અદા કરી શકે તેનાં ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી.

### ૭૦મી અને ૭૧મી સર્વ નેતૃત્વ તાલીમ શિબિર

• વર્ષ 2009થી ચાલતી સર્વ નેતૃત્વની અત્યાર સુધીની 71 શિબિરોમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની જુદી જુદી કૉલેજોના 4615 વિદ્યાર્થીઓએ ભાગ લઈ એક અલગ પ્રકારની અનુભૂતિ મેળવી છે. કડી ખાતે મોબાઇલ વગર 70મીં અને 71મી સર્વ નેતૃત્વ યુવા શિબિર તા. 23થી 27 ફેબ્રુઆરી, 2023 (16 કૉલેજોના કુલ 74 વિદ્યાર્થીઓ) અને 10થી 14 માર્ચ, 2023 (19 કૉલેજોમાંથી 73 વિધાર્થીઓ) દરમ્યાન યોજાઈ ગઈ, જેમાં ગુજરાતના જાણીતા ટ્રેનર દીપક તેરૈયા અને સુરેશ પટેલ હાજર રહ્યા હતા. આ શિબિરો મોબાઇલથી દૂર રહી સવારે 5:30 વાગ્યાથી રાત્રે 10:00 વાગ્યા સુધી પાંચ દિવસ માટે યોજાઈ હતી. સ્વ નેતૃત્વથી લઈ સર્વેનું નેતૃત્વ કરી શકે, સમાજ વ્યવસ્થાના પ્રશ્નોનું નિરાકરણ માટેની ચર્ચા, ટીમ વર્ક, લાઇફ સ્કીલ અને સારી આદતો, સારા વિચારો સાથે આજના યુવાનો જવાબદાર નાગરિક બની આગળ વધે તે હેતુથી વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા. 70મી શિબિરના સમાપન સત્રમાં કડી કેમ્પસના પ્રિ. અજય ગોર અને 71મી શિબિરના સમાપન સત્રમાં ફિઝિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર ડૉ. રણછોડભાઈ રથવીએ યુવાનોને શારીરિક અને માનસિક વિકાસ કઈ રીતે કરી શકાય તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતે વિધાર્થીઓને અમદાવાદ સ્થિત 108 જી. વી. કે. ઇ. એમ. આર. ઈ. દ્વારા થતાં અલગ અલગ સેવાકાર્યો વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

### સર્વ નેતૃત્વ દ્વારા દિવ્યાંગ કમલેશ પટેલના વક્તવ્યનું આયોજન

• 44 વર્ષિય DANCE INDIA DANCE (DID)ના કમલેશ પટેલે જણાવ્યું હતું કે મેં જીવનમાં ક્યારેય આશા નથી છોડી. ડાન્સ શીખવા માટેની ફી મારી પાસે હતી નહિ જેથી મને શીખવાડનારનું ધ્યાન મારા ઉપર રહેતું નહિ. મારો ગુરુ હું પોતે જ છું. આપણે આપણી મંજિલ સુધી પહોચવું હોય તો ગોલને નજર સામે જ રાખો. DIDમાં ભારતમાંથી ફક્ત 100 વ્યક્તિઓની પસંદગી કરવાની હતી, જે માટે સમગ્ર ભારતમાંથી હજારોની સંખ્યામાં સ્પર્ધકો ઓડિશન માટે આવ્યા હતા. આ સ્પર્ધકોમાંથી એક વ્યક્તિએ મને અપંગ કહ્યો અને કહ્યું કે તું શું ડાન્સ કરવાનો? જે વ્યક્તિ આપણી ટીકા કરે તે જ આપણો રોલ મૉડલ ગણાય. એક મિનિટમાં આઠ અલગ અલગ ડાન્સનું પરફોર્મન્સ આપવાનું હતું, જેમાં હું સફળ થયો. મિથુન ચક્રવર્તીએ મારા ડાન્સથી પ્રભાવિત થઈ મને વિજેતા જાહેર કરી તેમની સાથે નિર્ણાયક તરીકે બેસાડ્યો. જેઓએ મારી અપંગતાની મજાક ઉડાડી હતી તેમના ડાન્સના નિર્ણાયક તરીકે પ્રખ્યાત કોરિયોગ્રાફર સરોજખાન સાથે બેસી હાજર રહ્યો. રાષ્ટ્રપતિશ્રી સુધીના એવૉર્ડથી મારું સન્માન કરાયું. મેં ખૂબ જ સંઘર્ષ કર્યો છે, જેના કારણે હું સફળ થયો છું. મેં મારી જાતને મારા સંઘર્ષમય જીવનનો અનુભવ થવા દીધો નથી. જીવનની તકલીફોને આપણા ઉપર હાવી થવા દેવી જોઈએ નહિ, પરંતુ તકલીફો ઉપર આપણે હાવી થઈ જવું જોઈએ. હું 3000થી પણ વધારે

શૉ કરી ચૂક્યો છું. શૉ દરમિયાન મારા હાથથી 5 ફૂટથી વધારે ઊંચાઈ ઉપરથી જંપ લગાવું છું. તકલીફો મોટી હોતી નથી, પરંતુ આપણે તેને મોટી બનાવીએ છીએ. જો મારા જેવો અપંગ વ્યક્તિ જિંદગીને સફળ બનાવી શકે તો તમારા જેવા સંપૂર્ણ વ્યક્તિ ચોક્કસ સફળતા મેળવી શકે છે. ઉલ્લેખનીય છે એ કમલેશ પટેલ ભારત આઇકોન, GIACC OSCAR એવૉર્ડ USA, ભારત પ્રેરણા એવૉર્ડ, દિવાળી ફેસ્ટીવલ લંડન, ધરતી રતન એવૉર્ડ, ઓરિસ્સા ટૂરિઝમ સ્પેશિયલ એવૉર્ડ, મિલેનિયમ મેગા એવૉર્ડ, અખિલ ભારતીય ગુજરાતી સમાજ, ન્યૂયોર્ક, વગેરે એવૉર્ડથી વિભૂષિત છે. તેઓશ્રી રાષ્ટ્રપતિ એ.પી.જે અબ્દુલ કલામ અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વગેરે ઘણા મહનુભાવોના હસ્તે એવૉર્ડથી સન્માનિત થયા છે.

### દાંડીકૂચની યાદમાં તિરંગાયાત્રા

• દાંડી સત્યાગ્રહ/દાંડીકૂચ એ મહાત્મા ગાંધીના નેતૃત્વમાં અંગ્રેજ શાસન સામે કરવામાં આવેલ અહિંસક સવિનય કાનૂનભંગની ચળવળ હતી. 12 માર્ચથી 6 એપ્રિલ 1930 દરમિયાન મહાત્મા ગાંધીએ પોતાના 78 વિશ્વાસુ સ્વયંસેવકો સાથે આ સત્યાગ્રહની શરૂઆત કરી 24 દિવસ સુધી પ્રતિદિન 10 માઈલ અંતર કાપતી આ કૂચ સાબરમતી આશ્રમથી શરૂ કરી નવસારી નજીક દરિયાકિનારે આવેલા દાંડી ગામે પૂરી કરવામાં આવી હતી. જેની યાદમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના સર્વ નેતૃત્વના 78 યુવાનો દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આ યુવોનોએ ગાંધીજીની આત્મકથાનું વાંચન કરી ઉપસ્થિત સૌ સમક્ષ રજૂ કરી હતી, ઍટેનબરો દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'ગાંધી' જોઈ અને નેતા તરીકે અને માનવ તરીકે કયા સારા ગુણો જોવા મળ્યા તેની વિસ્તૃત ચર્ચા કરી તિરંગાયાત્રાનું આયોજન કર્યું હતું. દાંડી સત્યાગ્રહીઓને યાદ કરી તેમના યોગદાન વિશે કૉર્પોરેટ ટ્રેનર શ્રી સુરેશભાઈ દ્વારા વિજયગાથા વર્ણવવામાં આવી હતી. સમગ્ર તિરંગાયાત્રાના આયોજનથી સમગ્ર કેમ્પસમાં દેશભક્તિનો માહોલ સર્જાયો હતો.

### યુવા સંવાદ @ ઇન્ડિયા ૨૦૪૭

• સર્વ-નેતૃત્વ સેલ દ્વારા એમ.એમ પટેલ હૉલ, કડી ખાતે તાઃ 23/03/2023ના રોજ 'યુવા સંવાદ -2023' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા 100 જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પૈકી 24 વિદ્યાર્થીઓએ પોતાના યુવા સંવાદ@ઇન્ડિયા 2047 વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યા હતાં. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે ભારતના આદર્શ ગામ તરીકે જેને એવૉર્ડ પ્રાપ્ત થયો છે એવા પુંસરી ગામના પૂર્વ સરપંચ હિમાંશુભાઈ પટેલને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, 'દેશનો જો વિકાસ કરવો હોય તો ગામડાંનો વિકાસ કરવો પડશે. જે ફક્ત યુવાનો જ કરી શકે છે' યુવા સંવાદ કાર્યક્રમના અંતે ત્રણ શ્રેષ્ઠ વક્તાઓને ટ્રૉફી અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં અશ્વિનભાઈ એ.પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થી યશપાલ રથવી, ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનની વિદ્યાર્થિની સોંગેલા ધારા અને એમ.એમ પટેલ કૉલેજ ઑફ સાયન્સ ઍન્ડ રિસર્ચની વિદ્યાર્થિની સોમપુરા હાસવીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે ભાગ લેનાર અને વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. એન.એસ.એસ ડિપાર્ટમેન્ટના કૉ-ઑર્ડિનેટર ડૉ. રણછોડભાઈ રથવી, પ્રો. અંજલિ પટેલ અને સર્વ-નેતૃત્વ સેલના કૉ-ઑર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ, પ્રો. સૂરજ મુંજાણી અને રાહુલભાઈ સુખડિયા અને પ્રોગ્રામ ઑફિસર પ્રો. ઉદયભાઈ વૈદ્યે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પને ધ્યાનમાં રાખીને G-20 અંતર્ગત યુવા સંવાદ-2023નું આયોજન કરવામાં આવ્યું હતું.

## શાળા વિભાગ

### કલામૈત્રી

• એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં 'કલામૈત્રી' મેળાનું આયોજન તા. 11 ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ગણિત-વિજ્ઞાનનાં વિવિધ મૉડલો દ્વારા ગાણિતિક અને વૈજ્ઞાનિક અભિગમો વિકસિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આર્ટ ઍન્ડ ક્રાફ્ટ ગૅલેરીમાં ચિત્રકલા, હસ્તકલા, નૈલઆર્ટ, મેંદી તેમજ રંગોળીના સુંદર નમૂના પ્રદર્શિત કર્યા હતા. આ ઉપરાંત જાદુ કલા, કઠપૂતળી શૉ અને વિવિધ વાદ્યો દ્વારા સંગીતની સૂરાવલી રજૂ કરવામાં આવી હતી. ક્વિઝ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### ક્વિઝ સ્પર્ધા

• શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ-7ના વિદ્યાર્થીઓ માટે તા. 1 માર્ચ રોજ 4 ટીમો વચ્ચે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બઝર, પ્રશ્નોત્તરી,

ઓળખ જેવા રાઉન્ડ લેવામાં આવ્યા હતા. બે ટીમો વિજેતા બનતાં આચાર્યશ્રી દ્વારા ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ જ ધોરણ-6 તથા 8ના વિદ્યાર્થીઓ માટે 13 માર્ચના રોજ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

### જનજાગૃતિ

• આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા તા. 28/2/23ના રોજ શેઠ સી. એમ. હાઈસ્કૂલ ખાતે જન જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી. જી. રાઠોડ દ્વારા 181 અભયમ, SHE TEAM, સાયબર ક્રાઇમથી મહિલાઓની સુરક્ષા વગેરે બાબતે જાણકારી આપવામાં આવી, જેમાં ગાંધીનગર જિલ્લામાં કાર્યરત 181ની ટીમ પણ સામેલ થયેલ (PC વિલાસબેન ગોવિંદજી બકલ નંબર-2510, કાઉન્સેલર રન્જુ વસાવા), પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ઉન્નતિ એસ. પટેલ દ્વારા મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ અને દેશના સશક્તિકરણ, મહિલાઓની સુરક્ષા સંબંધિત વિવિધ કાયદાઓ તથા પોલીસ દ્વારા મહિલાઓની સુરક્ષા માટેનાં પગલાંઓ વિશે જાણકારી આપવામાં આવી, જ્યારે પોલીસ ઇન્સ્ટેક્ટર શ્રી ડી. બી. વાળા દ્વારા સાયબર રાષ્ટ્રીય સુરક્ષા વિષય પર વ્યાખ્યાન આપી, જરૂરી તકેદારી દાખવી સાયબર ક્રાઈમમાંથી કઈ રીતે બચી શકાય તે અંગે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્ય શ્રી ડૉ. ચેતના અરુણ બૂચ દ્વારા અતિથિ વકતાશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### વક્તૃત્વ સ્પર્ધા

•ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉક્ટર સી. વી. રામનની યાદગીરીમાં રાષ્ટ્રીય વિજ્ઞાનદિનની ઉજવણી તા. 28/2/23 ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે કરવામાં આવી. આ અન્વયે વૈશ્વિક વિકાસ માટે વૈશ્વિક વિજ્ઞાન વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં એમ. બી. પટેલ કન્યા વિદ્યાલયની પરમાર પુલકિત અને મારવાડી નિશા એ ભાગ લીધો હતો, જેમાં પરમાર પુલકિત વિજેતા બનતાં પુરસ્કાર મેળવ્યો હતો.

### વાર્ષિકોત્સવ

• શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા 'મિત્રતા' થીમ અંતર્ગત ઇનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં તા. 14-02-2023ના રોજ યોજાયેલ વાર્ષિક મહોત્સવમાં પૂજ્ય દાસકાકા તથા રાષ્ટ્રકક્ષાની અને રાજ્યકક્ષાની વિવિધ 8 પ્રવૃતિઓમાં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત 150 જેટલા વિદ્યાર્થીઓ દ્વારા મિત્રતાનો ભાવ વ્યક્ત કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખશ્રી વી. પી. પટેલ, ગાંધીનગર જિલ્લાનાં ઉત્તર વિભાગનાં ધારાસભ્યશ્રી શ્રીમતી રીટાબેન કે. પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. વિજય જે. પટેલ તથા ડૉ. જયરાજસિંહ સરવૈયા, સંસ્થાના હોદ્દેદારો અને વાલીશ્રીઓ વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વાદ સહ અભિનંદન પાઠવી પ્રોત્સાહન આપ્યું હતું. આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે સૌનું સ્વાગત કર્યું હતું.

• શ્રી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલનો 33મો વાર્ષિકોત્સવ તા. 21-2-23ના રોજ મહિલા કૉલેજના હૉલમાં યોજાઈ ગયો. જેમાં મહેમાનશ્રી તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા તથા સંસ્થાના કુમાર બાલમંદિરના દાતાશ્રી વિઠ્ઠલભાઈ એમ. પટેલ તથા સૂચિ પટેલ તથા શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની શબાના મન્સૂરી ઉપસ્થિત રહ્યાં હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમની મુખ્ય થીમ મિત્રતા હતી. જેમાં 280 જેટલી વિદ્યાર્થિનીઓએ પ્રાર્થના – કૃષ્ણ સુદામા, નાટક, કવ્વાલી, સાચો મિત્ર વગેરે વિશે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. વાર્ષિક ઉત્સવમાં જિલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્રીય કક્ષાએ નંબર પ્રાપ્ત કરનાર ૨૦ વિદ્યાર્થિનીઓને ઇનામ અને સર્ટિફિકેટ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આચાર્યશ્રી નીરૂબેન પટેલ સ્વાગત વિધિ કરી સંસ્થાનો પરિચય આપ્યો હતો. શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓએ પોતાની સફળતાની પાછળ સંસ્થાનો અપૂર્વ ફાળો રહ્યો છે તેમ જણાવ્યું હતું.

• શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં 23 ફેબ્રુઆરીના રોજ વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો. જેમાં 'મિત્રતા' થીમ આધારિત દરેક ધોરણના બાળકો દ્વારા જુદી જુદી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. થીમને અનુરૂપ શાળામાં સહાધ્યાયીઓ તરીકેની મિત્રતાથી શરૂ કરી જીવનના વિવિધ તબક્કે મિત્રતા નિભાવતી નાટ્યકૃતિ અને ભવાઈનાં પાત્રો રંગલો-રંગલીના માધ્યમથી અનુક્રમે નૃત્ય, જીવનમાં વાસ્તવિક રીતે મિત્રોના મહત્ત્વ દર્શાવતાં દૃષ્ટાંતો જેવાં કે વૃક્ષ, વનસ્પતિ પ્રાણી, મોબાઇલ તેમજ જીવનચરિત્ર અને માઇમને વણી લેવામાં આવ્યાં હતાં. વર્ષ દરમિયાન જિલ્લા અને રાજ્યકક્ષા સુધી ખેલમહાકુંભ, સાયન્સ ડ્રામા, બૌદ્ધિક અને શારીરિક લેવલ ઉપર યોજાતી ઇન્ટર કેમ્પસ સ્પર્ધાઓમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઇનામો, સર્ટિફિકેટ્સ અને ટ્રૉફીઓ એનાયત કરી નવાજવામાં આવ્યાં તેમજ ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. આ પ્રસંગે અધ્યક્ષ તરીકે ડૉ. ભરતભાઈ

એ.પટેલ (મંત્રીશ્રી SVKM), મુખ્ય મહેમાન શ્રી એચ.એમ ભટ્ટસાહેબ (શાસનાધિકારી, ગાંધીનગર), તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ડૉ. અક્ષય વાળા અને શ્રી કવન ઠાકર તેમજ KSVનાં એજ્યુકેશન વિદ્યાશાખાનાં ડીન ડૉ. વીણાબેન પટેલની ઉપસ્થિતિ શાળા પરિવાર માટે પ્રોત્સાહક બની રહી હતી. આચાર્યશ્રી દશરથભાઈ પટેલે કાર્યક્રમના પ્રારંભમાં સૌનું સ્વાગત કરી શાળાનો પરિચય કરાવ્યો હતો.

• એસ. જી. અને એસ. વી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા. 2 માર્ચના રોજ વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભગવાન, ગરુ, માતા-પિતા, ભાઈ-બહેન વગેરે જીવનકાળ દરમિયાન સાચા મિત્ર બની પથદર્શક બનતા હોય છે તેનો વિદ્યાર્થીઓ મિત્રતાનો અર્થ સમજી પોતાના જીવનકાળ દરમિયાન સાચા મિત્રો દ્વારા પ્રગતિ કરે તે હેતુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અગ્રતા ક્રમ લાવનાર વિદ્યાર્થીઓ તેમજ અનેક પ્રવૃત્તિઓમાં સહભાગી થનાર વાલીશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, દાતાશ્રી વિષ્ણુભાઈ પટેલ (પ્રમુખશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર), કૃણાલ ગઢવી (સેક્શન ઑફિસર) અને ડૉ. મીત શાહ (ભૂતપૂર્વ વિદ્યાર્થી) આચાર્યશ્રી સલિના મૅડમના આમંત્રણને સ્વીકારીને મહેમાનપદે ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિજ્ઞાનમેળો

• બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી એસ.એમ. કે પ્રા.શાળા, ભાઉપુરા, કડીમાં બે દિવસીય વિજ્ઞાનમેળો યોજાઈ ગયો. જેમાં કુલ 210 બાળકો દ્વારા વિજ્ઞાનના સિદ્ધાંતો આધારિત કુલ 84 કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. શાળાનાં બાળકો તથા વાલીગણ મળી કુલ 900 ની જનસંખ્યાએ વિજ્ઞાનમેળો નિહાળ્યો હતો.

## વિધાનસભા મુલાકાત

•શ્રીમતી આર. એન. પટેલ પ્રાઇમરી સ્કૂલના ધોરણ-8ના 167 વિદ્યાર્થીઓ અને 4 શિક્ષકોએ 10 માર્ચના રોજ ચાલુ વિધાનસભા સત્રની મુલાકાત લઈ પ્રત્યક્ષ કાર્યવાહી નિહાળી હતી. શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરે 56 બાળકોને મુલાકાત આપી, જેમાં તેમણે ચારિત્ર્ય ઘડતર સાથે ઉચ્ચ શિક્ષણ દ્વારા સમાજસેવાને દેશ સેવા કરવાનું આહ્વાન કર્યું હતું.

## વિદાય સમારંભ

• શ્રી જે. બી. પટેલ પ્રાથમિક શાળાના ધોરણ-8 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તા. 10/3/23ના રોજ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને પોતાનું ભવિષ્ય સારું નીવડે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

• શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલમાં તા. 10/3/23ના રોજ ધોરણ-8ની વિદ્યાર્થિનીઓ માટે વિદાય શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થિનીઓએ શાળા જીવનના અનુભવો રજૂ કર્યાં હતા. સમૂહભાવના કેળવાય તે માટે ડાબલા ઉજાણી, ગરબા અને નૃત્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા શ્રી નીરુબેન પટેલે આશીર્વચન પાઠવ્યા હતા અને વિદ્યાર્થિનીઓને શુભેચ્છાના પ્રતીક તરીકે પેન વિતરણ કરવામાં આવી હતી.

• એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-8ના વિદ્યાર્થીઓ માટે વિદાય-શુભેચ્છા સમારોહનું આયોજન તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ શાળાનાં સંસ્મરણો તેમજ શિક્ષકો પ્રતિ પોતાના અહોભાવ રજૂ કરી ગુરુઋણ અદા કરી કૃતાર્થતા અનુભવી હતી.

## શિષ્યવૃત્તિ પરીક્ષા

• તા. 22/1/23ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા P.S.E. EXAM લેવામાં આવી હતી. જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળામાંથી ધોરણ-6ના 35 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપતાં 3 વિદ્યાર્થીઓ પટેલ દક્ષ પ્રદીપભાઈ (ધો.6/એ), ચૌધરી તન્મય સુધીરભાઈ (ધો.6/ડી) અને ગોસાઈ શ્લોકગીરી સુશીલગીરી (ધો.6/સી) સ્કૉલરશિપ મેળવવા પાત્ર થયા છે. અભિનંદન.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૩, અંક :૨, માર્ચ-એપ્રિલ, ૨૦૨૩, સળંગ અંક : ૭૪**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

## ગ્રંથ લોકાર્પણ સમારોહ પ્રસંગે ઉપસ્થિત શ્રોતાજનોનાં દૃશ્યો











**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly** News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
**Year 13, Issue No. 2 March-April 2023**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



BAPSના સદ્‌ગુરુ સંત પૂજ્ય ભક્તિપ્રિયદાસજીના સાંનિધ્યમાં 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડીના સદ્‌ગત પ્રમુખ ડૉ. રામભાઈ પટેલની સ્મૃતિમાં સંપાદિત–પ્રકાશિત ગ્રંથ **'વૈષ્ણવજન ડૉ. રામભાઈ પટેલ'** અને જીવનચરિત્ર ગ્રંથ, **'સમાજહિતૈષી ડૉ. રામભાઈ પટેલ'**ના લોકાર્પણ સમારોહ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો ડાબેથી સર્વશ્રી કાન્તિભાઈ પટેલ 'રામ', શ્રી નવનીતભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ, શ્રી મનુભાઈ પટેલ, શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી નીતિનભાઈ પટેલ, ડૉ. જિતેન્દ્રભાઈ પટેલ, પ્રો. વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી વી. પી. પટેલ, શ્રી પ્રદીપભાઈ પટેલ, ડૉ. જયંતીભાઈ પટેલ અને પ્રિ. ડાહ્યાભાઈ પટેલ રાષ્ટ્રગાનની મુદ્રામાં દશ્યમાન થાય છે.

